અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

25 MARCH-2026 WEDNESDAY

વર્ષ-15 । અંક-132 । વિક્રમ સંવત-2082 । ચૈત્ર સુદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

આર કે સ્ટુડિયો હાલ રિવાઈવ નહિ થાય : કરીના કપૂર



પેજ-09

જીતવા માટે વધુ પડતા કઠોર થવાની જરૂર નથી! ગંભીરને 'દાદા'ની ટકોર




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 25.00 |
| વડોદરા | 38.00 | 25.00 |
| સુરત | 36.00 | 25.00 |




પેજ 5

શ્રીલંકામાં પેટ્રોલના ભાવ વધીને રૂ. 398 અને ડીઝલના 382 પ્રતિ લિટર



પરમાણુ હથિયારો રાખવાનો અમારો નિર્ણય સાચો હતો

પેજ 10




**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74068.45 | ▲ | 1372.06 |
| નિફ્ટી | 22912.40 | ▲ | 399.75 |
| સોનું | 139680.00 | ▲ | 420.00 |
| ચાંદી | 223778.00 | ▼ | 1389.0 |

### પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વડાપ્રધાનનું મહત્વનું નિવેદન : ઊર્જા સુરક્ષા જાળવવા સરકાર હરકતમાં આવી છે : રિપોર્ટ- અમેરિકા સાથે વાતચીત કરવા ઈરાન તૈયાર

# યુદ્ધ વચ્ચે ટ્રમ્પે મોદીને ફોન કર્યો: હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે બંને સહમત



(એજન્સી) નવી દિલ્હી । તા. 24

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી. ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી હતી.તેમના કહેવા મુજબ, બંને નેતાઓએ મિડલ ઈસ્ટની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લું રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.બીજી બાજુ, અહેવાલો સૂચવે છે કે ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેની અમેરિકા સાથે વાતચીત માટે તૈયાર છે. ખામેની ઈરાનની શરતો પર શક્ય તેટલી વહેલી તકે યુદ્ધનો અંત લાવવા સંમત થયા છે.અલ અરેબિયાના એક અહેવાલ મુજબ, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ગુપ્ત રીતે અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફને જાણ કરી હતી કે સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ વાતચીત માટે પરવાનગી આપી છે.

#### ઈરાનના વલણમાં મોટો ફેરફાર: વાતચીત માટે તૈયાર

બીજી તરફ, પશ્ચિમ એશિયાના સંઘર્ષમાં મોટો વળાંક આવ્યો છે. અહેવાલો મુજબ, ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેની હવે અમેરિકા સાથે સીધી વાતચીત કરવા માટે તૈયાર થયા છે.

#### ગુપ્ત રાજદ્વારી હિલચાલ તેજ બની

'અલ અરેબિયા' ના અહેવાલ મુજબ, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ગુપ્ત રીતે અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફને જાણ કરી છે કે ઈરાનના સર્વોચ્ચ નેતૃત્વએ અમેરિકા સાથે વાટાઘાટો શરૂ કરવાની પરવાનગી આપી દીધી છે.

#### શાંતિ સ્થાપવામાં ભારતની મધ્યસ્થી?

પીએમ મોદીના ઈઝરાયેલ અને ઈરાન બંને સાથેના સારા સંબંધોને જોતા, ભારત આ વિવાદમાં મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવી શકે છે તેવી ચર્ચાઓ પણ તેજ બની છે. ભારત હંમેશા શાંતિ અને સંવાદનો પક્ષધર રહ્યું છે.

### આવનારા સમયમાં મોટું સંકટ આવી શકે એમ છે, દેશ તૈયાર રહે; શાંત મનથી આપણે દરેક પડકારો ઝીલવાના છે

# લોકસભા પછી રાજ્યસભામાં પણ મોદીની ચેતવણી



#### હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીયોની સુરક્ષા ચિંતાનો વિષય

હોર્મુઝ સ્ટ્રેટમાં આપણા અનેક જહાજો અને ભારતીય ક્રૂ મેમ્બરો ફસાયેલા છે, જે ભારત માટે મોટી ચિંતાનો વિષય છે. યુદ્ધને કારણે વેપારી માર્ગો પ્રભાવિત થયા છે, જેનાથી ગેસ, તેલ અને ખાતર જેવી આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા સાંકળ પર સીધી અસર પડી રહી છે.

#### પીએમ મોદીના સંબોધનની ૮ મોટી વાતો

- વૈશ્વિક ઊર્જા સંકટ
- હોર્મુઝ સ્ટ્રેટ સંકટ
- શાંતિ અને સંવાદ
- આંતરરાષ્ટ્રીય સંપર્ક
- પુરવઠો જાળવવા સક્રિયતા
- ભારતીયોની સુરક્ષા
- આર્થિક અસરોની ભીતિ
- ટીમ ઈન્ડિયાનો અભિગમ

#### અર્થતંત્ર પર સંકટના વાદળો

સરકાર અત્યારે પુરવઠો જાળવી રાખવા માટે તમામ પ્રયાસો કરી રહી છે, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં થતા ઉતાર-ચઢાવ ભારતીય અર્થતંત્ર માટે પડકારરૂપ છે. વડાપ્રધાને દેશને આશ્વાસન આપ્યું છે કે સરકાર દરેક સ્થિતિ પર નજર રાખી રહી છે અને ભારતીયોના હિતોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. આગામી દિવસોમાં જો યુદ્ધ વધુ ભીષણ બનશે તો દેશના આર્થિક માળખામાં કેટલાક મહત્વના ફેરફારો જોવા મળી શકે છે.

#### ઊર્જા આયાતના સ્ત્રોતોમાં મોટો વધારો

ભારતે પોતાની ઊર્જા જરૂરિયાતો સંતોષવા માટે વ્યૂહાત્મક ફેરફારો કર્યા છે. પીએમ મોદીએ જણાવ્યું કે અગાઉ ભારત માત્ર ૨૭ દેશોમાંથી ઊર્જા આયાત કરતું હતું, જે આંકડો હવે વધારીને ૪૧ દેશો સુધી પહોંચાડવામાં આવ્યો છે. આ પગલાથી પુરવઠામાં લવચીકતા આવી છે.

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાજ્યસભામાં પશ્ચિમ એશિયાની સ્થિતિ પર 21 મિનિટ સુધી વાત કરી. તેમણે કહ્યું કે જો અમેરિકા-ઈઝરાયલનું ઈરાન સાથે યુદ્ધ ચાલુ રહેશે તો તેના ગંભીર પરિણામો આવશે. આવનારો સમય દેશની સૌથી મોટી કસોટી લેવાનો છે. આમાં રાજ્યોનો સહયોગ જરૂરી છે. ટીમ ઈન્ડિયાની જેમ કામ કરવું પડશે.તેમણે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાં આપણા જહાજો અને ભારતીય ક્રૂ ફસાયેલા છે. આ ચિંતાજનક છે. આપણા વેપારના માર્ગો પ્રભાવિત થઈ રહ્યા છે. ગેસ-તેલ, ખાતરો જેવી આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા પર અસર પડી છે.એક દિવસ પહેલા પીએમએ લોકસભામાં 25 મિનિટનું ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે આ યુદ્ધને કારણે દુનિયામાં જે મુશ્કેલ પરિસ્થિતિઓ સર્જાઈ છે, તેની અસર લાંબા સમય સુધી રહેવાની શક્યતા છે. તેથી આપણે તૈયાર રહેવું પડશે. આપણે કોરોનાના સમયમાં પણ એકતાથી આવા પડકારોનો સામનો કરી ચૂક્યા છીએ. ઊર્જા પુરવઠો જાળવી રાખવા સરકાર સક્રિય - ભારત હવે 41 દેશોમાંથી ઊર્જા આયાત કરી રહ્યું છે. સરકાર સતત પુરવઠો જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે.ભારતે આયાતના સ્ત્રોત વધાર્યા - પહેલા ભારત 27 દેશોમાંથી ઊર્જા લેતું હતું, હવે 41 દેશોમાંથી લઈ રહ્યું છે.

# દિલ્હી માટે 1,03,700 કરોડ રૂપિયાનું બજેટ રજૂ

### 10માં ધોરણના મેરિટમાં આવનારા વિદ્યાર્થીઓને લેપટોપ મળશે, PWD માટે 5,921 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ મંગળવારે વિધાનસભામાં નાણાકીય વર્ષ 2026-27નું બજેટ રજૂ કર્યું. આ વખતે સરકારે 1 લાખ 3 હજાર 700 કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે. મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આ બજેટને લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને 'ગ્રીન બજેટ' તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ અંતર્ગત કુલ બજેટનો 21 ટકા હિસ્સો પર્યાવરણ માટે ફાળવવામાં આવ્યો છે.બજેટમાં શિક્ષણ માટે 19 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નવી યોજના હેઠળ 10માં ધોરણમાં મેરિટમાં આવનાર તમામ વિદ્યાર્થીઓને લેપટોપ આપવામાં આવશે.



#### PWD માટે 5,921 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા

આ સાથે શહેરી વિકાસ માટે 7,887 કરોડ, યમુનાપાર માટે 300 કરોડ, ઝૂંપડપટ્ટી વિકાસ માટે 800 કરોડ, ગ્રામીણ વિકાસ માટે 787 કરોડ અને વિકાસ વિભાગ માટે 914 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

### લોકસભા બેઠકો વધીને 816 થશે, મહિલા સાંસદોની સંખ્યા 273 સુધી પહોંચશે

# 2029ની ચૂંટણી પહેલાં 33% મહિલા અનામત લાગુ પડશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 24

કેન્દ્ર સરકાર 2029ની લોકસભા ચૂંટણી પહેલા મહિલાઓ માટે 33% અનામત લાગુ કરવાની તૈયારીમાં છે. આ માટે સંસદના વર્તમાન સત્રમાં બે બિલ લાવી શકાય છે.આના દ્વારા મહિલા અનામત લાગુ કરવાની વર્તમાન શરતમાં ફેરફાર કરવામાં આવશે. આનાથી લોકસભામાં સભ્યોની સંખ્યા 543થી વધીને 816 થઈ શકે છે. જેમાં મહિલા સાંસદો માટે અનામત બેઠકોની સંખ્યા 273 થઈ જશે.ગૃહમંત્રી અમિત શાહે આના પર સહમતિ બનાવવા માટે સોમવારે NDA અને બિન-કોંગ્રેસી વિપક્ષી દળોના નેતાઓ સાથે બેઠક કરી. સહમતિ બનતા બિલ આ જ અઠવાડિયે રજૂ કરી શકાય છે.

#### નવી વસ્તી ગણતરીની રાહ જોયા વિના અમલીકરણ


વર્ષ ૨૦૨૩ માં પસાર થયેલા ૧૦૬મા બંધારણીય સુધારા (નારી શક્તિ વંદન અધિનિયમ) મુજબ, મહિલા અનામત નવી વસ્તી ગણતરી અને તે પછીના સીમાંકન બાદ જ લાગુ થવાનું હતું. જોકે, હવે સરકારનો પ્રસ્તાવ છે કે નવી વસ્તી ગણતરીની લાંબી પ્રક્રિયાની રાહ જોવાને બદલે ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓને આધારે જ સીમાંકન કરવામાં આવે. આ ફેરફારથી નિર્ધારિત સમય મર્યાદામાં અનામત પ્રક્રિયા પૂર્ણ કરી શકાશે અને ૨૦૨૯ની ચૂંટણીમાં મહિલાઓને તેનો સીધો લાભ મળશે.

### ભાગવતે કહ્યું - ધર્મ પરિવર્તન અને ઘૂસણખોરી રોકવી પડશે, સંતોને પગે લાગીને આશીર્વાદ લીધા

# RSS ચીફ વૃંદાવનની મુલાકાતે, જીવનદીપ આશ્રમનું લોકાર્પણ કર્યું

(એજન્સી) મથુરા । તા. 24

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના સરસંઘચાલક મોહન ભાગવત મંગળવારે વૃંદાવન પહોંચ્યા. અહીં તેમણે સંત મહામંડલેશ્વર યતીન્દ્રાનંદ ગિરીના નવનિર્મિત આશ્રમ જીવનદીપનું લોકાર્પણ કર્યું.મંગળવારે RSS વડા મોહન ભાગવતે વૃંદાવનમાં આશ્રમના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લીધો. તેમણે સંતોના ચરણ સ્પર્શ કર્યા અને તેમના આશીર્વાદ લીધા. ધર્મપરિવર્તન અંગે RSS વડાએ કહ્યું કે જે લોકો પહેલા હિન્દુ હતા પરંતુ હવે અન્ય સંપ્રદાયોમાં ચાલ્યા ગયા છે તેમને પાછા લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.



#### રુક્મણી બિહારમાં 24 રૂમનો આશ્રમ બન્યો છે

સંત દીક્ષા લેતા પહેલા મહામંડલેશ્વર યતીન્દ્રાનંદ ગિરી RSSના પ્રચારક રહ્યા છે. તેમણે વૃંદાવનના રુક્મણી બિહાર વિસ્તારમાં 24 રૂમવાળો આશ્રમ બનાવ્યો છે. આ આશ્રમમાં આધ્યાત્મિક અને વૈદિક શિક્ષણ આપવામાં આવશે. આ જીવનદીપ આશ્રમ તેમનો પાંચમો આશ્રમ છે.

# કેજરીવાલે કહ્યું- મોદી વડાપ્રધાન તરીકે 2026 પૂરું નહીં કરી શકે

### મોદી અને શાહનું સામ્રાજ્ય ખતમ થવાનું છે, લોકપ્રિયતા પાતાળલોકમાં પહોંચી

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

દિલ્હીના પૂર્વ સીએમ અને AAPના પ્રમુખ અરવિંદ કેજરીવાલે સોમવારે કહ્યું કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે 2026 પૂરું નહીં કરી શકે. મારું હૃદય અને રાજકીય સમજ કહે છે કે મોદી અને અમિત શાહ જઈ રહ્યા છે. કેજરીવાલે કહ્યું કે મોદીજીની લોકપ્રિયતા આજે પાતાળ લોક પહોંચી ગઈ છે. તેમનું સામ્રાજ્ય જવાનું છે.કેજરીવાલે આ વાત શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતની પુસ્તક લોન્ચ દરમિયાન દિલ્હીમાં કહી. આ દરમિયાન દિગ્વિજય સિંહ, કપિલ સિબ્બલ અને સંજય સિંહ સહિત ઘણા વિપક્ષી નેતાઓ હાજર હતા. તેમણે કહ્યું કે પહેલા જ્યારે મોદીજી વિરુદ્ધ કોઈ મીમ બનાવતું હતું તો તેને જેલ થઈ જતી હતી.



#### કેજરીવાલે કહ્યું- હવે મોદીને કોમેન્ટ્સમાં માત્ર ગાળો જ મળે છે

કેજરીવાલે કહ્યું કે એક સમય એવો હતો જ્યારે એક પણ નકારાત્મક ટિપ્પણી આવતી હતી ત્યારે તેમની આખી મશીનરી મળીને તેને ડિલીટ કે મ્યૂટ કરી દેતી હતી. પરંતુ હવે તો મોદીજી એક પોસ્ટ કરે છે તો નીચે (કમેન્ટ બોક્સ)માં માત્ર ગાળો જ મળે છે.

#### બેઈમાનીથી ચૂંટણી જીતવાનો આરોપ લગાવ્યો

ભાજપના ચૂંટણી જીતવા પર કેજરીવાલે કહ્યું કે ચૂંટણી બેઈમાનીથી જીતી રહ્યા છે. તેનું સૌથી મોટું જીવંત ઉદાહરણ હું છું. હું નવી દિલ્હી વિધાનસભામાંથી ચૂંટણી લડ્યો. મારા જેલમાં જતા પહેલા મારી વિધાનસભામાં જ્યારે હું છેલ્લી વાર લડ્યો હતો ત્યારે 1 લાખ 48 હજાર મત હતા. જ્યારે હું જેલમાંથી પાછો ફર્યો ત્યારે 1 લાખ 6 હજાર મત બચ્યા હતા. 42 હજાર મત તેમણે પાછળથી કપાવી દીધા.તેમણે આગળ કહ્યું કે આ લોકો આ જ રીતે જીતી રહ્યા છે. મત ઉમેરે છે, ડિલીટ કરાવે છે અને નકલી મત નાખાવે છે.

## તમિલનાડુના પ્રી-પોલ સર્વેમાં સ્ટાલિન સરકારની વાપસી

TVK ચીફ વિજય પોતાની બેઠક પણ હારી શકે છે; આસામમાં આજથી ભાજપનું ચૂંટણી અભિયાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીને લઈને અગ્નિ ન્યૂઝ સર્વિસ (ANS) એ સોમવારે પ્રી-પોલ સર્વે જાહેર કર્યો. તેમાં ફરીથી DMK સરકાર બનવાનો દાવો કરવામાં આવ્યો છે. સર્વે અનુસાર, DMK ગઠબંધન 44.9% વોટ શેર સાથે 234માંથી 180 બેઠકો જીતી શકે છે.વિપક્ષી AIADMK ગઠબંધનને 54 બેઠકો મળવાનો અંદાજ છે. તેનો વોટ શેર લગભગ 38.5% જણાવવામાં આવ્યો છે. તમિલગા વેત્રી કઝગમ (TVK) ને 9.7% વોટ શેર મળી શકે છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે TVK ચીફ પેરમ્બુર બેઠક પરથી ચૂંટણી હારી શકે છે.વર્તમાન મુખ્યમંત્રી એમકે સ્ટાલિનનો મુખ્યમંત્રી પદ માટે સૌથી વધુ પ્રભાવ છે. સર્વેમાં સામેલ 60%થી વધુ મહિલાઓ 5000 સહાય યોજનાને કારણે DMKને સમર્થન આપી શકે છે.

# ધર્મ બદલતાં જ અનુસૂચિત જાતિનો દરજ્જો ખતમ! : સુપ્રીમનો નિર્ણય

### માત્ર હિન્દુ-બૌદ્ધ-શીખ જ SC કેટેગરીમાં ગણાશે, મુસ્લિમ કે ખ્રિસ્તી બનો તો આ દરજ્જો ખતમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે ફક્ત હિન્દુ, શીખ અને બૌદ્ધ ધર્મ સાથે સંકળાયેલા લોકો જ અનુસૂચિત જાતિનો દરજ્જો મેળવી શકે છે. જો કોઈ મુસ્લિમ, ખ્રિસ્તી કે અન્ય કોઈ ધર્મમાં પરિવર્તન કરે છે, તો તે અનુસૂચિત જાતિનો દરજ્જો ગુમાવી દેશે. ટૂંકમાં ધર્મ બદલતાં જ SC (શિડ્યુલ કાસ્ટ)નો દરજ્જો ખતમ થઈ ગયો ગણાશે.

જસ્ટિસ પીકે મિશ્રા અને જસ્ટિસ મનમોહનની બેન્ચે ચુકાદો આપતા કહ્યું કે ખ્રિસ્તી ધર્મ અપનાવનાર દલિત વ્યક્તિ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ મળતા કોઈપણ લાભનો દાવો કરી શકતો નથી.આ ચુકાદો આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના મે 2025ના ચુકાદા વિરુદ્ધ સંભળાવવામાં આવ્યો હતો.



#### અમાનતનો લાભ લેવા માટે ધર્મ બદલવો, બંધારણ સાથે છેતરપિંડી

થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટે એક કેસમાં સ્પષ્ટ કર્યું હતું કે જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યા પછી ફરીથી હિન્દુ ધર્મમાં પાછો ફરે છે, તો તેને SC દરજ્જો મેળવવા માટે વિશ્વસનીય પુરાવા અને સમુદાયની સ્વીકૃતિની જરૂર પડશે. માત્ર લાભ મેળવવાના ઉદ્દેશ્યથી ધર્મ પરિવર્તન કરવાને સુપ્રીમ કોર્ટે બંધારણ સાથે છેતરપિંડી ગણાવી હતી.

#### આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે શું કહ્યું હતું...

જ્યારે પીડિતે પોતે કહ્યું કે તે છેલ્લા 10 વર્ષથી ખ્રિસ્તી ધર્મનું પાલન કરી રહ્યો છે, ત્યારે પોલીસે આરોપીઓ પર SC/ST અધિનિયમ લગાવવો જોઈતો ન હતો.SC/ST અધિનિયમનો ઉદ્દેશ્ય તે સમુદાયો (અનુસૂચિત જાતિઓ) સાથે જોડાયેલા લોકોનું રક્ષણ કરવાનો છે, ન કે તે લોકોનું જેઓ અન્ય ધર્મોમાં પરિવર્તિત થઈ ગયા છે.ફક્ત આ આધારે SC/ST અધિનિયમ લાગુ કરવો કે તેનું જાતિ પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યું નથી, તે કાયદેસરનો આધાર હોઈ શકે નહીં. ધર્મ પરિવર્તન પછી પાદરી બનેલા ચિન્થદા આનંદે અરજી કરી હતી કે તેમને અક્કાલા રામિરેડ્ડી સહિત કેટલાક લોકો તરફથી જાતિગત ભેદભાવ અને દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો.

### 1 એપ્રિલથી કેન્સલેશનના નિયમમાં ફેરફાર, બોર્ડિંગ સ્ટેશન ચેન્જ કરવાનો નિયમ પણ બદલાશે

# ટ્રેનની-ટિકિટ 8 કલાક પહેલાં રદ કરાવશો તો જ રિફંડ મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ભારતીય રેલવેએ ટિકિટ રદ કરવાના નિયમો બદલી નાખ્યા છે. હવે જો કોઈ મુસાફર ટ્રેનના સમયથી 8 કલાકથી ઓછા સમય પહેલા ટિકિટ રદ કરે છે, તો તેને કોઈ પૈસા પાછા મળશે નહીં. એટલે કે, જો તમારી ટ્રેન સાંજે 6 વાગ્યે છે, તો તમારે સવારે 10 વાગ્યા પહેલા ટિકિટ રદ કરવી પડશે, તો જ રિફંડ મળશે.પહેલા આ સમય 4 કલાકનો હતો અને ત્યારે 50% રિફંડ મળતું હતું. હવે સમય વધારીને 8 કલાક કરવામાં આવ્યો છે, પરંતુ 24 થી 8 કલાકની વચ્ચે રદ કરવા પર હજુ પણ 50% પૈસા જ પાછા મળશે. આ ઉપરાંત, હવે મુસાફરો ટ્રેન છૂટવાના 30 મિનિટ પહેલા સુધી પોતાનું બોર્ડિંગ સ્ટેશન પણ બદલી શકે છે.



#### હવે ચાર્ટ બન્યા પછી પણ સ્ટેશન બદલી શકાશે

રેલ મંત્રાલયે બોર્ડિંગ સ્ટેશન બદલવાની સમયમર્યાદા વધારી દીધી છે. હવે મુસાફરો ટ્રેનના શેડ્યૂલ ડિપાર્ચર ટાઈમથી 30 મિનિટ પહેલા સુધી પોતાનો બોર્ડિંગ પોઈન્ટ બદલી શકશે. અત્યાર સુધી આ સુવિધા ફક્ત ચાર્ટ તૈયાર થાય તે પહેલાં સુધી જ મળતી હતી.

#### ટિકિટોની કાળાબજારી રોકવા માટે નિર્ણય

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દલાલોની પેટર્નને જોતા આ બદલાવ કરવામાં આવ્યો છે. દલાલો અવારનવાર વધારાની ટિકિટ બુક કરી લેતા હતા અને ગ્રાહક ન મળવા પર ટ્રેન છૂટવાના બરાબર પહેલા કેન્સલ કરીને રિફંડ લઈ લેતા હતા.રિફંડના નિયમોને કડક કરવાથી દલાલો દ્વારા ટિકિટોની 'કોર્નરિંગ' (ટિકિટ દબાવી રાખવી) ઓછી થશે અને સામાન્ય યાત્રીઓને કન્ફર્મ ટિકિટ મળવાની સંભાવના વધશે.રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્રેન ટિકિટ કેન્સલેશન અને બોર્ડિંગ સંબંધિત રેલવેના નવા નિયમો વિશે માહિતી આપી.

## દેશમાં પહેલી વખત ઈચ્છામૃત્યુ મેળવનાર હરીશ રાણાએ લીધા અંતિમ શ્વાસ

13 વર્ષથી કોમામાં હતા, સુપ્રીમ કોર્ટે 13 દિવસ પહેલા આપી હતી મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

હરીશ રાણાએ મંગળવારે દિલ્હી AIIMSમાં અંતિમ શ્વાસ લીધા. PTIએ સૂત્રોને ટાંકીને તેની પુષ્ટિ કરી છે. 31 વર્ષના હરીશ 13 વર્ષથી કોમામાં હતા. સુપ્રીમ કોર્ટે 11 માર્ચે ઈચ્છામૃત્યુની મંજૂરી આપી હતી.આ દેશનો પહેલો કિસ્સો છે, જેમાં કોઈને ઈચ્છામૃત્યુ આપવામાં આવ્યું છે. 14 માર્ચે હરીશને દિલ્હી AIIMSમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. AIIMS પ્રશાસને 16 માર્ચે હરીશ રાણાની ફીડિંગ ટ્યુબ હટાવી દીધી હતી.AIIMSમાં હરીશને પેસિવ યુથેનેશિયા આપવામાં આવ્યું. એનો અર્થ એ થાય છે કે કોઈ ગંભીર રીતે બીમાર દર્દીને જીવતો રાખવા માટે જે બાહ્ય લાઈફ સપોર્ટ કે સારવાર આપવામાં આવી રહી છે.

## લિવ ઈનનો કાયદો મહિલા માટે જોખમી, સંવિધાન મુજબ નથી

# અમદાવાદમાં UCC બિલનો વિરોધ : મહિલાઓએ કહ્યું-મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરવામાં આવ્યો...

અમદાવાદ । આજે ગુજરાત વિધાનસભામાં UCC (યુનિફોર્મ સિવિલ કોડ) બિલ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા રજૂ કરવામાં આવનાર છે. ત્યારે આ બિલ રજૂ થવાના ગણતરીના કલાકો પહેલા અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં SDPI પાર્ટી દ્વારા UCC બિલનો વિરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની પરવાનગી લીધા વિના વિરોધ પ્રદર્શન કરવામાં આવતા કારંજ પોલીસ દ્વારા વિરોધ કરનારા કાર્યકર્તાઓની અટકાયત કરી લેવામાં આવી હતી. વિરોધ પ્રદર્શન કરનારા કાર્યકર્તાઓએ કહ્યું હતું કે, આ ગેર સંવિધાનિક છે અને સરકારનું કામ સેવા કરવાનું છે, પરંતુ આ બિલ જબરજસ્તી તેઓ દ્વારા નાખવામાં આવ્યું છે. વિરોધ કરનારા મહિલાઓએ પણ જણાવ્યું હતું કે, આ જે બિલ લાગુ કરવામાં આવી રહ્યું છે તે ગેર સંવિધાનિક છે. સંવિધાન મુજબ બિલ બનાવવું જોઈએ.

UCC બિલથી દરેક નાગરિકને એક જ પ્લેટફોર્મ પર લાવવામાં આવી રહ્યા છે, જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. મહિલાને આનાથી કોઈ ફાયદો નથી. ફ્રેન્ડશીપમાં જે લાગુ કરવામાં આવી રહ્યું છે તે મહિલા માટે સારું નથી. બીજાના છોકરાને લઈને આવે તેને સમાન હક આપવાની વાત છે. સંવિધાન મુજબ બિલ હોવું જરૂરી છે. આ બિલ એકદમ ગેરકાનૂની છે અને મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. સરકાર આમાં તાનાશાહી કરી રહી છે.

UCCનો અર્થ છે કે, ભારતના તમામ નાગરિકો માટે, પછી ભલે તે ગમે તે ધર્મ, જાતિ કે લિંગના હોય, તેમના વ્યક્તિગત બાબતો (Personal Laws) માટે એક સમાન કાયદો હોવો જોઈએ.

અત્યારે ભારતમાં લગ્ન, છૂટાછેડા, દત્તક લેવા અને વારસા જેવા વિષયોમાં અલગ-અલગ ધર્મો માટે અલગ કાયદા છે (જેમ કે હિન્દુ પર્સનલ લો, મુસ્લિમ પર્સનલ લો વગેરે). UCC આ તમામની જગ્યાએ એક સામાન્ય કાયદો લાવવાની વાત કરે છે.






### મુખ્ય પાસાઓ

લગ્ન અને છૂટાછેડા: તમામ ધર્મોમાં લગ્ન માટેની ઉંમર અને છૂટાછેડાની પ્રક્રિયા એક સમાન કરવી.

વારસો અને મિલકત: પુત્રીઓ અને પત્નીઓને મિલકતમાં સમાન અધિકાર મળે તેની ખાતરી કરવી.

દત્તક લેવાની પ્રક્રિયા: દત્તક લેવા સંબંધિત નિયમો દરેક માટે એક સરખા કરવા.

બહુપત્નીત્વ (Polygamy): બહુપત્નીત્વ પ્રથા પર પ્રતિબંધ મૂકવો.

## બાપ-બેટાની રાજનીતિનો અંત, AAPએ સામાન્ય લોકોને આપી ઉમેદવારી : ઈસુદાન ગઢવી

અમદાવાદ/સુરત/રાજકોટ/વડોદરા/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે, સામાન્ય લોકો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે અને આજે એક નવી રાજનીતિની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે, અમે સ્વપ્ન જોયું હતું કે બહુ થયું બાપ-બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે અને એ અમારું સૌભાગ્ય છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. પ્રથમ લિસ્ટમાં 460થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે, જેને લઈને મને ખૂબ આનંદ થાય છે. AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને ક્યારેય તક મળતી નહોતી. અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી. હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે. આમ લોકો માટે, આમ જનતા માટે, આમ આદમી માટે ગુજરાતમાં એક નવો સૂર્યોદય થયો છે. 460થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે. હું તમામ 460થી વધુ ઉમેદવારોને હાર્દિક અભિનંદન પાઠવું છું. આ નવી રાજનીતિને ગુજરાતની જનતા જાતિ-ધર્મથી ઉપર ઉઠીને સ્વીકારશે એવી હું આશા અને પ્રાર્થના કરું છું.



# News Brief

## સુરતમાં AAP નેતાઓની અટકાયત મુદ્દે પ્રવીણ રામનો સરકાર પર પ્રહાર

અમદાવાદ : સુરતમાં આમ આદમી પાર્ટીના નેતાઓની અટકાયત કરવામાં આવી છે. તે મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે કાલે શહીદ ભગતસિંહના શહાદત દિવસ નિમિત્તે આમ આદમી પાર્ટીના યુથ વિભાગ દ્વારા અને બ્રિજરાજભાઈ સોલંકીની આગેવાનીમાં સુરતમાં વારંવાર પકડાતા ડ્રગ્સના વિરોધમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના યુવાનોને બચાવવા માટે આમ આદમી પાર્ટીની આ એક પહેલ હતી. પરંતુ સરકારે હકીકતમાં ડ્રગ્સ માફિયાઓને પકડવાના બદલે ડ્રગ્સના વિરોધમાં અવાજ ઉઠાવતા લોકો સામે કાર્યવાહી કરી છે. ગુજરાત પોલીસ દ્વારા બ્રિજરાજભાઈ સોલંકી અને અન્ય 36 જેટલા આમ આદમી પાર્ટીના યુવાનોની અટકાયત કરવામાં આવી છે. અટકાયત બાદ સામાન્ય રીતે થોડા કલાકોમાં છૂટા કરી દેવાની પ્રક્રિયા હોવા છતાં 36 કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં તેમને હજુ છોડવામાં આવ્યા નથી. આથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત સરકારને ડ્રગ્સ માફિયાઓને પકડવામાં રસ નથી, પરંતુ ડ્રગ્સના વિરોધમાં અવાજ ઉઠાવતા લોકોને દબાવવામાં રસ છે. દારૂ વેચનારા સામે કાર્યવાહી કરવામાં રસ નથી, પરંતુ દારૂબંધી અંગે પ્રશ્ન ઉઠાવનારાઓ સામે કેસ કરવામાં આવે છે. અમારી માંગ છે કે બ્રિજરાજભાઈ સોલંકી અને અન્ય તમામ નેતાઓને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. નહીં તો આવનારા દિવસોમાં આ મુદ્દે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



## ઘઉં જેવી ખેતી રસ્તાની સમસ્યાના કારણે ઘટી રહી છે : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ : ગાંધીનગરમાં મીડિયાને સંબોધન કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આજે 24 માર્ચ 2026ના વિધાનસભા સત્રનો મહત્વનો દિવસ હતો. આજે મેં તારાંકિત પ્રશ્નના સ્વરૂપમાં વિધાનસભાના માધ્યમથી મંત્રીને એક મહત્વનો મુદ્દો પૂછ્યો હતો. ગુજરાતભરના ગામડાઓમાં ખેતર સુધી જવાના રસ્તાઓ અંગેના વિવાદો સતત વધી રહ્યા છે. ભાઈઓ વચ્ચે ભાગબટાવો થાય, જમીન સંપાદન થાય અથવા કેટલાક લોકો દાદાગીરી કરે તેના કારણે અનેક ખેડૂતોને પોતાના ખેતર સુધી જવાનો રસ્તો મળતો નથી. પરિણામે ઘણા ખેડૂતોના ખેતરો બિનખેતી રહે છે અથવા ડરતા ડરતા ખેતી કરવી પડે છે. કચેરીઓના ધક્કા ખાવા પડે છે, કાગળ ઉપર કાગળ અને તારીખ ઉપર તારીખ મળતી રહે છે, જેના કારણે ખેતી કરવી મુશ્કેલ બની રહી છે. ઘણા ગામડાઓમાં અમુક પાકની ખેતી બંધ થવાની સ્થિતિ આવી ગઈ છે. ઉદાહરણ તરીકે, ઘઉંની ખેતીમાં ઘટાડો થયો છે, કારણ કે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે અથવા દબાણ થઈ ગયું છે. જ્યારે ઘઉં પાકે છે ત્યારે બહારથી આવતા મશીનો ખેતર સુધી પહોંચી શકતા નથી, જેના કારણે ખેડૂતો ઘઉંની ખેતી ટાળી રહ્યા છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે હજારો ખેડૂતો રસ્તાની અને પાણીના વહેણની સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. મામલતદાર કચેરીમાં અરજી કરવા છતાં યોગ્ય નિરાકરણ મળતું નથી. અરજી, એફિડેવિટ અને કાર્યવાહીનો ભાર વધતો જાય છે, પરંતુ ખેડૂતને ખેતર સુધી પહોંચવાનો રસ્તો મળતો નથી.

## અમદાવાદના દસક્રોઈમાં ચાવલજ ગામના ખેતરમાં SMCની રેડ : ત્રણની ધરપકડ

અમદાવાદ : ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે ફરી એકવાર અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે દસક્રોઈ તાલુકાના ચાવલજ ગામના એક ખેતરમાં દરોડો પાડીને લાખોની કિંમતનો વિદેશી દારૂ અને વાહનો સહિત કુલ 1,35,57,660 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. SMCની આ ઓચિંતી રેડને પગલે સ્થાનિક પોલીસ અને બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી અનુસાર, બાતમીના આધારે SMCએ ચાવલજ ગામના ખેતરમાં દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 25,793 બોટલો મળી આવી હતી. આ દારૂનો જથ્થો ખાસ કરીને ચંડીગઢ અને પંજાબમાં નિર્મિત હોવાનું બહાર આવ્યું છે, જેની બજાર કિંમત આશરે 92,90,900 રૂપિયા જેટલી થાય છે. દારૂના જથ્થા ઉપરાંત પોલીસે હેરાફેરીમાં વપરાતા 6 વાહનો, 4 મોબાઈલ ફોન અને રોકડ રકમ પણ કબજે લીધી છે. આ રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી ગાંધીનગરના ભીયારામ ચૌધરી, મહેમદાવાદના આનંદ શાહ અને ચાવલજના દિનેશ ઝાલાની ધરપકડ કરી છે. જોકે, આ સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને રાજસ્થાનનો મુખ્ય સપ્લાયર હરીશ જાટ હજુ પોલીસ પકડથી દૂર છે. આ ઉપરાંત દારૂ મંગાવનાર કનવારારામ ચૌધરી, કાનારામ ચૌધરી તેમજ ટ્રકચાલક અને માલિક સહિત અન્ય 9 શખસો ફરાર થઈ ગયા છે, જેમને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રગતિમાન કર્યા છે. આટલી મોટી માત્રામાં દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો હોવા છતાં સ્થાનિક પોલીસને કેમ ગંધ ન આવી તે એક મોટો સવાલ છે.

## અરવલ્લી પોલીસ સામે આરોપીઓનો ટોર્ચર ગંભીર આક્ષેપ :21 વર્ષીય યુવક દારૂના નશામાં મળ્યો...

અમદાવાદ | અરવલ્લીના મેઘરજ પોલીસ મથકે ગત ફેબ્રુઆરી મહિનામાં આરોપી ધર્મેશ પટેલ અને વિનોદ પારગી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેઓએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. આરોપી ઉપર આક્ષેપ છે કે આરોપીઓએ પોતાના ખેતરમાં પાકને પશુઓથી બચાવવા માટે ખેતર ફરતે કરેલી લોખંડની ફેન્સિંગમાં વીજ કરંટ ચાલુ રાખતા, તેમાં 21 વર્ષીય યુવક કિરણને કરંટ લાગતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

આરોપીના વકીલે જણાવ્યું હતું કે, અરવલ્લી પોલીસે મૃતક કિરણને નશાની હાલતમાં ઝડપી પાડ્યો હતો. તેને પોલીસ ચોકી લઈ જવાયો હતો. આરોપીનો ગુનો જામીન પાત્ર હોવાથી તેને પોતાના ઘરેથી જામીન માટે લોકોને બોલાવ્યા હતા. પરંતુ આ દરમિયાન પોલીસના જણાવ્યા મુજબ આરોપી કુદરતી ક્રિયા કરવાનું કહીને પોલીસ ચોકીથી ભાગી છૂટ્યો હતો. ત્યાંથી 7 કિલોમીટર દૂર આવેલા ખેતરના ફેન્સિંગમાં કરંટ લાગવાથી, તેનું મૃત્યુ થયું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.

આરોપીઓનું કહેવું હતું કે કોઈ વાડ કે ફેન્સિંગ તેઓએ કરી નથી કે તેમાં કોઈ કરંટ પસાર કર્યો નથી. ખેતરની બાજુની ખુલ્લી જમીનમાં લાશ મળી આવ્યું હોવાની જાણ થવાથી તેમને પોલીસે જવાબ નોંધવા બોલાવ્યા હતા અને આરોપી બનાવી દીધા હતા. વળી મૃતકના શરીર ઉપર માર મારવાના નિશાન દેખાઈ રહ્યા છે.

હાઈકોર્ટે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, આરોપીને પકડિને ફક્ત દોઢ કલાકમાં તેને કેવી રીતે છોડી દેવામાં આવ્યો? વળી જો તે પોલીસને થાપ આપીને ભાગવાની કોશિશ કરી હોય તો ચિક્કાર નશામાં રહેલા માણસને પોલીસ 7 કિલોમીટર સુધી કેવી રીતે ન પકડી શકી?

## બોગસ પ્રમાણપત્રથી લાભ લેનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે: ચૈતર વસાવા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિધાનસભા ખાતે મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર બિનઆદિવાસી લોકોને બોગસ રીતે બનાવીને આપવામાં આવ્યા છે જેનો ઉપયોગ કરીને એ બોગસ આદિવાસીઓ શિક્ષણમાં, નોકરીમાં અને કેટલાક તો રાજકીય રીતે પણ લાભ લઇ રહ્યા છે, તો આ મુદ્દો અમે વિધાનસભામાં દાખલ કર્યો અને એની ચર્ચા થઈ. ગુજરાત સરકારની કાર્ય સમિતિના અહેવાલ મુજબ ગીર બરડા આલેછના નેસમાં રહેતા 21913 જેટલા રબારી ભરવાડ ચારણને વિશ્લેષણ સમિતિ દ્વારા માન્યતા આપ્યા બાદ તેમને એસટીના લાભ મળવા પાત્ર છે,તે સિવાય બાકીના 56000 બોગસ એસટીના જાતિના પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા આરબીસીને આપવામાં આવ્યા છે તે તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે તેની અમે માંગ કરી છે. રદ કરવાની સાથે સાથે એ લોકો જે પણ લાભો લઈ રહ્યા છે એ લાભો પણ પરત લેવામાં આવે અને તેમના પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેની અમે રજૂઆત કરી છે. ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, સાથે સાથે ગીર બરડા આલેછના નેસમાં રહેતા હોય એ સિવાયના રબારી ચારણ ભરવાડ કે બીજા કાસ્ટના લોકો પણ તેમનો સમાવેશ અનુસૂચિત જનજાતિની યાદીમાં થઈ ગયો છે એમને દૂર કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ત્રણ વર્ષ પહેલાં દરખાસ્ત મોકલી હતી પણ દરખાસ્તને આજ સુધી મંજૂરી મળી નથી. અમે સરકારને કહ્યું કે આ દરખાસ્તને પૂર્ણ કરવા માટે બાકી રહેતી કાર્યવાહી કરવામાં આવે અને કેન્દ્ર સરકારને તાકીદ કરે એની પણ અમે માંગ કરી છે. સાથે સાથે ખોટા જાતિના પ્રમાણપત્ર રદ કરવા માટે જે પણ કાયદાઓ બન્યા છે એમાં 2018, 2020, 2022નો સુધારો હોય તેનો વિશ્લેષણ સમિતિ દ્વારા તાકીદે તેનો ઉપયોગ કરીને ખોટા લોકો જે પ્રમાણપત્રના ઉપયોગ કરી રહ્યા છે, તેને દૂર કરવામાં આવે. ચાહે એ રાજનીતિમાં હોય, શિક્ષણમાં હોય કે નોકરીઓમાં હોય તે લાભો પાછા લઈ લેવા માટે અમે માંગ કરી છે.

## અંબાપુર ગામ પાસે વૃદ્ધાના ગળામાંથી અઢી લાખના સોનાના દોરાની તફડંચી

ગાંધીનગર : ગાંધીનગર શહેર નજીક અંબાપુર પાસે ખરીદી કરવા માટે આવેલા વૃદ્ધા સાથે સરનામું પૂછવાના બહાને વાત કરીને બાઈક ઉપર આવેલા બે ગઠીયા અઢી લાખનો સોનાનો દોરો તોડીને ફરાર થઈ ગયા હતા જે ઘટના અંગે હાલ અડાલજ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૃ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં છેલ્લા થોડા સમયથી ચેઈન સ્નેચિંગની ઘટનાઓ અટકી ગઈ હતી ત્યારે હવે ફરીથી જઈને સ્નેચરોએ ગાંધીનગરમાં દેખા દીધી હોય તેમ લાગી રહ્યું છે આ વખતે કોબા અડાલજ માર્ગ ઉપર અંબાપુર પાસે વૃદ્ધા ના ગળામાંથી સોનાનો દોરો તોડી લેવામાં આવ્યો છે. જે અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદના ન્યુ શાહીબાગ વિસ્તારમાં રહેતા ૬૭ વર્ષીય વર્ષાબેન સુરેશકુમાર કુંદાની ગત શનિવારે સાંજે તેમના પડોશીઓ સાથે ગાંધીનગરના અંબાપુર ખાતે માટીના વાસણોની ખરીદી કરવા ગયા હતા. સાંજે જ્યારે તેઓ ગાડીમાં બેઠા હતા, ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી એકે નીચે ઉતરીને અમદાવાદ અને અડાલજ જવાનો રસ્તો પૂછ્યો હતો.

## સ્વરાજ ચૂંટણીની સ્વનિર્ભર શાળાના શિક્ષકોને કામગીરી સોંપવાની તૈયારી

અમદાવાદ | આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી રહી છે. જેના માટે સરકારી શિક્ષકોને તો ચૂંટણીની કામગીરી સોંપવામાં આવે જ છે, પરંતુ ચૂંટણી જાહેર થાય તે પહેલા સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોના ઓર્ડર પણ કરવામાં આવી રહ્યા છે. તો કેટલીક કોર્પોરેશન અને નગરપાલિકા દ્વારા ખાનગી શાળાઓ પાસે શિક્ષકોની વિગત પણ માંગી છે. જેને લઈને રાજ્ય શાળા સંચાલક મહામંડળે ચીફ ચૂંટણી કમિશનર અને સરકારને પત્ર લખ્યો છે. જેમાં સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોને ચૂંટણીની કામગીરી ન સોંપવા માગ કરવામાં આવી છે. 2017માં નામદાર હાઈકોર્ટ દ્વારા કરેલા જજમેન્ટના આધારે સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોને ચૂંટણી કામગીરીથી દૂર રાખવા માગ કરવામાં આવી છે.

ગુજરાત હાઇકોર્ટમાં નામદાર જજ દ્વારા જજમેન્ટ આપવામાં આવ્યું હતું કે સ્વનિર્ભર શાળાઓ અને સ્વનિર્ભર સ્કૂલોના શિક્ષકોને ચૂંટણી કામગીરી સોંપવામાં આવે નહીં. જેને ધ્યાનમાં રાખીને 2017માં ચૂંટણી કમિશનર દ્વારા પણ તમામ જિલ્લા કલેક્ટરને પત્ર લખીને સૂચના આપવામાં આવી હતી કે સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોને ચૂંટણીની કામગીરી સોંપવી નહીં, પરંતુ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોના ઓર્ડર કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. તેમજ કોર્પોરેશન અને નગરપાલિકા વિસ્તારમાં આવતી સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોની વિગતો માંગવામાં આવી હતી.

જેથી સ્વનિર્ભર શાળાઓએ રાજ્ય શાળા સંચાલક મહામંડળને ફરિયાદ કરી હતી. જે બાદ રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા ચૂંટણી કમિશનર અને સરકારને પત્ર લખવામાં આવ્યો છે. સ્વનિર્ભર શાળાઓના શિક્ષકો સરકારી નોકર ન હોવાથી તેમના ચૂંટણી કામગીરીના ઓર્ડર ન કરવા માગ કરવામાં આવી છે. જો સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોના ચૂંટણી માટે ઓર્ડર કરવામાં આવે તો વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થાય તેવી ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની સ્વનિર્ભર શાળાઓ અને કોલેજો માટે 2017માં ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન થઈ હતી. જે અંતર્ગત નામદાર જજ સાહેબે જજમેન્ટ આપ્યું હતું કે સ્વનિર્ભર શાળાઓના કર્મચારીઓની ભારત સરકારના 1951ની કલમ 159 અંતર્ગત સેવાઓ આવતી નથી. જેથી તેમનો ઉપયોગ ચૂંટણીની કામગીરીમાં કરવો નહીં. કારણ કે તેમને સંપૂર્ણ ખાનગી ગણવામાં આવેલા છે. જે સંજોગોમાં સરકારી નોકરની વ્યાખ્યામાં ન આવતા હોવાથી તેમનો ઉપયોગ ન કરવો તેવો ગુજરાત સરકારના ચીફ ચુંટણી કમિશનર સાહેબે પણ ઠરાવ કરી જિલ્લાના કલેકટરોને જાણ કરી હતી.

વધુમાં ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, તેમ છતાં અત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી રહી છે. જે માટે રાજ્યના અલગ અલગ કોર્પોરેશન અને નગરપાલિકાઓ દ્વારા સ્વનિર્ભર શાળાઓના કર્મચારીઓની માહિતી માંગવામાં આવી છે. તેમજ ચૂંટણી માટે તેમના ઓર્ડર નીકાળવાની તૈયારી કરવામાં આવી છે. જેથી સરકાર આ અંગે વિચારે અને સ્વનિર્ભર શાળાઓના શિક્ષકોના ઓર્ડર ન કરવામાં આવે તે માટે રજૂઆત કરવામાં આવી છે. કારણ કે શિક્ષકોના ઓર્ડર કરવામાં આવશે તો શાળાનું શિક્ષણકાર્ય પણ બગડી શકે છે. પરીક્ષાની ઉત્તરવહીની ચકાસણીની કામગીરી પણ ચાલી રહી છે જેથી તેને પણ અસર થઈ શકે છે.

## 25 માર્ચે અમરેલીના નવા માર્કેટિંગ યાર્ડ પાસે બપોરે ત્રણ વાગે AAPની ભવ્ય સભાનું આયોજન: મનોજ સોરઠીયા

અમદાવાદ/અમરેલી/ગુજરાત |આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુભાઈ બોરખતરીયા અને અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા દ્વારા અમરેલીના સર્કિટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થવા જઈ રહી છે, તેને લઈને આમ આદમી પાર્ટીએ આજે પોતાની 445 ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે. આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં લોકોના મુદ્દાઓ પર લડત લડી રહી છે અને અવાજ ઉઠાવી રહી છે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી એકલા હાથે પ્રથમવાર ચૂંટણી લડવા જઈ રહી છે. આમ આદમી પાર્ટી તમામ 12000 સીટો પર પોતાના ઉમેદવાર ઉતારશે.

સાથે સાથે આજે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી તથા પંજાબની આમ આદમી પાર્ટી સરકારના મુખ્યમંત્રી ભગવંત માનજી ગુજરાત પધારી રહ્યા છે. તેમની ગુજરાતમાં ત્રણ દિવસની વિઝીટ રહેશે. અમરેલી ખાતે એક ભવ્ય મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અરવિંદ કેજરીવાલજી તથા ભગવંત માનજી સહિત ગુજરાતનું પ્રદેશ નેતૃત્વ હાજર રહેશે. અમરેલીમાં આમ આદમી પાર્ટીનો આ એક પહેલો અને મોટો કાર્યક્રમ છે જેના કારણે આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહેશે.

આગામી 25 માર્ચે અમરેલીના નવા માર્કેટિંગ યાર્ડ પાસે બપોરે ત્રણ વાગે ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા ગુજરાતની અંદર પરિવર્તનનો એક વિશ્વાસ અને સંદેશ લઈને આવશે. ગુજરાતને ભાજપની ગુલામી અને ભાજપના ભ્રષ્ટાચારમાંથી મુક્ત કરવાનું આંદોલન છે, એની શરૂઆત થઈ રહી છે. અમરેલીની આ સભામાં રાષ્ટ્રીય અને પ્રદેશના નેતાઓની સાથે સાથે આમ આદમી પાર્ટીના સ્થાનિક પદાધિકારીઓ અને અમરેલી જિલ્લાના તથા આસપાસના જિલ્લાના કાર્યકર્તાઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ગુજરાતના છેલ્લામાં છેલ્લા વ્યક્તિ સુધી આ સભાની વાત પહોંચી એવી અમારી આશા છે.

## બિલમાં આદિવાસી સમાજની બાદબાકી છતાં ભવિષ્યમાં સમાવેશની ભીતિ: ચૈતર વસાવા...

અમદાવાદ/ભરૂચ/નર્મદા/વડોદરા/ગાંધીનગર/ગુજરાત | આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે આજે મીડિયા સમક્ષ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આજે સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા બિલ લઈને આવવામાં આવી રહ્યું છે, ત્યારે અગાઉની જેમ અમે આજે પણ આ બિલનો વિરોધ કરીએ છીએ. આ બિલમાંથી આદિવાસી સમાજની બાદબાકી કરવામાં આવી છે, એવું અમને જણાવવામાં આવ્યું છે, તેમ છતાં પણ અમને ભીતિ છે કે હાલમાં ચૂંટણી છે માટે આદિવાસી સમાજને સમાવવામાં આવ્યો નથી પરંતુ આવનાર દિવસોમાં ચોક્કસ સુધારાના ભાગરૂપે આદિવાસી સમાજનો સમાવેશ કરવામાં આવશે. આજથી એક વર્ષ પહેલા સમાન નાગરિક સંહિતાની કમિટી જ્યારે જિલ્લા કક્ષાએ સામાજિક, રાજકીય ધાર્મિક સહિત તમામ પ્રકારના આગેવાનોના અભિપ્રાય લેવા માટે આવી હતી ત્યારે ગુજરાતમાં 80% લોકોએ આનો વિરોધ નોંધાવ્યો છે. માટે અમારું માનવું છે કે લોકમતના વિરુદ્ધમાં જઈને આ બિલ લાવવામાં આવી રહ્યું છે માટે અમે આ બિલનો વિરોધ કરીએ છીએ.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, અમે સરકારને પૂછવા માંગીએ છીએ કે શું આ બિલ લાવવાથી સામાજિક સમરસતા થઈ જશે? શું આ બિલ લાવવાથી રાષ્ટ્રીય ભાવના મજબૂત બનશે? તો હકીકતમાં સરકાર પાસે આ સવાલોના જવાબ નથી. સરકાર ફક્ત લઘુમતી સમુદાયોને ટાર્ગેટ કરીને આવનારી ચૂંટણીઓમાં હિન્દુ-મુસ્લિમ કરવા માટે આ બિલ લાવી રહી હશે, એવું અમને લાગી રહ્યું છે. આ દેશનું બંધારણ બન્યું તો એમાં બાળ લગ્ન ધારા છે, હિન્દુ મેરેજ એક્ટ છે, વારસાઈ ધારો છે અને દત્તક ધારો પણ છે તો પછી સમાન નાગરિક સંહિતા લાવવાની જરૂરત શું પડી? આપણા દેશમાં વિવિધતામાં એકતા એ જ આપણી ઓળખ છે અને બંધારણ તમામ જાતિ જ્ઞાતિ, બધા લોકોના પોતાના વ્યક્તિગત કાયદા, સામાજિક કાયદાને બંધારણે પ્રાવધાન આપ્યું છે

## હોમગાર્ડને માત્ર 300 રૂપિયા અને નેતાઓને સવા લાખ? સમાનતા પર ગોપાલ ઈટાલિયાનો સરકારને કટાક્ષ

અમદાવાદ : ગાંધીનગરમાં મીડિયાને સંબોધન કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આજે રાજ્યના નાણામંત્રીએ વિનિયોગ વિધેયક રજૂ કર્યો, ગુજરાત સરકારના બજેટનું વિધેયક. એ વિધેયક ઉપર મેં મારો મુદ્દો રજૂ કરતાં ગુજરાતની સેવા, સુરક્ષા, સલામતી, કાયદો અને વ્યવસ્થાની બાબતો સંભાળતા આપણા ગુજરાતના હોમગાર્ડ અને જીઆરડીના જવાનો અંગે મેં સરકારનું ધ્યાન દોર્યું. આપણા રાજ્યમાં હોમગાર્ડ જવાનો પોલીસ સાથે ખભે ખભો મિલાવીને કામ કરે છે અને જીઆરડીના જવાનો પણ લગભગ પોલીસ જેટલું જ કામ કરે છે. કુદરતી આફતો, આંદોલનો, ધરણા, રેલીઓ, ઉલ્લંઘનો, અન્ય દુર્ઘટનાઓ અને તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં હોમગાર્ડ અને જીઆરડીના જવાનો કાયદો વ્યવસ્થા અને સલામતી સંભાળે છે. પરંતુ અત્યંત દુઃખ સાથે મેં વિધાનસભામાં સરકારનું ધ્યાન દોર્યું કે જે હોમગાર્ડ જવાનો ગુજરાતની સુરક્ષા સંભાળે છે, પોલીસ જેટલા કલાક કામ કરે છે, તેમને માત્ર 300-350 રૂપિયા રોજ આપવામાં આવે છે અને એ પણ પૂરાં 30 દિવસ માટે નહીં, જેટલા દિવસ કામ મળે એટલા દિવસનો જ પગાર મળે છે. જીઆરડીના જવાનોને તો માત્ર 200 રૂપિયા રોજ આપવામાં આવે છે. 200 રૂપિયા તો હવે ખેતી મજૂરીમાં પણ નથી મળતા. ખેતી મજૂરીમાં પણ 500-600 રૂપિયા રોજ મળે છે. સરકાર યુનિફોર્મ આપે છે, ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન, અશોક ચિહ્ન તેમની ટોપી અને બેલ્ટ પર લાગેલું હોય છે પણ તેમની ઈજ્જત શું? મેં રજૂઆત કરી કે અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત જેવા શહેરોમાં હોમગાર્ડ જવાનો લગભગ બાર મહિના પોલીસ સાથે કામ કરે છે. ઘણા હોમગાર્ડ જવાનો પોલીસ વાન ચલાવે છે, ટ્રાફિક સંભાળે છે, દિવસ-રાત કામ કરે છે, ધુમાડો અને અવાજ વચ્ચે શારીરિક તકલીફો સહન કરે છે – છતાં તેમને યોગ્ય વેતન મળતું નથી. આથી મેં માંગ કરી કે હોમગાર્ડ અને જીઆરડીના જવાનોને પૂરું વેતન આપવામાં આવે. ગોપાલ ઈટાલિયાએ વધુમા જણાવ્યું હતુ કે મેં એક બીજી રજૂઆત પણ કરી કે હોમગાર્ડના કમાન્ડન્ટોની નિમણૂક રાજકીય આધારે થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા રેલી યોજી 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત જનજાગૃતિનો સંદેશો આપ્યો











**જિલ્લા ક્ષય કેન્દ્રના કેમ્પસ ખાતેથી પ્રારંભાયેલી રેલી જૂની કોર્ટ, સફેદ ટાવરથી મુખ્યમાર્ગ પર પસાર થઈને રેડક્રોસ સોસાયટી ખાતે સંપન્ન થઈ**

**જન જનનું રાખો ધ્યાન, ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાતમાં આજથી 100 દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝૂંબેશનો પ્રારંભ**

(એજન્સી) રાજપીપલા । તા. 24

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત નર્મદા જિલ્લામાં ૨૪મી માર્ચના રોજ "વિશ્વ ક્ષય દિવસ"ની ઉજવણી કરવામાં આવી. "Yes ! WE CAN End TB !, Led by Bharat, Powered by Janbhagidari" અંતર્ગત "ટીબી હારેગા દેશ જીતેગા" ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા "જન જાગૃતિ રેલી યોજાઈ હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લા ક્ષય કેન્દ્રના કેમ્પસ ખાતેથી લીલી ઝંડી આપીને રેલીનું પ્રસ્થાન કરાવાયું હતું. જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. મોદીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન પણ અલગ અલગ જનજાગૃતિના કાર્યક્રમો અને પોષણ કીટ વિતરણ સહિત સ્ક્રિનિંગની કામગરી પણ અવિરત કરવામાં આવી રહી છે. આજરોજ યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રાજપીપલા સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ શ્રી મનીષ મહેતાએ ટીબી રોગને ફેલાતો અટકાવવા માટે રાખવાની સાવચેતી, ખાસ કરીને ભીડભાડ વાળી જગ્યામાં જઈએ તો માસ્કનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો, જેનાથી ટીબી જેવા રોગોને ફેલાતા રોકી શકાય છે. ટીબીના લક્ષણો જણાય તેવા નાગરિકોએ તબીબની સલાહ લઈ પૌષ્ટિક ખોરાક અને જરૂરી સાવચેતી સાથે દવાનો નિયમીત કોર્ષ પૂર્ણ કરવાથી ટીબી મટી શકે છે તેમ તેઓએ જણાવ્યું હતું. જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ. ઝંખનાબેન વસાવાએ જણાવ્યું કે, ટીબી મુક્ત ભારત અભિયાન 2.0નું આજે કેન્દ્રિય આરોગ્ય મંત્રીશ્રી જે.પી.નડ્ડા દ્વારા ઉત્તરપ્રદેશ ખાતેથી પ્રારંભ કરાવાશે. ગુજરાતમાં આજથી 100 દિવસનું અભિયાન પણ શરૂ થવાનું છે. નર્મદા જિલ્લામાં વર્નરેબલ હાઈરિસ્ક પોપ્યુલેશન 146 ગામોમાં છે અને અંદાજે એક લાખ 53 હજારની વસ્તીનો સમાવેશ થાય છે. આ તમામ નાગરિકોનું સ્ક્રિનિંગ કરવામાં આવશે. જેમનામાં લક્ષણો જણાશે તેમનું સ્પુટમ લઈને ટ્રુનાટ સાઈટ પર મોકલવામાં આવશે. 14 વર્ષથી વધુની વયના નાગરિકોના એક્ષરે પાડવામાં આવશે. આ વખતની ઉજવણીની થીમ "Yes ! WE CAN End TB, Led by Bharat, Powered by Janbhagidari છે, ત્યારે સૌ લોકપ્રતિનિધિઓ, આગેવાનો અને વિદ્યાર્થીઓ આ અભિયાનમાં જોડાય તેવી અપીલ કરી હતી. જુની સિવિલ હોસ્પિટલ કેમ્પસ, જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી પ્રારંભાયેલી જનજાગૃતિ રેલી જૂની કોર્ટ, સફેદ ટાવર, સંતોષ ચોકડી થઈને શહેરના મુખ્યમાર્ગ પરથી પસાર થઈને રેડક્રોસ સોસાયટી ખાતે સંપન્ન થઈ હતી. રેલીમાં નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ, આરોગ્ય કર્મીઓ મોટી સંખ્યામાં જોડાઈને વિવિધ સ્લોગનના ઉચ્ચારણ અને પ્લે-કાર્ડ, બેનર્સ સાથે ટીબી જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ વેળાએ સરકારી નર્સીંગ સ્કૂલ જીતનગરની વિદ્યાર્થીનીઓ દ્વારા 'ટીબી મુક્ત ભારત' અંગે નાટક રજૂ કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી નાંદોદ ડો.એ.કે. સુમન, ડો. પરિન્દ વસાવા, આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ-કર્મીઓ, નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય પરંપરામાં સોપારીનું પવિત્ર અને અનિવાર્ય સ્થાન



(એજન્સી) અમદાવાદ | તા.24

તહેવારો અને લગ્નની મોસમ ચાલી રહી છે, ત્યારે ભારત જીવંત રંગો, મધુર ધૂન અને વિવિધ સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જીવંત બને છે. આ ઉજવણીઓ વચ્ચે, ઘણીવાર અવગણવામાં આવતી નમ્ર સોપારી એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક પ્રતીક તરીકે ઉભરી આવે છે. સોપારી, સોપારીના બીજ, સદીઓથી ભારતીય સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહ્યો છે. તેનો ઉપયોગ, ઘણીવાર ધાર્મિક અને સામાજિક પ્રથાઓ સાથે જોડાયેલો હોય છે, તેણે દેશભરમાં પરંપરાઓ અને ધાર્મિક વિધિઓને આકાર આપ્યો છે. ભારતમાં, સોપારીનો અર્પણ, ઘણીવાર સોપારીના પાન અને ચૂનો સાથે, આતિથ્ય અને આદરનો એક સામાન્ય સંકેત છે. તેને સૌજન્યનું પ્રતીક અને ઘરમાં મહેમાનોનું સ્વાગત કરવાની એક રીત માનવામાં આવે છે. સંબંધોના દ્દષ્ટિકોણથી, સોપારી વહેંચવાની ક્રિયા ઊંડા મૂળવાળા જોડાણ અને મિત્રતાનું પ્રતીક છે. તે એક એવો હાવભાવ છે જે ફક્ત નમ્રતાથી આગળ વધે છે, જે વિશ્વાસ, આત્મીયતા અને સહિયારા અનુભવોનું પ્રતિનિધિત્વ કરે છે. આ ધાર્મિક વિધિમાં સાથે મળીને ભાગ લઈને, વ્યક્તિઓ તેમના બંધનને મજબૂત બનાવે છે અને કાયમી યાદો બનાવે છે. ઉદાહરણ તરીકે, દક્ષિણ ભારતના ઘણા ભાગોમાં, સ્વાગતના સંકેત તરીકે મહેમાનોને સોપારી અને પાન ચડાવવાનો રિવાજ છે. આ પ્રથા પરંપરામાં ઊંડા મૂળ ધરાવે છે અને તેને મુલાકાતીઓનું સન્માન કરવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. મોટાભાગના ભારતીય રાજ્યોમાં તહેવારો, પૂજા અને શુભ પ્રસંગો દરમિયાન સોપારી ચડાવવામાં આવે છે. હિન્દુ ધાર્મિક વિધિઓ અને સમારંભોમાં સોપારીનું વિશેષ સ્થાન છે. તેને શુભ માનવામાં આવે છે અને ઘણીવાર પ્રાર્થના દરમિયાન દેવતાઓને ચઢાવવામાં આવે છે. ભારતના વિવિધ આદિવાસી સમુદાયોમાં સોપારી ચાવવાની પ્રથા પણ પ્રચલિત છે, જ્યાં તે ચોક્કસ સાંસ્કૃતિક અને સામાજિક પ્રથાઓ સાથે સંકળાયેલી છે. ભારતીય લગ્ન વિધિઓમાં સોપારી એક ખાસ સ્થાન ધરાવે છે, જે પ્રેમ, સમૃદ્ધિ અને શાશ્વત બંધનનું પ્રતીક છે. ઘણા હિન્દુ લગ્નોમાં, યુગલ 'પાન-સુપારી' સમારંભના ભાગ રૂપે સોપારીની આપ-લે કરે છે. આ ધાર્મિક વિધિ બે આત્માઓના મિલન અને જીવનભરના ભાગીદારીની શરૂઆતનું પ્રતીક છે. કેટલાક પ્રદેશોમાં, કન્યા અને વરરાજા એકસાથે સોપારી ચાવી શકે છે, જે તેમના બંધનને વધુ મજબૂત બનાવે છે. મહેમાનોમાં સોપારીનું વિતરણ પણ એક સામાન્ય પ્રથા છે, જેને નવદંપતી માટે આશીર્વાદ અને શુભેચ્છાઓના સંકેત તરીકે જોવામાં આવે છે. હિન્દુ શાસ્ત્ર વિષ્ણુ પુરાણમાં, સોપારીનો ઉલ્લેખ દૈવી પ્રસાદ તરીકે કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે તે વાતાવરણને શુદ્ધ કરે છે અને સકારાત્મક ઉર્જા આકર્ષે છે. ભારતભરના ઘણા મંદિરોમાં, ભક્તો તેમની પ્રાર્થનાના ભાગ રૂપે દેવતાઓને સોપારી ચઢાવે છે. આસામમાં, સોપારી બિહુ ઉત્સવનો એક આવશ્યક ભાગ છે. તે દેવતાઓને અર્પણ કરવામાં આવે છે અને મિત્રો અને પરિવાર વચ્ચે સદ્દભાવનાના પ્રતીક તરીકે તેની આપ-લે કરવામાં આવે છે. કેરળમાં, સોપારીનો ઉપયોગ વિવિધ આયુર્વેદિક ધાર્મિક વિધિઓમાં થાય છે અને તેમાં ઔષધીય ગુણધર્મો હોવાનું માનવામાં આવે છે. ઉત્તરપૂર્વીય રાજ્ય મિઝોરમમાં, સોપારી ચાવવી એ એક લોકપ્રિય સામાજિક પ્રવૃત્તિ છે, જેમાં ઘણીવાર પરંપરાગત સંગીત અને નૃત્યનો સમાવેશ થાય છે. સોપારી ચાવવાની ક્રિયા ઘણીવાર એક સામાજિક અનુભવ હોય છે. તે લોકોને એકસાથે લાવે છે, વાતચીતને પ્રોત્સાહન આપે છે અને સંબંધોને મજબૂત બનાવે છે. તે આરામ કરવાનો, આરામ કરવાનો અને બીજાઓની સંગતનો આનંદ માણવાનો એક માર્ગ છે. આ સમગ્ર ભારતમાં ખાસ કરીને ભારતના પૂર્વ અને પશ્ચિમ ભાગોમાં પ્રચલિત છે. ભારતના ઘણા ભાગોમાં, સોપારી ચાવવી એ એક સામાન્ય સામાજિક પ્રવૃત્તિ છે, ખાસ કરીને જૂની પેઢીઓમાં. લોકો ઘણીવાર સોપારી ચાવવા માટે જૂથોમાં ભેગા થાય છે, વાર્તાઓ, મજાક અને સમાચાર શેર કરે છે. સોપારી ખાવાના આ સામાજિક પાસાએ સમુદાયના બંધનોને મજબૂત બનાવવામાં અને સાંસ્કૃતિક પરંપરાઓ જાળવવામાં મદદ કરી છે. ઉદાહરણ તરીકે, રાજસ્થાન રાજ્યમાં, સોપારી ચાવવાની પ્રક્રિયા ઘણીવાર પરંપરાગત લોકગીતો અને નૃત્યો સાથે કરવામાં આવે છે. સોપારીનો સ્વાદ અને સુગંધ અનોખી છે અને સદીઓથી તેની પ્રશંસા કરવામાં આવી રહી છે. સોપારીની મીઠાશ, સોપારીના પાનની તીખીતા અને ઠંડકની અસર સહિતના સ્વાદોનું મિશ્રણ એક વિશિષ્ટ સંવેદનાત્મક અનુભવ બનાવે છે. સ્પષ્ટપણે, સોપારી ફક્ત એક સરળ બીજ કરતાં વધુ છે. તે વિવિધ સમાજોના સાંસ્કૃતિક અને સામાજિક માળખામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં તેના ઊંડા મૂળ તેને દેશના વારસાનો એક કાયમી ભાગ બનાવે છે. જેમ જેમ આપણે ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ ટેપેસ્ટ્રીની પ્રશંસા કરવાનું ચાલુ રાખીએ છીએ, તેમ તેમ આપણે નમ્ર સોપારી અને આપણી પરંપરાઓને આકાર આપવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાને ભૂલી ન જઈએ.

## 'સુગમ ડિજિટલ ગુજરાત': લાઈનમાંથી ઓનલાઈન તરફ પ્રજાકીય સુખાકારીનું વધુ એક કદમ

(એજન્સી) ગાંધીનગર । તા. 24

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજ્યના વહીવટી તંત્રને વધુ આધુનિક અને નાગરિક-કેન્દ્રી બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવવા માટે આ એક ક્રાંતિકારી કદમ છે. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ GARC (Gujarat Administrative Reforms Commission)ના પાંચમા અહેવાલની ભલામણોને આધારે, રાજ્યના 5 મુખ્ય વિભાગોની 20 હાઈ-ટ્રાન્ઝેક્શન સેવાઓનું ઓનલાઈન સરલીકરણ જાહેર કર્યું હતું. આ પહેલ દ્વારા હવે આવક-દાખલા, રેશનકાર્ડ અને સોગંદનામા જેવી પાયાની સેવાઓ 'ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ' બનશે. મુખ્યમંત્રીશ્રીએ 'સુગમ ડિજિટલ ગુજરાત' અનાવરણ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યું હતું કે,આપણે ઘણા બધા કાર્યક્રમો કરતા



હોઈએ છીએ, અને કાર્યક્રમ એક એવું માધ્યમ છે, જેના દ્વારા સરકાર જે કાર્યો કરે છે તે લોકો સુધી પહોંચે છે. એટલું જ નહીં, પણ જે કાર્ય કર્યું છે એમાં કોઈ રહી ન જાય અને પ્રેસના માધ્યમથી તે માહિતી ઘરે-ઘરે પહોંચે તો, જે નાગરિકો સરકારી યોજનાઓને પાત્ર હોય, તેઓ તેનો પૂરો લાભ લઈ શકે એવો સરકારનો હંમેશા પ્રયત્ન હોય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2002માં 'સ્વાગત ઓનલાઈન' શરૂ કરીને ટેકનોલોજીના ઉપયોગને હંમેશા પ્રાથમિકતા આપી છે. એ જ પ્રાથમિકતાના આધારે આજે આપણે ખૂબ સારું પરિણામ મેળવી રહ્યા છીએ અને 20 જેટલી નવી સેવાઓ 'લાઈન'માંથી 'ઓનલાઈન' કરવા જઈ રહ્યા છીએ. તમામ લોકોને ઘરે બેઠા સુવિધા મળે તે માટે ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ સેવાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ડિજિટલ પ્રક્રિયામાં જો નાગરિકોને ક્યાંય પણ મુશ્કેલી જણાય, તો તેના નિવારણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે તે પણ તેમણે જણાવ્યું હતું. ગ્રામજનો સૌથી પહેલા કોઈના સંપર્કમાં આવતા હોય તો તે તલાટી અથવા VCE -વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ તમામ સેવાઓ ઓનલાઈન કેવી રીતે મળે છે, તેનો આપણે સૌ જેટલો પ્રચાર અને પ્રસાર કરીશું એટલો જ પ્રજાને અને તંત્રને ફાયદો થશે. તમે જે નોકરી કે સેવાનું કાર્ય કરો છો, તેનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ દિશામાં હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય. આપણા મનમાં એ જ લક્ષ્ય હોવું જોઈએ કે જેટલી સરળતાથી લોકોનું કામ થાય એટલો આપણને સંતોષ મળે.જ્યારે પ્રજાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તમામ સ્તરે સાથે મળીને એકજ દિશામાં કામ કરે છે, ત્યારે તેનું પરિણામ અદભૂત આવે છે.

## દેડિયાપાડામાં પતિના ત્રાસથી પીડિત મહિલાને 181 અભયમની મદદ લીધી

રાજપીપલા : નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના એક ગામમાંથી એક મહિલાએ 181 અભયમ હેલ્પલાઈન પર કોલ કરીને પતિ દ્વારા આપવામાં આવતા ત્રાસમાંથી મુક્તિ મેળવવા મદદ માગી હતી. મહિલાના જણાવ્યા મુજબ તેમના પતિ ઝગડો કરતા અને તેમને સીવણ તાલીમમાં જવા રોકતા હતા. માહિતી મળતાં જ રાજપીપળા સ્થિત 181 અભયમ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને બન્ને પક્ષોનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું. પીડિત મહિલાના જણાવ્યા મુજબ તેમના લગ્નને 15 વર્ષ થયા છે અને તેમને એક દીકરી તથા બે દીકરા છે, જેમાં મોટી દીકરી વિકલાંગતા ધરાવે છે. પતિ છૂટક મજૂરી કામ કરે છે



અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી મહિલા સીવણ તાલીમ લઈ આત્મનિર્ભર બનવા ઇચ્છે છે. સરકાર તરફથી સીવણ મશીન મળવાનું હોવાથી મહિલા તાલીમ માટે ગામ બહાર જતી હતી. મહિલા પાસેથી મળેલ માહિતી મુજબ, પતિ તેમને તાલીમમાં જવા દેતા નહોતા અને અવારનવાર નશાની હાલતમાં આવી મારઝૂડ કરતા હતા. ઘટનાના દિવસે પણ પતિએ મહિલાને થપ્પડ મારી હતી. મહિલા પોતાના નાના બાળકને સાથે લઈ તાલીમ માટે જાય છે, છતાં પતિને આ બાબત સ્વીકાર્ય નહોતી. સાસુએ મહિલાના કાર્ય અંગે કોઈ વાંધો ન હોવાનું જણાવ્યું હતું. અભયમ ટીમ દ્વારા પતિને સમજાવી મહિલાને તાલીમ પૂર્ણ કરવા દેવા સૂચન કરવામાં આવ્યું હતું, પરંતુ પતિ નશાની હાલતમાં હોવાથી સમજવા તૈયાર નહોતા. પીડિત મહિલાએ કડક કાર્યવાહી ન કરવાની ઈચ્છા દર્શાવી હતી, છતાં તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને 181 ટીમ દ્વારા મહિલાને દેડિયાપાડા પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ અરજી કરાવવામાં આવી હતી. આ રીતે 181 અભયમ ટીમ દ્વારા તાત્કાલિક અને સંવેદનશીલ હસ્તક્ષેપ કરી પીડિત મહિલાને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી હતી. મહિલાએ 181 અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' યોજાઈ

(એજન્સી) ગાંધીનગર । તા. 24

આજે રાયસણ, ગાંધીનગર સ્થિત ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સિલેન્સ (IACE) ખાતે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે 'સ્ટેટ ઓફ એડોલેસેન્ટ ગર્લ્સ - ૨૦૨૫' રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું હતું. પરિષદને સંબોધતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને સ્વાસ્થ્ય ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવા અને છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના આરોગ્યને અસર કરતા સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પરિબળોને ઓળખી તેમાં હકારાત્મક સુધારા લાવવાનો છે. રાજ્યમાં શિશુ મૃત્યુદર ઘટાડવાના પ્રયાસો અંગે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા ઓક્સિજન અને કાર્ડિયાક જેવી સુપર સ્પેશિયાલિસ્ટ સુવિધાઓથી સજ્જ ૧૧ નવી 'મિની આઈસીયુ' એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ દ્વારા અંતરિયાળ વિસ્તારના નવજાત શિશુઓને સમયસર મોટી હોસ્પિટલોમાં ખસેડી તેમનો જીવ બચાવી શકાશે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદમાં માતા અને બાળ આરોગ્ય સુખાકારી, માનસિક અને પ્રજનન સ્વાસ્થ્યની સમસ્યાઓ, સંચારી રોગોની અટકાયત જેવા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના *સ્વાસ્થ્યપ્રદ ગુજરાત અને વિકસિત ભારત'**ના વિઝનને સાકાર કરવા માટે દરેક નાગરિકનું સ્વસ્થ હોવું અનિવાર્ય હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં આરોગ્ય કમિશનર (અર્બન) ડૉ. સંધ્યા ભૂલ્લાર, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડૉ. રતનકંવર ગઢવીચરણ, વર્લ્ડ બેંક હેલ્થ સાઉથ એશિયાના પ્રેક્ટિસ મેનેજર ડૉ. અપર્ણા સોમનાથન, SHSRC ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એ.એમ. કાદરી, અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડૉ. નિલમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરામાં પેટ્રોલ પંપો પર પોલીસનો પહેરો

વડોદરા : વડોદરા શહેરમાં છેલ્લા 24 કલાકથી પેટ્રોલ-ડીઝલની અછત સર્જાશે તેવી અફવાઓએ જોર પકડ્યું છે. આ અફવાઓને કારણે વડોદરાના લગભગ તમામ પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. સ્થિતિ વધુ ન વકરે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વડોદરા પોલીસ હવે એક્શન મોડમાં આવી છે. મળતી માહિતી અનુસાર, મંગળવારે (24મી માર્ચ) સવારથી જ વડોદરા શહેરના મુખ્ય પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો લાગી હતી. ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ વિસ્તારોમાં પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ અને લાઉડ સ્પીકરનો ઉપયોગ કરીને લોકોને વિનંતી કરવામાં આવી રહી છે કે, 'શહેરમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, કૃપા કરીને અફવાઓથી પેનિક ન થાઓ અને જરૂરિયાત મુજબ જ પેટ્રોલ પુરાવો.'

## ઈન્ડિયન ઓઈલે ગુજરાતમાં પૂરતા પ્રમાણમાં ઈંધણ પુરવઠાની ખાતરી આપી

(એજન્સી) અમદાવાદ । તા. 24

ઈન્ડિયન ઓઈલે જનતાને ખાતરી આપી છે કે ગુજરાત રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને રિટેલ આઉટલેટ્સમાં પુરવઠો સરળતાથી ચાલુ છે. ઈન્ડિયન ઓઈલનાં જણાવ્યા અનુસાર રાજ્યમાં ઈંધણની કોઈ અછત નથી અને સામાન્ય ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે પેટ્રોલ પંપોની ઈન્વેન્ટરી સ્થિતિનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગ્રાહકોની અપેક્ષિત માંગને પહોંચી વળવા માટે તમામ ઈન્ડિયન ઓઈલનાં તમામ પેટ્રોલિયમ ડેપો અને ટર્મિનલ્સમાં પેટ્રોલ અને ડીઝલનો સારો સ્ટોક ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. ઈન્ડિયન ઓઈલે જનતાને અપીલ કરી છે કે તેઓ ગભરાટમાં આવીને ઈંધણની ખરીદી ન કરે અથવા બિનજરૂરી સ્ટોક ન કરે, કારણકે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને સપ્લાય ચેઈન નિયમિત રીતે કાર્યરત છે. ઈન્ડિયન ઓઈલે જાહેર જનતાને અપીલ કરતાં જણાવ્યું છે કે ભવિષ્યમાં ઉપયોગ માટે પ્લાસ્ટિકના કેન, બોટલ અથવા અન્ય અમાન્ય કન્ટેનરમાં પેટ્રોલ સંગ્રહ કરવા જેવી અસુરક્ષિત પ્રથાઓથી સખત રીતે દૂર રહે, કારણકે તેનાથી ગંભીર સલામતી જોખમો ઉભા થાય છે. ઈન્ડિયન ઓઈલ ગ્રાહકોની ઈંધણ ઉપલબ્ધતા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને ફરી એકવાર સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલનો સતત અને અવિરત પુરવઠો સુનિશ્ચિત કરે છે.

## 'વંદે માતરમ@૧૫૦વર્ષ'ની બીજા તબક્કાની ઉજવણી: તા. ૨૩ થી ૩૧મી માર્ચ,૨૦૨૬ સુધી રાજ્યવ્યાપી મહાઅભિયાન

(એજન્સી) અમદાવાદ । તા. 24

દેશવાસીઓની રાષ્ટ્રીય ભાવનાને પ્રેરણા આપતું અમર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત 'વંદે

### દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાને વધુ મજબૂત બનાવવા જનભાગીદારી થકી વ્યાપક અભિયાન

માતરમ @૧૫૦ વર્ષ'ના બીજા તબક્કામાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી તા.૨૩થી ૩૧ માર્ચ, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્ર ભાવનાને વધુને વધુ ઉજાગર કરવાનો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા, તાલુકા, નગરપાલિકા,મહાનગરપાલિકા અને ગ્રામીણ સ્તરે વંદે માતરમના સમૂહ ગીતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ,યુવાનો,સરકારી અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. વધુમાં, દેશભક્તિનો સંદેશ વ્યાપક સ્તરે પહોંચે તે હેતુથી વિવિધ સ્થળોએ રેલી,પદયાત્રા અને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓ અને કોલેજોમાં વંદે માતરમ- દેશભક્તિ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'વંદે માતરમ@૧૫૦વર્ષ ' બીજા તબક્કાના વિવિધ કાર્યક્રમોમાં વધુમાં વધુ યુવાનો-નાગરિકોને ઉત્સાહપૂર્વક જોડાઈ રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે સહભાગી થવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ઉત્તરવાહિની નર્મદા પરિક્રમામાં સ્વચ્છતા અને સુચારૂ વ્યવસ્થાપન માટે જિલ્લા વહીવટી તંત્રનો સુદ્રઢ આયોજન







રાજપીપલા: નર્મદા જિલ્લામાં ચૈત્ર માસ દરમિયાન ચાલી રહેલી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાના સુચારૂ સંચાલન અને વ્યવસ્થાપન માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પરિક્રમાવાસીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, જિલ્લા સંગઠનો, ધાર્મિક આગેવાનો, આશ્રમવાસીઓ તથા યાત્રાધામ વિકાસ બોર્ડની એજન્સીઓ વચ્ચે સમન્વય સાધી અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. પરિક્રમા દરમિયાન મંદિર ટ્રસ્ટો, સેવાસમિતિઓ અને એનજીઓના સ્વયંસેવકો દ્વારા રેંગણ ઘાટ, શહેરાવ ઘાટ, રામપુરા ઘાટ તેમજ તિલકવાડા ઘાટ સહિતના માર્ગો પર નિયમિત રીતે સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. યાત્રાળુઓની સુવિધા માટે બેબી ફીડિંગ રૂમ, કપડા બદલવાના રૂમ, વિશ્રામ મંડપો તથા નિયત સંખ્યામાં ડસ્ટબિનની વ્યવસ્થા સાથે વ્યાપક સ્વચ્છતા અને સેનીટેશન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેની પણ સાફ-સફાઈ કરવામાં આવે છે. અને યોગ્ય સ્થળે કચરો નાંખવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે અને પરિક્રમાવાસીઓ પણ કચરાપેટીનો ઉપયોગ કરીને સ્વચ્છતાનો સંદેશ પ્રસરાવી રહ્યા છે. તિલકવાડાના ટેકરા કામસોની શ્રીમતી રેખાબેન તડવીએ જણાવ્યું હતું કે, આર.કે. ડેકોરેશન સ્ટાફના ૧૦ સભ્યોના ગૃપ દ્વારા રોજિંદી સાફ-સફાઈની કામગીરી કરવામાં આવે છે, જેના પરિણામે પરિક્રમાર્થીઓ પણ પ્રેરાઈ સ્વચ્છતા જાળવવામાં સહભાગી બને છે. આ રીતે જિલ્લા વહિવટી તંત્ર અને સમાજના સહયોગથી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા દરમિયાન સ્વચ્છ, સુવિધાસભર અને સુવ્યવસ્થિત વાતાવરણ નિર્માણ પામ્યું છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો.

**વૃષભ : બ. વ. ઉ.**

યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

**મિથુન : ક. છ. ઘ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**કર્ક : ડ. હ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

**સિંહ : મ. ટ.**

તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**તુલા : ર. ત.**

લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો.

**વૃશ્ચિક : ન. ય.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો.

**મકર : ખ. જ.**

તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

## રાજપીપલા માં વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે રેલી નું આયોજન

# નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા રેલી યોજી 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત જનજાગૃતિનો સંદેશો આપ્યો

(એજન્સી) રાજપીપલા | તા.24





રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત નર્મદા જિલ્લામાં ૨૪મી માર્ચના રોજ "વિશ્વ ક્ષય દિવસ"ની ઉજવણી કરવામાં આવી. "Yes ! WE CAN End TB અંતર્ગત "ટીબી હારેગા દેશ જીતેગા" ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા "જન જાગૃતિ રેલી યોજાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ ક્ષય કેન્દ્ર દ્વારા યોજાયેલ આ રેલીમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લા ક્ષય કેન્દ્રના કેમ્પસ ખાતેથી લીલી ઝંડી આપીને રેલીનું પ્રસ્થાન કરાવાયું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજપીપલા સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ મનીષ મહેતાએ ટીબી રોગને ફેલાતો અટકાવવા માટે રાખવાની સાવચેતી, ખાસ કરીને ભીડભાડ વાળી જગ્યામાં જઈએ તો માસ્કનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો, જેનાથી ટીબી જેવા રોગોને ફેલાતા રોકી શકાય છે. ટીબીના લક્ષણો જણાય તેવા નાગરિકોએ તબીબની સલાહ લઈ પૌષ્ટિક ખોરાક અને જરૂરી સાવચેતી સાથે દવાનો નિયમીત કોર્ષ પૂર્ણ કરવાથી ટીબી મટી શકે છે તેમ તેઓએ જણાવ્યું હતું.


જિલ્લા ક્ષય અધિકારી ડૉ. ઝંખનાબેન વસાવાએ જણાવ્યું કે, ટીબી મુક્ત ભારત અભિયાન 2.0નું આજે કેન્દ્રિય આરોગ્ય મંત્રીશ્રી જે.પી.નડ્ડા દ્વારા ઉત્તરપ્રદેશ ખાતેથી પ્રારંભ કરાવાશે. ગુજરાતમાં આજથી 100 દિવસનું અભિયાન પણ શરૂ થવાનું છે. નર્મદા જિલ્લામાં વર્નરેબલ હાઈરિસ્ક પોપ્યુલેશન 146 ગામોમાં છે અને અંદાજે એક લાખ 53 હજારની વસ્તીનો સમાવેશ થાય છે. આ તમામ નાગરિકોનું સ્ક્રિનિંગ કરવામાં આવશે. જેમનામાં લક્ષણો જણાશે તેમનું સ્પુટમ લઈને ટ્રુનાટ સાઈટ પર મોકલવામાં આવશે. 14 વર્ષથી વધુની વયના નાગરિકોના એક્ષરે પાડવામાં આવશે. આ વખતની ઉજવણીની થીમ "Yes ! WE CAN End TB, Lead by Bharat અને Powered by Janbhagidari છે, ત્યારે સૌ લોકપ્રતિનિધિઓ, આગેવાનો અને વિદ્યાર્થીઓ આ અભિયાનમાં જોડાય તેવી અપીલ કરી હતી.

જુની સિવિલ હોસ્પિટલ કેમ્પસ, જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી પ્રારંભાયેલી જનજાગૃતિ રેલી જૂની કોર્ટ, સફેદ ટાવર, સંતોષ ચોકડી થઈને શહેરના મુખ્યમાર્ગ પરથી પસાર થઈને રેડક્રોસ સોસાયટી ખાતે સંપન્ન થઈ હતી. રેલીમાં નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ, આરોગ્ય કર્મીઓ મોટી સંખ્યામાં જોડાઈને વિવિધ સ્લોગનના ઉચ્ચારણ અને પ્લે-કાર્ડ, બેનર્સ સાથે ટીબી જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

## મોટી સંખ્યામાં બાળકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા

# અબડાસાના કોઠારા ગામે શ્રી વાછરા દાદા સેવા સમિતિ દ્વારા ધાર્મિક સેવાકીય કાર્ય

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



અબડાસા તાલુકાના કોઠારા ગામે શ્રી વાછરા દાદા સેવા સમિતિ દ્વારા ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી વાછરા દાદાના મંદિર સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આસપાસના ગામોના કુમાર અને કુમારીઓ માટે મહિના ના પ્રથમ સોમવારે ભોજન સંભારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા અને સૌએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. સાથે સાથે ભગવાન રામદેવજી મહારાજની ૬૭૪મી જન્મજયંતિ નિમિત્તે આરાધિવાણી ભજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.આ અંગે માહિતી આપતાં વાછરા દાદાના ભુવાજી ચાપશી દાદા બળિયાએ જણાવ્યું હતું કે સમિતિ દ્વારા સમયાંતરે આવી ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, જેનાથી સમાજમાં એકતા અને ધાર્મિક ભાવના વધુ મજબૂત બને છે.

## મતદારો દાવા અરજીઓ રજૂ કરી શકશે

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુસદ્દારૂપ પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૨૩ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ અનુસાર આગામી સમયમાં યોજાનારી જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ માટેની તૈયારીઓના ભાગરૂપે તા. ૨૩/૦૩/૨૦૨૬ના રોજ મુસદ્દારૂપ ફોટાવાળી મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે-તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મતદારો આ યાદીમાં પોતાના નામની ચકાસણી કરી શકે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા તમામ સ્તરે આ યાદી ઉપલબ્ધ કરાવવામાં આવશે. તાલુકા અને જિલ્લા પંચાયતોની ફોટાવાળી મુસદ્દારૂપ મતદારયાદી જે-તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની મુખ્ય કચેરીએ, સંબંધિત ગ્રામ પંચાયત ખાતે તેમજ મતદાર નોંધણી અધિકારી અથવા મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરીએ પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવી છે. જે-તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મતદારો મતદારયાદી માં નોંધાયેલ પોતાના નામની ચકાસણી ઉક્ત કચેરીઓ ખાતે ઉપલબ્ધ મુસદ્દારૂપ મતદાર યાદીમાંથી કરી શકશે.

## 'પોષણ સંગમ' અભિયાન અંતર્ગત વર્કશોપ યોજાયો

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ, માણાવદર ઘટકના નાકરા ગામે 'પોષણ સંગમ' અભિયાનને વધુ વેગવંતું બનાવવાના ઉમદા હેતુ સાથે એક દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ ની નેમ છેવાડાના બાળક સુધી પોષણક્ષમ સેવાઓ પહોંચાડી વિસ્તારને કુપોષણ મુક્ત કરવાની રહી હતી. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસરશ્રીએ કર્મયોગીઓને અભિયાનની સફળતા માટે જરૂરી ટેકનિકલ અને વહીવટી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વર્કશોપ દરમિયાન મુખ્યત્વે CMAM (કમ્યુનિટી બેઝ્ડ મેનેજમેન્ટ ઓફ એક્યુટ માલન્યુટ્રીશન) અને EGFની કામગીરીના સુદ્રઢ અમલીકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## ગૌરવ

# ઋતુ ચાવડાએ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં કોમર્સ વિષયમાં પીએચ.ડી.ની ડીગ્રી મેળવી

| નરેન્દ્ર દવે | જૂનાગઢ



ડૉ.સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢના તેજસ્વી વિદ્યાર્થીની ઋતુ બલરામભાઈ ચાવડાએ ડૉ. પિયુષ મર્થકના માર્ગદર્શન હેઠળ કોમર્સ વિષયમાં 'એનેલાયઝિંગ ધ ઈમ્પેક્ટ ઓફ ડિવિડન્ડ ઓન માર્કેટ વેલ્યુ ઓફ ઈક્વીટી શેર્સ ઓફ સિલેક્ટેડ આઈ.ટી. સોફ્ટવેર બેઝ કંપની ઈન ઈન્ડિયા' પર શોધનિબંધ તૈયાર કરી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢમાં રજુ કરેલ જેને માન્ય રાખી યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. ઋતુ ચાવડાએ એમની કારકિર્દીમાં બી.કોમ.માં ડૉ.સુભાષ કૉલેજમાં પ્રથમ, એમ.કોમ.માં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ મેળવેલ તેમજ ગુજરાત એલિજીબીટી ટેસ્ટ (GSET-૨૦૨૫)માં પાસ કરી તાજેતરમાં પીએચ.ડીની પદવી પ્રાપ્ત કરી ડૉ.સુભાષ મહિલા કૉલેજ અને આહીર જ્ઞાતિનું ગૌરવ વધારતા નરસિંહ મહેતા યુનિવર્સિટીના કોમર્સ વિભાગના અધ્યક્ષશ્રી ડૉ.ભાવસિંહ ડોડીયા તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી જવાહરભાઈ ચાવડા, શ્રીમતી મીતાબહેન ચાવડા અને ડૉ.સુભાષ પરિવારે અઢળક અભિનંદન પાઠવ્યા હતા.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

# કોઠંબા મથકે ઘણા વર્ષો પૂર્વે બનાવેલ એસટી સ્ટેન્ડ ને કાર્યરત કરવા મુસાફર જનતાની માગણી...




| જગદીશત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના નવરચિત કોઠંબા તાલુકા મથકે છેલ્લા ઘણા સમય પૂર્વે કંટ્રોલર પોઈન્ટ સાથેનું એસટી સ્ટેન્ડ બનાવી દેવામાં આવ્યું હતું પરંતુ આ નવીન બનાવેલ એસટી સ્ટેન્ડ એસ ટી તંત્રના સત્તાધીશોની સેવાતી ઘોર ઉદાસીનતા અને કોઠંબા વિભાગની પાંગળી નેતાગીરી ના કારણે આજ દિન સુધી આ બસ સ્ટેન્ડ કાર્યરત થવા પામ્યું નથી પરિણામે આજે વર્ષો પહેલા બનાવેલ નવીન એસટી સ્ટેન્ડ હાલમાં બિન ઉપયોગી બનીને એસટી બસો નો ઈન્તજાર કરતું ઉભું રહેલું જોવા મળી રહ્યું છે.કોઠંબા મથકથી બાલાસિનોર , લુણાવાડા અને ગોધરા ડેપો સંચાલિત અસંખ્ય બસો દિવસ દરમિયાન અવરજવર કરી રહેલી જોવા મળે છે ત્યારે છેલ્લા ઘણા સમયથી બનાવેલ આ એસટી સ્ટેન્ડ બસો ની હેરાફેરી માટે ઈન્તેઝાર કરી રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે.જ્યારે બીજી બાજુ કોઠંબા ખાતે કોઠંબા ની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના વિવિધ ગામડાઓની જનતા પોતાના નાના-મોટા કામો અર્થે વિવિધ શહેરોમાં જવા આવવા માટે એસટી બસો ની રાહ જોઈને ખુલ્લી જગ્યામાં આમતેમ બેસી રહેલી જણાતી હોય છે ત્યારે મુસાફર જનતાને બસોની રાહ જોઈને શાંતિથી બેસવા માટેનું કોઈ પ્લેટફોર્મ કે છાંયડો પણ જોવા મળતો નથી પરિણામે મુસાફર જનતાને ભર ઉનાળાની કાળજાળ ગરમીમાં, વરસતા વરસાદમાં કે શિયાળાની કાતિલ ઠંડીમાં બસની રાહ જોતા કોઠંબાના જાહેર માર્ગ ઉપર કે દુકાનોની આડ મા ગરમી, ઠંડી કે ધોધમાર વરસાદથી બચવા માટે બેસી રહેવા માટે વિવશ બનવું પડી રહેલું જણાઈ રહ્યું છે. જ્યારે બીજી બાજુ કોઠંબા ખાતે વર્ષો પહેલા બનાવેલ એસટી સ્ટેન્ડમાં મુસાફર જનતાને બેસવા માટેની સગવડ પણ ઊભી કરવામાં આવેલી છે તેમજ કોઠંબા ખાતેથી અવર-જવર કરતી બસોનો સમય પૂછવા માટે કંટ્રોલર પોઈન્ટના રૂમની પણ વ્યવસ્થા કરી હોવાનું જણાઈ રહ્યું છે તેમ છતાં પણ આજ દિન સુધી કોઠંબા વિભાગની જનતાને આ એસટી સ્ટેન્ડની સેવાનો લાભ મળવા પામ્યો નથી જેના કારણે મુસાફર જનતાને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે ત્યારે જાહેર જનતાના હિતની આ બાબતે કોઠંબા વિભાગના રાજકીય આગેવાનો અને નેતાઓ પણ સૂચક મૌન ધારણ કરીને બેસી રહ્યા હોય એવું લોક મુખે સાંભળવા મળી રહ્યું છે.

## વન પર્યાવરણ મંત્રી પ્રવીણભાઈ માળીની પહેલ

# ડીસા બ્રિજ નીચે 10,000 રોપાઓ સાથે લહેરાશે હરિયાળી

(એજન્સી) પાલનપુર | તા.24





ડીસા શહેરની શોભા વધારવા અને પર્યાવરણીય સંતુલન જાળવવાના ઉમદા હેતુથી એલિવેટેડ બ્રિજ નીચે ગ્રીન કવર વધારવાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. રૂ. 3.14 કરોડના અંદાજિત ખર્ચે સાકાર થનારા આ પ્રોજેક્ટ અંતર્ગત બ્રિજ નીચેની ખાલી જગ્યામાં આકર્ષક લેન્ડસ્કેપિંગ કરવામાં આવશે. આ વિસ્તારમાં પ્રોપર ફેન્સિંગ સાથે બોગનવેલ, જેટ્રોફા, ટેકોમા અને પીળી કરેણ જેવી વિવિધ સુશોભિત વનસ્પતિઓનું વાવેતર કરીને સમગ્ર પટ્ટાને નયનરમ્ય બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે બ્રિજના પિલ્લર્સને પણ કુદરતી સૌંદર્યથી મઢી લેવામાં આવશે. બ્રિજ નીચેના કુલ 50 જેટલા પિલ્લર પર ઈનોવેટિવ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે, જેના પર પડદાવેલ, એલામન્ડા, આઈસ્ક્રીમવેલ, અપરાજીતા અને મધુમાલતી જેવી આકર્ષક વેલાઓ ચડાવવામાં આવશે. આ વર્ટિકલ ગાર્ડનિંગના કન્સેપ્ટથી કોંક્રિટના પિલ્લર્સ ગ્રીન કવરથી ઢંકાઈ જશે, જે શહેરના પ્રદૂષણને ઘટાડવામાં પણ મદદરૂપ થશે.

વૃક્ષારોપણ સાથે નાગરિકોની સુવિધા માટે અહીં આધુનિક લેન્ડસ્કેપિંગની સાથે બેઠક વ્યવસ્થા (સીટિંગ એરેન્જમેન્ટ) અને સુવ્યવસ્થિત પાર્કિંગની સુવિધા પણ ઊભી કરવામાં આવશે. સમગ્ર એલિવેટેડ બ્રિજ નીચે અંદાજે 8,000 થી 10,000 જેટલા નાના-મોટા રોપાઓનું વાવેતર કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આ આયોજનથી ડીસાના પ્રવેશદ્વાર સમાન આ બ્રિજ વિસ્તારની સૂરત બદલાઈ જશે અને રાહદારીઓ તેમજ વાહનચાલકોને આહલાદક અનુભવ થશે. ઉલ્લેખનીય છે કે, ડીસાના ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માળી રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે, ત્યારે તેમના માર્ગદર્શન હેઠળ ડીસા વિધાનસભા ક્ષેત્રને હરિયાળું બનાવવા માટે આગળ વધી રહ્યા છે. ડીસા શહેરની પ્રદૂષણ મુક્ત અને પર્યાવરણ પ્રિય શહેર બનાવવાના મંત્રીશ્રીના વિઝનને આ પ્રોજેક્ટ નવી ગતિ આપશે.

## ટોડીયા ગામે ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપર સેજા હેઠળ આવેલ ટોડીયા આયુષમાન આરોગ્ય મંદિરની પ્રાથમિક શાળામાં ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ટી.બી.ના ચિહ્નો, લક્ષણો, સારવાર, પોષણ અને વ્યસન જેવી બાબતો અંગે વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને વિગતવાર માહિતી આપવામાં આવી હતી.આરોગ્ય ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ મુલાકાત લઈને પટેલ ફળિયું અને પારાધી વાસ વિસ્તારમાં લોકોને રસીકરણ પછી થતી આડઅસરો અંગે સમજ આપવામાં આવી હતી. ઉપરાંત પારાધી વાસમાં જોખમી ગર્ભવતી માતાની મુલાકાત લઈ સ્વચ્છતા, પોષણ, આયર્ન અને કેલ્શિયમ ગોળીઓ નિયમિત લેવાની જરૂરિયાત, સમયસર તપાસ, આયર્ન સુક્રોઝ ઈન્જેક્શન તેમજ આરામ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## અકસ્માતનો ભય, ગામલોકોની તાત્કાલિક માંગ

# દેસલપર(ગુંતલી) થી ઉગેડી માર્ગ માં આર. સી.સી રોડ પર સ્પીડ બ્રેકરનો અભાવ

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાના દેસલપર(ગુંતલી) થી ઉગેડી ગામ તરફ જતા માર્ગ પર બનાવવામાં આવેલ આર.સી.સી રોડ પર સ્પીડ બ્રેકર (જમ્પ) ન હોવાને કારણે અકસ્માતનો ગંભીર ભય ઊભો થયો છે. આ રોડ ગામના મેંઈન બજાર વિસ્તારમાં આવેલો હોવાથી અહીં દિવસભર લોકો અને વાહનોની અવરજવર રહે છે.ખાસ કરીને આ રોડ પર શિવ મંદિર, રામ મંદિર, મસ્જિદ,સસ્તા અનાજ ની દુકાન સહીત લોટપીસાડી ચકકી તેમજ શાળાની આવન-જાવનનો મુખ્ય માર્ગ હોવાને કારણે નાના બાળકો, વડીલો અને શ્રદ્ધાળુઓ માટે જોખમ વધ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ઘણી વખત વાહનો ઝડપથી પસાર થતા હોય છે, જેના કારણે કોઈપણ સમયે દુર્ઘટના સર્જાઈ શકે છે.ગામલોકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે અને તેઓએ તાત્કાલિક સ્પીડ બ્રેકર બનાવવાની માંગ ઉઠાવી છે. લોકોનું કહેવું છે કે "કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જ તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવાં જરૂરી છે, નહીં તો કોઈના લાડકવાયા નો જીવ જોખમમાં મુકાઈ શકે છે." સ્થાનિક તંત્રને તેમજ હોદેદારોને વારંવાર રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

## પુસ્તકોની ભેટ

# શ્રી ફુલપીરદાદા પુસ્તકાલયને ૧૭૦૦થી વધુ પુસ્તકોનો અમૂલ્ય ભંડાર પ્રાપ્ત



| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના નિરોણા ગામે સ્થિત શ્રી ફુલપીરદાદા પુસ્તકાલય માટે આનંદદાયક સમાચાર સામે આવ્યા છે. ગામમાં તાજેતરમાં શરૂ થયેલ આ પુસ્તકાલયને સારસ્વત્તમ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલ, નિરોણા તરફથી ૧૭૦૦ કરતાં વધુ પુસ્તકો વાંચન માટે અર્પણ કરવામાં આવ્યા છે.આ પુસ્તકોમાં અનેક અમૂલ્ય, દુર્લભ તેમજ હાલના સમયમાં અપ્રાપ્ય પુસ્તકોનો સમાવેશ થતો હોવાથી પુસ્તકાલય હવે પુસ્તકોની સંખ્યા તેમજ ગુણવત્તા બંનેમાં વધુ સમૃદ્ધ બન્યું છે. આ અવસરે નિરોણા ગામના તમામ વાચકોને પુસ્તકાલયમાં આવીને શાંતિપૂર્ણ વાતાવરણમાં સદવાંચન કરવાનો ભાવભર્યો આમંત્રણ આપવામાં આવ્યું છે.પુસ્તકો તથા તેની સાચવણી માટે કબાટ આપવાના બદલ હાઈસ્કૂલના આચાર્ય ડૉ. વિષ્ણુભાઈ ચૌધરી, શિક્ષક અલ્પેશભાઈ જાની અને સમગ્ર શાળા પરિવારનો પુસ્તકાલય તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. પુસ્તકોને શાળાથી પુસ્તકાલય સુધી પહોંચાડવામાં હાઈસ્કૂલના ઉત્સાહી વિદ્યાર્થીઓ સાથે તખતસિંહ સોઢાએ નોંધપાત્ર મહેનત કરી હતી.

આ ઉપરાંત પુસ્તકાલયની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા યુવાનો–વાલજીભાઈ, વસંતભાઈ, શામજીભાઈ, ગોવિંદભાઈ અને પરેશભાઈ–તેમજ છકડાની સેવા આપનાર વનરાજસિંહનો પણ ખાસ આભાર માનવામાં આવ્યો છે. સૌના સહયોગથી આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.અંતમાં, ગ્રામજનોને "વાંચે નિરોણા" અભિયાન સાથે જોડાઈને નિયમિત સદવાંચન કરવાની અપીલ કરવામાં આવી છે.

## અકસ્માત સર્જી પીકઅપ ગાડીનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો

# બહાદરપુર-સંખેડા ડાયવર્ઝન અકસ્માત જોખમી વળાંકોએ મુસાફરોને ફાળ પાડી

| કમલેશ પટેલ | સંખેડા | તા.03







બહાદરપુરથી સંખેડા જતા નવા બનેલા ડાયવર્ઝન પર એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુઝુકી બલેનો કાર સંખેડા તરફ જઈ રહી હતી ત્યારે સામેથી આવતી સફેદ રંગની પીકઅપ ગાડીના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી બલેનો કારના ડ્રાઈવર તરફના ભાગે ટક્કર મારી હતી. અકસ્માત સર્જી પીકઅપ ગાડીનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માતમાં સંખેડાના રહેવાસી બલેનો કાર ચાલક પંકજભાઈને પગના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં સંખેડાના સ્થાનિકો સ્થળ પર પહોંચ્યા હતા અને ફરાર થયેલા પીકઅપ ગાડીના ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

બહાદરપુરથી સંખેડા તરફના આ નવા ડાયવર્ઝનના વળાંકો અત્યંત જોખમી બન્યા છે. સંખેડા તરફથી બહાદરપુર જતા માર્ગ પર હજુ પણ ઘણા વળાંકો પર સુરક્ષા માટેની કામગીરી (જેમ કે રેલિંગ લગાવવી) પૂર્ણ થઈ નથી, જેના કારણે ભવિષ્યમાં મોટા અકસ્માતો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.આ નવા ડાયવર્ઝન પર રેતી ભરેલા વાહનોને કારણે ટ્રાફિકની સમસ્યા પણ વધી રહી છે. નદી કિનારે રોડની બંને બાજુ શક્કરટેટી અને તરબૂચની દુકાનો આવેલી છે. અહીં ખરીદી કરવા કે નદીનો નજારો જોવા માટે ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર ચાલકો રસ્તા પર વાહનો પાર્ક કરતા હોવાથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.સ્થાનિક લોકો દ્વારા તંત્રને આ બાબતે ધ્યાન આપવા અને અકસ્માતો અટકાવવા માટે સાવચેતીના પગલાં લેવા તેમજ લોકોને જાગૃત કરવા અપીલ કરવામાં આવી છે. સંખેડા તરફના દરેક વળાંક પર લોખંડની રેલિંગ લગાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની પણ માંગ ઉઠી છે.

## ભયાનકતાના દ્રશ્યો-ડ્રાઈવરની ધરપકડ

# જૂનાગઢ સ્થિત વેટરનરી કોલેજમાં "શહીદ દિવસ" ની ભાવભીની ઉજવણી

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા. 24.

કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ સ્થિત વેટરનરી કોલેજની એન. એસ.એસ. એકમ દ્વારા 23 માર્ચના રોજ શહીદ દિવસની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દેશના અમર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત કોલેજના સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓ દ્વારા શહીદોના ફોટા સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી ત્યારે સમગ્ર વાતાવરણ દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત બન્યું હતું. કાર્યક્રમ દરમ્યાન એન. એસ.એસ. ના વિદ્યાર્થીઓએ શહીદોના સ્વતંત્રતા સંગ્રામમાં રહેલા મહત્વપૂર્ણ યોગદાન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વિદ્યાર્થી મીત જાલા, મિલન જોગલ અને નિમિશા કુવાડિયા એ જણાવ્યું હતું કે શહીદોના બલિદાનના કારણે જ આજે આપણે સ્વતંત્રતા અને લોકશાહીનો આનંદ માણી રહ્યા છીએ. કાર્યક્રમ દરમિયાન એન. એસ.એસ. ના વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા સંગ્રામમાં શહીદોના યોગદાન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ખાસ કરીને સ્વતંત્રતા સેનાની ભગતસિંહના જીવન અને બલિદાન અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે ભગતસિંહે દેશની આઝાદી માટે અદમ્ય સાહસ, દેશપ્રેમ અને ત્યાગનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું, જે આજના યુવાનો માટે પ્રેરણારૂપ છે. તેમણે દેશપ્રેમ, રાષ્ટ્રસેવા અને એકતા માટે શહીદોના આદર્શોને જીવનમાં ઉતારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો કે આજના સમયમાં યુવાનો દેશના વિકાસના મુખ્ય સ્તંભ છે.

## લાર્જ મિડ કેપ ઈનોવેશન પેન્શન ફંડ અને ગ્લોબલ AI એન્ડ ટેકનોલોજી લીડર્સ ફંડ

# ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સે ત્રણ નવા ફંડ લોન્ચ કર્યાઃ લાર્જ મિડ કેપ ઈનોવેશન ફંડ

(એજન્સી) મુંબઈ | તા.24

ભારતની અગ્રણી ખાનગી જીવન વીમા કંપનીઓમાંની એક એવી ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સ દ્વારા આજે ત્રણ નવા ફંડ્સ લોન્ચ કરવામાં આવ્યા છે. આ ફંડ્સ રોકાણકારોને ભારતની વિકાસ ક્ષમતા અને વૈશ્વિક તકનીકી પ્રગતિનો લાભ લેવાની અનન્ય તક પૂરી પાડે છે અને ટાટા AIA ના યુનિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન્સ (ULIPs) દ્વારા જીવન વીમા સુરક્ષાનો લાભ પણ આપે છે. રોકાણકારો આ ફંડ્સ અને ટાટા AIAના ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન્સ વિશે વધુ માહિતી www.tataaia.com પર મેળવી શકે છે.ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન ફંડ, ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન પેન્શન ફંડ, અને ટાટા AIA ગ્લોબલ AI એન્ડ ટેકનોલોજી લીડર્સ ફંડ વ્યૂહાત્મક રીતે રોકાણકારોને ભારતના નવીનતા સંચાલિત ક્ષેત્રો અને વૈશ્વિક તકનીકી સિદ્ધિઓમાંથી મળતી તકોનો લાભ લેવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ ફંડ્સ IFSC ના નિયમો મુજબ સંચાલિત અને નિયંત્રિત છે. ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન ફંડ- (SFIN: ULIF 099 31/03/26 LMI 110) | ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન પેન્શન ફંડ- (SFIN: ULIF 100 31/03/26 LMP 110) *ટાટા AIA ગ્લોબલ AI એન્ડ ટેકનોલોજી લીડર્સ ફંડ- (SFIN: ULIF 504 31/03/26 TGT 110)

### ન્યૂ ફંડ ઓફર (NFO) ની વિગતો

NFO નો સમયગાળો: 24 માર્ચ થી 31 માર્ચ 2026 NAV પર ઈશ્યૂ કરવામાં આવેલા યુનિટ્સ: 31 માર્ચ 2026 ની મધ્યરાત્રિએ સ્થાનિક ફંડ્સ માટે રૂ. 10 અને ગ્લોબલ ફંડ માટે 10 ડોલર. ટાટા AIA લાઈફ ઈન્સ્યોરન્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર હર્ષદ પાટીલે જણાવ્યું કે, "નવીનતા ભારત અને વૈશ્વિક સ્તરે અર્થતંત્રોને નવો આકાર આપી રહી છે. ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન ફંડ, ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન પેન્શન ફંડ અને ટાટા AIA ગ્લોબલ AI એન્ડ ટેકનોલોજી લીડર્સ ફંડના લોન્ચ સાથે અમે અમારા પોલિસીધારકોને જીવન વીમાના સંરક્ષણનો લાભ આપવાની સાથે આ પરિવર્તનકારી ક્ષેત્રોમાં રોકાણ કરવાની તક પૂરી પાડી રહ્યા છીએ. રોકાણકારો માટે આ તકોનો લાભ લેવાનો અને તેમનું નાણાકીય ભવિષ્ય સુરક્ષિત કરવાનો આ યોગ્ય સમય છે."

### ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન ફંડ: ભારતના નવીનીકરણ સંચાલિત વિકાસનો લાભ લેવો

ભારતનું અર્થતંત્ર નોંધપાત્ર ડિજિટલ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, જેમાં નવીન કંપનીઓ વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિને વેગ આપી રહી છે. ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન ફંડ ભારતની એવી લાર્જ અને મિડ-કેપ કંપનીઓમાં રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે આ પરિવર્તનનું નેતૃત્વ કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ મેળવવાનો છે. આ ફંડ એવા રોકાણકારો માટે ઉત્તમ વિકલ્પ છે જેઓ ઈનોવેશન દ્વારા સંચાલિત ભારતના આર્થિક વિકાસના આગામી તબક્કાનો લાભ લેવા માંગે છે.

### ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન પેન્શન ફંડ: લાંબા ગાળાના રિટાયરમેન્ટ પ્લાનિંગ માટે સહાયક

ટાટા AIA લાઈફના યુનિટ-લિંક્ડ પેન્શન સોલ્યુશન્સ દ્વારા વિશિષ્ટ રીતે ઉપલબ્ધ ટાટા AIA લાર્જ મિડ કેપ ઈનોવેશન પેન્શન ફંડ નિવૃત્તિ માટેનું આયોજન કરી રહેલા લોકો માટે તૈયાર કરવામાં આવ્યું છે. તે રોકાણકારોને ભારતની નવીન કંપનીઓમાં રોકાણની તક પૂરી પાડે છે અને સાથે જ પોલિસીધારકોને એક સુવ્યવસ્થિત પેન્શન પ્લાન માળખા દ્વારા લાંબા ગાળાની સંપત્તિ બનાવવામાં સક્ષમ બનાવે છે.


## એલ્યુમિનિયમ ઉદ્યોગ ઈંધણ કટોકટીમાં અનેક એકમોને તાળાં



અમદાવાદ: પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધ જેવી કટોકટીની સીધી અને માઠી અસર હવે ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર વર્તાવા લાગી છે. ખાસ કરીને એલ્યુમિનિયમ એક્સ્ટ્રુઝન ઉદ્યોગ અત્યારે અસ્તિત્વ ટકાવવા માટે ઝઝૂમી રહ્યો છે. ઈંધણ પુરવઠામાં સર્જાયેલા અવરોધને કારણે દેશભરમાં અનેક ફેક્ટરીઓ બંધ કરવાની ફરજ પડી છે, જેના પરિણામે હજારો કામદારોની રોજીરોટી પર સંકટ આવી પડ્યું છે. ઉદ્યોગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા સાત દિવસથી અનેક એકમોમાં કામકાજ સંપૂર્ણપણે સ્થગિત થઈ ગયું છે અને ઉત્પાદન ક્ષમતામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. એલ્યુમિનિયમ એક્સ્ટ્રુઝન મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ઈંધણની તીવ્ર અછતને કારણે ઉદ્યોગનું માસિક ઉત્પાદન જે અગાઉ આશરે ૭૦,૦૦૦ ટન હતું, તે હવે ઘટીને માત્ર ૪૫,૦૦૦ ટન પર આવી ગયું છે. દેશભરમાં કાર્યરત અંદાજિત ૪૫૦ થી ૫૦૦ એકમોમાંથી ૨૫ થી વધુ યુનિટ્સ સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે, જ્યારે ૨૦૦ જેટલા એકમો માંડ ૧૦ થી ૨૦ ટકા ક્ષમતા પર ચાલી રહ્યા છે. ૩૨,૦૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતો આ ઉદ્યોગ અત્યારે તેના ઈતિહાસના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. એલ્યુમિનિયમને પીગળવા માટે સતત ગરમીની જરૂર હોય છે, જેના માટે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) અને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) અનિવાર્ય છે. જોકે, હાલમાં ઘણા વિસ્તારોમાં ઔદ્યોગિક એકમોને એલપીજીનો સપ્લાય સદંતર બંધ થઈ ગયો છે, જ્યારે પીએનજીની ઉપલબ્ધતામાં પણ ૫૦ થી ૮૦ ટકાનો ઘટાડો થયો છે. આટલું જ નહીં, મર્યાદિત પુરવઠા વચ્ચે ગેસના ભાવમાં તોતિંગ વધારો થયો છે. પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર (SCM) જે ભાવ અગાઉ ૫૨ રૂપિયા હતો, તે હવે ઉછળીને ૯૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે, જેના કારણે ઉત્પાદન ખર્ચ બમણો થઈ ગયો છે.ફેક્ટરીઓ બંધ થવાને કારણે દૈનિક વેતન પર કામ કરતા હજારો કર્મચારીઓ નિષ્ક્રિય બેસી રહ્યા છે. કંપનીઓની આવક ઘટતા તેઓ બેંક લોનના હપ્તા અને વીજળી જેવા નિશ્ચિત ખર્ચાઓ ચૂકવવા માટે અસમર્થ બની રહી છે.0

## News Brief

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોફ્ટવેર ક્રાંતિ હવે ઉદ્યોગોના મૂળ હચમચાવશે



નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં 'એજન્ટિક એઆઈ' (Agentic AI) ના ઉદભવે વૈશ્વિક સોફ્ટવેર ઉદ્યોગમાં ખળભળાટ મચાવી દીધો છે. વિશ્વની અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ બેંક 'ગોલ્ડમેન સાક્સ' ના તાજા અહેવાલ મુજબ, આ નવી ટેકનોલોજી કેટલીક પ્રસ્થાપિત સોફ્ટવેર કંપનીઓના અસ્તિત્વ સામે જોખમ ઊભું કરી શકે છે, પરંતુ સાથે જ તે બજારમાં અભૂતપૂર્વ તકો પણ સર્જશે. અહેવાલમાં રોકાણકારોને સલાહ આપવામાં આવી છે કે તેઓ આ ક્ષેત્રમાં રોકાણ કરતી વખતે અત્યંત પસંદગીયુક્ત (Selective) અભિગમ અપનાવે, કારણ કે એઆઈ હવે સોફ્ટવેરના ભવિષ્યને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યું છે.છેલ્લા એક દાયકાથી સોફ્ટવેર ઉદ્યોગનું વિશ્વ પર વર્ચસ્વ રહ્યું છે, પરંતુ એજન્ટિક એઆઈ ટૂલ્સના આગમનથી એવી ભીતિ સેવાઈ રહી છે કે એઆઈ પોતે જ સોફ્ટવેરનું સ્થાન લઈ લેશે. ગોલ્ડમેન સાક્સના વિશ્લેષકોના મતે, એઆઈ પણ મૂળભૂત રીતે એક સોફ્ટવેર જ છે જે કાર્યો કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલો કોડ છે. જોકે, એઆઈને કારણે કોડિંગનો ખર્ચ ઘટશે, જેનાથી બજારમાં સ્પર્ધા વધશે. જૂની અને પરંપરાગત સોફ્ટવેર કંપનીઓ સામે મુખ્ય જોખમ એ છે કે નવી 'એઆઈ-નેટિવ' કંપનીઓ ઝડપથી વિકાસની તકો ઝડપી લેશે.

## ભારતીય રેલવેએ 'રિફોર્મ એક્સપ્રેસ' હેઠળ પાંચ નવા સુધારા જાહેર કર્યા; કાર્ગો, બાંધકામ અને મુસાફરોની સુવિધા પર ધ્યાન કેન્દ્રિત

(એજન્સી) નવી દિલ્હી | તા.24

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે જાહેરાત કરી હતી કે 2026 દરમિયાન સુધારાઓ હાથ ધરવાના ભારતીય રેલવેના સંકલ્પને અનુરૂપ પાંચ નવા સુધારાઓ મંજૂર કરવામાં આવ્યા છે. આ નવા સુધારાઓની મંજૂરી સાથે, વર્ષ 2026 માટે સુધારાઓની કુલ સંખ્યા નવ સુધી પહોંચી ગઈ છે.શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ચાલી રહેલી "રિફોર્મ એક્સપ્રેસ" પહેલ હેઠળ ચાર સુધારા અગાઉ જાહેર કરવામાં આવ્યા હતા અને પાંચ નવા સુધારા રજૂ કરવામાં આવી રહ્યા છે. પાંચ નવા સુધારાઓમાંથી બે કાર્ગો સાથે, એક બાંધકામ સાથે અને બે મુસાફરોની સુવિધા સાથે સંબંધિત છે.મીઠાના પરિવહન પર ધ્યાન કેન્દ્રિત કરતા પાંચમા નંબરના સુધારા વિશે બોલતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત વિશ્વમાં મીઠાના સૌથી મોટા ઉત્પાદકો અને નિકાસકારોમાંનું એક છે. ત્રણ મુખ્ય ઉત્પાદક રાજ્યો તમિલનાડુ, ગુજરાત અને રાજસ્થાન છે. ભારતમાં વાર્ષિક આશરે 35 મિલિયન ટન મીઠાનું ઉત્પાદન થાય છે તેમાંથી લગભગ 9.2 મિલિયન ટન વાર્ષિક રેલવે દ્વારા વહન કરવામાં આવે છે, જે નોંધપાત્ર બિનઉપયોગી તક દર્શાવે છે. કેન્દ્રીય મંત્રીએ નોંધ્યું હતું કે મીઠાના પરિવહનમાં રેલવેનો મોડલ શેર વપરાશ મુજબ બદલાય છે - ઔદ્યોગિક મીઠા માટે આશરે 25 ટકા અને માનવ વપરાશ માટેના મીઠા માટે લગભગ 65 ટકા. તેમણે ઉમેર્યું હતું કે રેલ-આધારિત તમામ મીઠાના ટ્રાફિકનો 62 ટકા હિસ્સો 1,000 થી 2,500 કિલોમીટરના અંતરને આવરી લે છે, જે તેને રેલ ગતિવિધિ માટે અનુકૂળ બનાવે છે. તેમણે કહ્યું કે પડકારોને સમજવા માટે મીઠાના ઉત્પાદકો અને પરિવહનકારો સાથે વિગતવાર




પરામર્શ કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં અયોગ્ય વેગન ડિઝાઈન, મીઠાને કારણે વેગનનો કાટ, તારપોલીન કવર હોવા છતાં ખુલ્લા વેગનમાં પાણીનો ભરાવો અને હેન્ડલિંગના બહુવિધ તબક્કાઓ જેવી મુખ્ય સમસ્યાઓ ઓળખવામાં આવી હતી જે ઉચ્ચ ખર્ચ અને નુકસાન તરફ દોરી જાય છે. આ સમસ્યાઓના ઉકેલ માટે, સ્ટેનલેસ સ્ટીલ, ટોપ-લોડિંગ અને સાઈડ-ડિસ્ચાર્જ કન્ટેનર સિસ્ટમ હવે સફળતાપૂર્વક વિકસાવવામાં આવી છે. કન્ટેનર કાટ રોકવા માટે સ્ટેનલેસ સ્ટીલનું બનેલું છે, અને ટોપ-લોડિંગ ફ્લેપ્સ અને હાઈડ્રોલિક સાઈડ-ડિસ્ચાર્જ મિકેનિઝમથી સજ્જ છે, જે ગંતવ્ય સ્થાને ટ્રકોમાં સરળતાથી અનલોડિંગ કરવાની મંજૂરી આપે છે. કેન્દ્રીય મંત્રીએ સમજાવ્યું કે સીધા લોડિંગ માટે મીઠાના ઉત્પાદન સ્થળો પર કન્ટેનર મૂકી શકાય છે. આ કન્ટેનર પછી ઉપાડી શકાય છે અને કન્ટેનર ટ્રેનો પર લોડ કરી શકાય છે. ગંતવ્ય સ્થાને, કન્ટેનરને અનલોડ કરી શકાય છે અને વેરહાઉસ અથવા ગોદામો પર મૂકી શકાય છે, જેમાં જરૂરિયાત મુજબ અનલોડિંગ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે આ સિસ્ટમ વધુ લવચીકતા પૂરી પાડે છે, સીમલેસ મલ્ટિમોડલ હિલચાલને ટેકો આપે છે, હેન્ડલિંગ નુકસાન ઘટાડે છે અને ઉદ્યોગ દ્વારા તેને આવકારવામાં આવી છે.ભારતીય ઓટોમોબાઈલ માર્કેટ વાર્ષિક આશરે 31 મિલિયન યુનિટનું ઉત્પાદન કરે છે, જેમાંથી પેસેન્જર વાહનોનો હિસ્સો લગભગ 5 મિલિયન યુનિટ છે. પેસેન્જર વાહનોના પરિવહનમાં રેલ સહ-કાર્યક્ષમતા (rail co-efficient) લગભગ 24 ટકા છે, જે સૂચવે છે કે ઓટોમોબાઈલ હિલચાલનો મોટો હિસ્સો હજુ પણ રોડ દ્વારા થાય છે. તેમણે કહ્યું કે ઉદ્યોગના પ્રતિસાદમાં મુખ્ય ડિઝાઈન અને ઓપરેશનલ અવરોધો પ્રકાશિત થયા છે.

## વૈશ્વિક તેલ બજાર પર યુદ્ધની અસર રશિયા કરતા પણ ભયાનક

નવી દિલ્હી: રશિયા-યુક્રેન વચ્ચેના લાંબા સમયથી ચાલતા યુદ્ધ કરતા પણ અમેરિકા અને ઈરાન વચ્ચેનો વર્તમાન સંઘર્ષ વૈશ્વિક તેલ અને ગેસ બજાર માટે વધુ ઘાતક સાબિત થયો છે. વિશ્વની અગ્રણી એનર્જી કંપની 'શેવરોન' (Chevron) ના સીઈઓ માઈક વર્થે હ્યુસ્ટન ખાતે યોજાયેલી કોન્ફરન્સમાં ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા આ યુદ્ધે ઊર્જા પુરવઠાની સાંકળને અભૂતપૂર્વ નુકસાન પહોંચાડ્યું છે. ઈરાન દ્વારા ઓઈલ ટેન્કરો પર કરવામાં આવેલા હુમલા અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા અવરોધોએ સમગ્ર વિશ્વના આર્થિક ગણિત બગાડી નાખ્યા છે. માઈક વર્થે જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધે બજારમાં ચોક્કસ દબાણ ઊભું કર્યું હતું, પરંતુ ઈરાન સાથેના સીધા સંઘર્ષે ભૌતિક સપ્લાય ચેઈનને છિન્નભિન્ન કરી દીધી છે. એશિયાઈ દેશો અત્યારે ડીઝલ અને જેટ ફ્યુઅલની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. આ યુદ્ધને કારણે માત્ર ક્રૂડ ઓઈલ જ નહીં, પરંતુ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG), રાસાયણિક ખાતર અને અન્ય આવશ્યક ચીજોની ડિલિવરી પણ અટકી પડી છે. કેટલું ઉત્પાદન બંધ થયું છે અને મહત્વની સુવિધાઓને કેટલું નુકસાન થયું છે તેનો ચોક્કસ આંકડો મેળવવો અત્યારે મુશ્કેલ છે. વર્થે હ્યુસ્ટનમાં 'CERAWeek' કાર્યક્રમમાં બોલતા ઉમેર્યું હતું કે, "હાલમાં મોટા પ્રમાણમાં તેલ અને ગેસ બજારમાં વહેતા અટકી ગયા છે." જો આવતીકાલે હોર્મુઝની સામુદ્રધુની ખુલી જાય તો પણ ગ્લોબલ પેટ્રોલિયમ સપ્લાય ચેઈનને પુનઃસ્થાપિત કરવામાં લાંબો સમય લાગશે. ભૌતિક સપ્લાય ચેઈન તાત્કાલિક પ્રતિસાદ આપતી નથી; સાચા પ્રકારના ક્રૂડ અને ઈંધણનો સ્ટોક ફરીથી તૈયાર કરવામાં મહિનાઓ નીકળી શકે છે. આ વિલંબને કારણે વિશ્વના બજારોમાં ઈંધણની ઉપલબ્ધતા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ સંઘર્ષ શરૂ થયો ત્યારથી આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૧૩ અમેરિકન ડોલરની સપાટી સુધી પહોંચી ગયા હતા. હાલમાં આ અહેવાલ તૈયાર થઈ રહ્યો છે ત્યારે ભાવ ૧૦૪ ડોલર પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે.

## આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાએ આંધ્ર પ્રદેશમાં ગ્રીનફિલ્ડ સ્ટીલ પ્લાન્ટનું શિલાન્યાસ કર્યું




અનકાપલ્લી, આંધ્ર પ્રદેશ : આજનો દિવસ આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા માટે એક મહત્વપૂર્ણ ક્ષણ બન્યો છે, કારણ કે આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લાના રાજ્યપેટા ખાતે તેના નવા 8.2 મિલિયન ટન પ્રતિ વર્ષ (પર્યાવરણ મંજૂરી અનુસાર નિર્ધારિત ક્ષમતા) ઈન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ માટે શિલાન્યાસ વિધિ યોજાઈ હતી. આ પ્રોજેક્ટમાં અંદાજે રૂપિયા 70,000 કરોડથી વધુનું તબક્કાવાર રોકાણ કરવામાં આવશે. ઉપરાંત, પ્લાન્ટના સતત થતાં બાંધકામ અને વિકાસની સાથે લગભગ 1 લાખ સીધી અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થવાની અપેક્ષા છે. આ શિલાન્યાસ વિધિ આંધ્ર પ્રદેશના માનનીય મુખ્યમંત્રી શ્રી એન.ચંદ્રબાબુ નાયડુ, માનનીય કેન્દ્રિય સ્ટીલ અને હેવી ઈન્ડસ્ટ્રીઝ મંત્રી શ્રી એચ.ડી. કુમારસ્વામી, આંધ્ર પ્રદેશના માનનીય ઉપમુખ્યમંત્રી શ્રી કે.પવન કલ્યાણ, અને આઈટી, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન, માનવ સંસાધન વિકાસ (HRD), અને રિયલ-ટાઈમ ગવર્નન્સ મંત્રી શ્રી નારા લોકેશની ઉપસ્થિતિમાં યોજાઈ. આ ઉપરાંત, શ્રી લક્ષ્મી મિત્તલ, એક્ઝિક્યુટીવ ચેરમેન, આર્સેલરમિત્તલ, શ્રી આદિત્ય મિત્તલ, ચેરમેન, આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા અને સીઈઓ આર્સેલરમિત્તલ તથા શ્રી દિલીપ ઊમ્મેન, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, આરસેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમે રાજ્યભરમાંથી નોંધપાત્ર ઉત્સાહ અને ધ્યાન આકર્ષિત કર્યુ છે. હજારો લોકો આ ક્ષણના સાક્ષી થવા હાજર રહ્યા હતા, જે આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાનું દેશના સૌથી અદ્યતન સ્ટીલ ઉત્પાદન કરવાની સુવિધાઓમાંથી એક સ્થાપિત કરવાના સ્વપ્નને હકીકત કરવાની શરૂઆત છે. આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાનું શરૂઆતથી જ લક્ષ્ય રહ્યુ છે કે તેઓ પોતાની ઉદ્યોગની અગ્રણી ક્ષમતાનો ઉપયોગ કરીને ભારતમાં વર્ષ 2030 - 31 સુધી ઘરેલું ક્રૂડ સ્ટીલ ઉત્પાદન કરવાની ક્ષમતા 300 MTPA સુધી વધારવા સમર્થન આપે, જે નેશનલ સ્ટીલ પોલિસીને અનુરૂપ હોઈ.

## ખાનગી ક્ષેત્રમાં વિકાસની ધીમી ગતિ ઓક્ટોબર 2022 પછી સૌથી ઓછી

(એજન્સી) નવી દિલ્હી | તા.24

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ અને વધતા જતા ભૌગોલિક-રાજકીય તણાવની માઠી અસર હવે ભારતીય અર્થતંત્રના એન્જિન ગણાતા ખાનગી ક્ષેત્ર પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. એચએસબીસી (HSBC) દ્વારા જારી કરવામાં આવેલા તાજા પીએમઆઈ (PMI) ડેટા અનુસાર, માર્ચ મહિનામાં ભારતની ખાનગી ક્ષેત્રની પ્રવૃત્તિ ઓક્ટોબર ૨૦૨૨ પછીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે. વધતો જતો ફુગાવો, બજારની અસ્થિરતા અને યુદ્ધને કારણે સર્જાયેલી અનિશ્ચિતતાને પગલે વિકાસની ગતિમાં મોટો બ્રેક લાગ્યો છે, જે આર્થિક નિષ્ણાતો માટે ચિંતાનો વિષય બન્યો છે.એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ, જે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરના સંયુક્ત આઉટપુટને માપે છે, તે ફેબ્રુઆરીમાં ૫૮.૯ હતો જે માર્ચમાં ઘટીને



૫૬.૫ પર આવી ગયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, છેલ્લા સાડા ત્રણ વર્ષમાં આ સૌથી ધીમી ગતિનો વિસ્તાર છે. જોકે ઈન્ડેક્સ હજુ પણ ૫૦ની ઉપર હોવાથી વિકાસ ચાલુ છે તેમ કહી શકાય, પરંતુ ગતિમાં આવેલો આ ઘટાડો સૂચવે છે કે સ્થાનિક માંગ નબળી પડી રહી છે. આશ્ચર્યજનક રીતે, આંતરરાષ્ટ્રીય ઓર્ડર્સમાં સર્વેક્ષણના ઈતિહાસમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે.સૌથી વધુ અસર ઉત્પાદન એટલે કે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં જોવા મળી છે. મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ, અમેરિકા અને ઈરાન વચ્ચેના વળતા હુમલાઓને કારણે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પડ્યો છે. માર્ચમાં ફેક્ટરી આઉટપુટની વૃદ્ધિ ઓગસ્ટ ૨૦૨૧ પછીના સૌથી નીચલા સ્તરે રહી છે. ઉત્પાદકોનું કહેવું છે કે યુદ્ધને કારણે અનિશ્ચિતતા વધી છે, જેના લીધે નવી માંગમાં ઘટાડો થયો છે. એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ પણ ફેબ્રુઆરીના ૫૬.૯ થી ઘટીને ૫૩.૮ પર આવી ગયો છે, જે સાડા ચાર વર્ષની નીચી સપાટી છે. સેવા ક્ષેત્રમાં પણ જાન્યુઆરી ૨૦૨૫ પછીની સૌથી નબળી વૃદ્ધિ નોંધાઈ છે. આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં વિક્ષેપ અને યુદ્ધની અસરોએ બિઝનેસ પ્રવૃત્તિઓને મંદ પાડી છે. બીજી તરફ, ઈનપુટ ખર્ચ એટલે કે કાચા માલના ભાવ છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઝડપથી વધ્યા છે. એલ્યુમિનિયમ, કેમિકલ્સ, ઈલેક્ટ્રોનિક ઘટકો, ઉર્જા અને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં તોતિંગ વધારો થયો છે.

## ઈઝી માય ટ્રિપ સમર સેલ ૨૦૨૬ માં પ્રવાસીઓની ચાંદી

નવી દિલ્હી: ઉનાળાના વેકેશનનું આયોજન કરી રહેલા પ્રવાસીઓ માટે ભારતના અગ્રણી ટ્રાવેલ-ટેક પ્લેટફોર્મ 'ઈઝી માય ટ્રિપ' (EaseMyTrip) એ તેની ધમાકેદાર 'સની ગેટવે સેલ' (Sunny Getaway Sale) ની જાહેરાત કરી છે. ૨૪ માર્ચ થી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલનારા આ મર્યાદિત સમયના અભિયાન અંતર્ગત ફ્લાઈટ્સ, હોટેલ્સ, હોલિડે પેકેજ, બસ અને કેબ બુકિંગ પર આકર્ષક ઓફર્સ આપવામાં આવી રહી છે. આ સેલનો હેતુ પ્રવાસીઓને ઓછા ખર્ચે અને વધુ સુવિધા સાથે તેમના ઉનાળુ પ્રવાસનું આયોજન કરવામાં મદદ કરવાનો છે.ઈઝી માય ટ્રિપ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, ગ્રાહકો ફ્લાઈટ બુકિંગ પર ૫,૦૦૦ રૂપિયા સુધી અને હોટેલ બુકિંગ પર ૧૦,૦૦૦ રૂપિયા સુધીનું માતબર ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. આ ઉપરાંત, બસ બુકિંગ પર ૨૫૦ રૂપિયા અને કેબ બુકિંગ પર ૫૦૦ રૂપિયા સુધીની રાહત આપવામાં આવી રહી છે. ખાસ કરીને મધ્યમ વર્ગીય પરિવારો માટે માત્ર ૭,૯૯૯ રૂપિયાથી શરૂ થતા હોલિડે પેકેજ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગ્રાહકો 'EMTSUNNY' પ્રોમો કોડનો ઉપયોગ કરીને આ લાભ મેળવી શકે છે.

આ સેલને સફળ બનાવવા માટે કંપનીએ વિશ્વની અગ્રણી એરલાઈન્સ સાથે ભાગીદારી કરી છે. જેમાં એર ફ્રાન્સ, બ્રિટિશ એરવેઝ, લુફ્થાન્સા, સિંગાપોર એરલાઈન્સ, અમેરિકન એરલાઈન્સ અને સાઉદી અરેબિયન એરલાઈન્સ જેવી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે. સ્થાનિક સ્તરે ગોવા, કાશ્મીર, કેરળ, લદ્દાખ અને હિમાચલ પ્રદેશ જેવા લોકપ્રિય સ્થળો માટે ખાસ ઓફર્સ મુકવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે બાલી, માલદીવ્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશો પ્રવાસીઓની પ્રથમ પસંદગી બની રહ્યા છે.

## હાઉસિંગ વેચાણમાં ઘટાડાની આશંકા જો સેગમેન્ટ નહીં બદલાય

નવી દિલ્હી: ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્ર અત્યારે એક મહત્વના વળાંક પર ઉભું છે. નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના તાજા અહેવાલ મુજબ, જો ડેવલપર્સ તેમનું ધ્યાન લક્ઝરી સેગમેન્ટ પરથી હટાવીને મધ્યમ આવક ધરાવતા જૂથ (Mid-income) અને પ્રીમિયમ હાઉસિંગ તરફ નહીં વાળે, તો આગામી મહિનાઓમાં મકાનોના વેચાણમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. અહેવાલમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે બિલ્ડરોએ પ્રોપર્ટીની કિંમતો અને ટિકિટ સાઈઝ પર અંકુશ રાખીને સામાન્ય જનતા માટે પરવડે તેવા આવાસો પર ધ્યાન કેન્દ્રિત કરવું અનિવાર્ય બન્યું છે. રિપોર્ટમાં દલીલ કરવામાં આવી છે કે જ્યાં સુધી ડેવલપર્સ એફોર્ડેબિલિટી એટલે કે પોષણક્ષમતા સુધારવા પર ભાર નહીં મૂકે ત્યાં સુધી હાઉસિંગ વોલ્યુમ નરમ રહેશે. હાલમાં રિયલ એસ્ટેટના શેરોમાં પણ સુધારો જોવા મળ્યો છે, જે ઘટતા વેચાણ વોલ્યુમને અનુરૂપ છે. રોકાણકારોમાં પ્રી-સેલ્સ ગ્રોથ અંગેની ચિંતાને કારણે વેલ્યુએશન મલ્ટિપલ્સમાં ઘટાડો થયો છે. નિષ્ણાતો માને છે કે જે કંપનીઓ પાસે ભાડાની આવક (Annuity Portfolio) મજબૂત છે, તેઓ આ પડકારજનક સમયમાં અન્ય શુદ્ધ હાઉસિંગ કંપનીઓ કરતા વધુ સારું પ્રદર્શન કરી શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ ના ડેટા મુજબ, વાર્ષિક ધોરણે હાઉસિંગ વેચાણ અને લોન્ચિંગના મૂલ્યમાં અનુક્રમે ૧૮ ટકા અને ૧૭ ટકાનો વધારો થયો છે. વોલ્યુમની દ્રષ્ટિએ માંગમાં ૧૧ ટકાનો વધારો થયો છે, જ્યારે પુરવઠો સ્થિર રહ્યો છે. બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈ જેવા ટેક-સેન્ટ્રિક શહેરોમાં વેચાણમાં તેજી જોવા મળી છે. જોકે, ચિંતાજનક બાબત એ છે કે વણવેચાયેલા મકાનો નું સ્તર ફેબ્રુઆરી ૨૦૨૫ ના ૧૯ મહિનાની સરખામણીએ વધીને ૨૦ મહિના પર પહોંચી ગયું છે, જે બજારમાં ઘરોની ધીમી શોષણ ક્ષમતા દર્શાવે છે.

## એફપીઆઈ સિક્યોરિટીઝ વેચાણથી દબાણ વધ્યું

### વિદેશી રોકાણકારોનો નકારાત્મક પ્રવાહ માર્ચમાં ચિંતાજનક સ્તરે




અમદાવાદ: માર્ચ ૨૦૨૬ના પ્રારંભ સાથે જ ભારતીય નાણાકીય બજારમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) ના વલણમાં મોટો પલટો જોવા મળ્યો છે. વર્ષની શરૂઆતમાં જોવા મળેલો ઉત્સાહ ઓસરી રહ્યો છે અને સરકારી સિક્યોરિટીઝમાં રોકાણનો પ્રવાહ હવે નકારાત્મક ઝોનમાં પ્રવેશ્યો છે. ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડના તાજા આંકડાઓ મુજબ, વિદેશી રોકાણકારોએ ચાલુ માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં અંદાજે ૧૩,૦૨૭ કરોડ રૂપિયાની સિક્યોરિટીઝનું ચોખ્ખું વેચાણ કર્યું છે, જેના કારણે સ્થાનિક બજારમાં તરલતા અને સેન્ટિમેન્ટ પર વિપરીત અસર પડી છે.બજારના વિશ્લેષકોના મતે, આ નકારાત્મક પ્રવાહ પાછળ મુખ્યત્વે વૈશ્વિક ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ જવાબદાર છે. પશ્ચિમ એશિયામાં વધતા જતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની સપાટી વટાવી ગયા છે. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું તેલ આયાત કરતું હોવાથી, ઊંચા ભાવને કારણે દેશની ચાલુ ખાતાની ખાધ (CAD) વધવાની ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિએ વિદેશી રોકાણકારોને ભારતીય બજારમાંથી નાણાં પરત ખેંચવા માટે મજબૂર કર્યા છે. તેલના વધતા ભાવની સીધી અસર ભારતીય રૂપિયા પર જોવા મળી રહી છે. ડોલર સામે રૂપિયો સતત નબળો પડી રહ્યો છે, જે વિદેશી રોકાણકારો માટે વળતરના ગણિતને બગાડી રહ્યો છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી રોકાણકારોને મળતું વાસ્તવિક વળતર ઘટી જાય છે, જેના પરિણામે તેઓ સુરક્ષિત મનાતા અન્ય વિકલ્પો તરફ વળે છે. ખાનગી બેંકોના ટ્રેઝરી વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, હાલમાં બોન્ડ માર્કેટ વિદેશી રોકાણકારો માટે ખાસ આકર્ષક રહ્યું નથી.વર્તમાન સ્થિતિમાં માત્ર સરકારી બોન્ડ્સ જ નહીં, પરંતુ ઈક્વિટી માર્કેટમાં પણ વિદેશી રોકાણકારો વેચવાલ બન્યા છે.

## સુપ્રીમ કોર્ટ તપાસ આદેશથી ખળભળાટ મચ્યો, આરકોમ નાણાકીય ગેરરીતિ તપાસ તેજ બની છે

# અનિલ અંબાણી બેન્ક લોન કૌભાંડમાં સુપ્રીમ કોર્ટ અત્યંત કડક

(એજન્સી) નવી દિલ્હી | તા.24

રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ) સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના કથિત બેન્ક લોન કૌભાંડ મામલે દેશની સર્વોચ્ચ અદાલતે આજે અત્યંત આકરું વલણ અપનાવ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કેન્દ્રીય તપાસ એજન્સીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે અનિલ અંબાણીના નેતૃત્વ હેઠળની કંપની વિરુદ્ધ ચાલી રહેલી તપાસમાં કોઈપણ પ્રકારની ઢીલાશ ચલાવી લેવામાં આવશે નહીં. કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) ને આદેશ આપ્યો છે કે તેઓ પરસ્પર સંકલન સાધીને આર્થિક ગુનાના મૂળ સુધી પહોંચે અને નિર્ધારિત સમય મર્યાદામાં સત્ય બહાર લાવે.સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન તપાસ એજન્સીઓની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.



અદાલતે ચિંતા વ્યક્ત કરી હતી કે આટલા મોટા આર્થિક કૌભાંડમાં તપાસની ગતિ ધાર્યા મુજબની નથી. ન્યાયતંત્ર અને સામાન્ય જનતાનો વિશ્વાસ ટકાવી રાખવા માટે આ કેસની તપાસ નિષ્પક્ષ અને પારદર્શક હોવી અનિવાર્ય છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી કાર્યવાહીના તારણો શું છે તે સ્પષ્ટ થવું જોઈએ. જોકે, અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું કે તે તપાસમાં સીધો હસ્તક્ષેપ કરીને ધરપકડનો આદેશ આપી શકે નહીં, પરંતુ એજન્સીઓએ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવવી પડશે.સરકાર વતી રજૂ થયેલા પક્ષે અદાલતને ખાતરી આપી હતી કે તપાસ યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અત્યાર સુધીમાં આ કૌભાંડ સાથે જોડાયેલી અંદાજે 15,000 કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરવામાં આવી છે. તપાસ દરમિયાન કેટલીક ધરપકડો પણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. બીજી તરફ, અરજદાર પક્ષના વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે પૂરતા દસ્તાવેજી પુરાવા હોવા છતાં મુખ્ય જવાબદારો સામે હજુ સુધી કડક પગલાં લેવામાં આવ્યા નથી, જે તપાસની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે.સમગ્ર વિવાદ વર્ષ 2013 થી 2017 દરમિયાનનો છે. આરોપ છે કે અનિલ અંબાણીની કંપની આરકોમ અને તેની પેટા કંપનીઓએ વિવિધ બેન્કો પાસેથી મેળવેલી લોનના નાણાંનો અન્ય હેતુઓ માટે ઉપયોગ કર્યો હતો. જટિલ નાણાકીય વ્યવહારો અને શેલ કંપનીઓના માળખા દ્વારા બેન્કોના નાણાં વળવાને બદલે તેને અન્યત્ર વાળવામાં આવ્યા હોવાની આશંકા છે. આ નાણાકીય ગેરરીતિને કારણે બેન્કિંગ ક્ષેત્રને મોટું નુકસાન વેઠવું પડ્યું છે, જેની તપાસ હવે સીબીઆઈના રડાર પર છે.તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, સીબીઆઈએ અનિલ અંબાણી જૂથના અત્યંત નજીકના અને ટોચના અધિકારીઓની પૂછપરછ તેજ કરી છે. ગૌતમ દોશી, સતીશ સેઠ અને અમિતાભ ઝુનઝુનવાલા જેવા વરિષ્ઠ અધિકારીઓને બોલાવીને લોન વિતરણ અને તેના વપરાશ અંગેના સવાલો પૂછવામાં આવ્યા છે.

**તંત્રીની કલમે...**

**વિક્રમ સંવત 2082, ચૈત્ર સુદ - 07**

# પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ભાજપનો 'ધાર્મિક દાવ'

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપએ ચૂંટણીની રણનીતિમાં મોટો ફેરફાર કર્યો છે. ભાજપે ચૂંટણી માટે ઘણા સન્યાસી, મહંતો અને પૂજારીઓને ઉમેદવાર બનાવ્યા છે. ભાજપનું લક્ષ્ય ઉમેદવારોના આધ્યાત્મિક પ્રભાવનો ફાયદો લઈને ટીએમસીને પછાડવાનો છે. ઉત્તર પ્રદેશમાં જે રીતે યોગી આદિત્યનાથની લોકપ્રિયતા અકબંધ રહી છે એને આધારે પશ્ચિમ બંગાળમાં પણ ભાજપ ઈમેજ ઉભી કરવા માંગે છે. ભાજપે પશ્ચિમ બંગાળના જુદા જુદા મઠો અને મંદિરો સાથે જોડાયેલા જાણીતા ચહેરાઓને મોકો આપ્યો છે. હિન્દુઓ જેમને મહારાજ તરીકે ઓળખે છે એમને ભાજપે વિધાનસભાની ટિકિટો આપી છે. આવી વ્યક્તિઓ લાંબા સમયથી નેતૃત્વની સાથે સામાજીક અને સાંસ્કૃતિક કામગીરી પણ કરી રહી છે. કાલીગંજ બેઠક પરથી ભાજપે ૪૨ વર્ષના સન્યાસી ઉત્પલ મહારાજને ટીકીટ આપી છે. ઉલુબેરિયા દક્ષીણ બેઠક પરથી ભાજપ સન્યાસી સ્વામી મંગલાનંદ પુરીને ચૂંટણી લડાવશે.સુપ્રિમ કોર્ટના સિનિયર જસ્ટીસ ઉજ્જવલ ભૂયીયાએ એક અગત્યની વાત કહી છે. સમાજના ભાઈચારા બાબતે એમણે બેધડક થઈને કહ્યુ છે. એમણે કહ્યુ હતું કે, ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનું સપનું ફક્ત નારાબાજીથી પૂરુ નહીં થાય. ભૂયીયાએ કહ્યું હતું કે, અસહમત થનારાઓના અવાજો દબાવવા, આડેધડ ધરપકડો કરવી, આ લક્ષ્યમા સૌથી મોટો અવરોધ છે. જસ્ટીસ ભૂયીયાએ આતંકવાદ વિરોધી કાયદા (યુએપીએ)ના વધતા ઉપયોગ બાબતે પણ ચિંતા જાહેર કરી હતી. એમણે કહ્યુ હતું કે ૨૦૧૯ થી ૨૦૨૩ સુધીમાં હજારો લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે પકડાયેલામાંથી માંડ પાંચ ટકા દોષિત સાબિત થયા છે. એમણે કહ્યુ હતું કે, 'સજાની ટકાવારીનો આટલો ઓછો દર શું બતાવે છે? કાયદાનો આ દુરઉપયોગ નથી તો બીજુ શું છે?'ઉનાળો શરૂ થયો એ પહેલા જ દિલ્હીમાં એક પછી એક કુવા, તળાવો સુકાવા માંડયા હતા. જોકે સત્તાધિશોએ આ બાબતે ધ્યાન આપ્યું નહોતું. પાણીના સંગ્રહ કરતા વપરાશ બે ગણો વધારે છે. જમીનની નીચેના પાણીના સ્રોત ઓછા થઈ રહ્યા છે. દિલ્હી પાણી માટે સૌથી વધુ યમુના નદી પર આધાર રાખે છે. આ નદી પર ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, યુપી અને હરિયાણાની તરસ છીપાવવાની જવાબદારી પણ છે. રાજધાનીના વઝીરાબાદ અને ચંદ્રાવલમાં યમુનાનું પાણી મળે છે. યમુનાનું પાણી દિલ્હીના લોકો માટે પીવાનો એક માત્ર સ્રોત છે. ગંગા નદીનું પાણી ગંગા નહેર દ્વારા દિલ્હી લાવવામાં આવે છે. જેનાથી સોનિયા વિહાર અને ભાગીરથી વોટર વર્કસ ભરવામાં આવે છે. ભાખડા સ્ટોરેજથી જે પાણી આવે છે એનું હૈદરપુર, દ્વારકા અને નાગલોઈના માધ્યમમાં શુદ્ધ થયા પછી વિતરણ થાય છે. આ વર્ષે આ બધા જ સ્રોત સુકાઈ રહ્યા છે.મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે જાપાને જાહેરાત કરી છે કે, એ હોર્મૂઝની ખાડીમાં કોમર્શિયલ જહાજોને સરળતાથી પસાર કરી શકે એ માટે ઈરાન દ્વારા પાણીની નીચે મૂકવામાં આવેલી લેવલ માઈન્સ દુર કરવા મદદ કરશે. જાપાનના વિદેશ મંત્રી તોશીમીત્સુ મોતેગીના કહેવા પ્રમાણે જો આ વિસ્તારમાં સીઝફાયર થાય તો જાપાન પોતાના 'માઈનસ્વીપર' જહાજોની મદદથી સમુદ્ર નીચેની સુરંગો સાફ કરી શકે છે. જોકે અમેરિકાના નાટો સાથીઓએ ઈરાન વિરુદ્ધ કોઈપણ પ્રકારના નૌસેનીક ઓપરેશનમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો છે. માઈનસ્વીપર એવા ખાસ જહાજો હોય છે જે સમુદ્રની નીચે પાથરવામાં આવેલી સુરંગને નિષ્ક્રીય કરી શકે છે. જાપાનની 'મેરીટાઈમ સેલ્ફ-ડિફેન્સ ફોર્સ' (જેએમએસડીએફ) વિશ્વમાં શ્રેષ્ઠ ગણાય છે. માઈનસ્વીપર જહાજો સમુદ્રી વિસ્તારમાં એક ખાસ રૂટ પર સમગ્ર રસ્તો સુરક્ષીત બનાવી શકે છે.મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં હમણા જ થયેલી જિલ્લા પરીષદ પ્રમુખની ચૂંટણીને કારણે મહાયુતિમાં મતભેદ ઉભા કર્યો છે. આ ચૂંટણીમાં ભાજપના પ્રિય શિંદે પ્રમુખ પદની ચૂંટણી જીતી ગયા હતા. શિવસેના (એકનાથ શિંદે) અને એનસીપી (અજીત પવાર) પાસે વધુ સંખ્યા હોવા છતાં ભાજપે જીત મેળવી છે. આ ચૂંટણીમાં ભાજપે ગઠબંધનના કેટલાક સભ્યોને પોતાની તરફ કરી લીધા હતા જેને કારણે ગઠબંધનમાં નારાજગી દેખાઈ રહી છે. આ બાબતે મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અને શિવસેનાના પ્રમુખ એકનાથ શિંદેએ કહ્યુ હતું કે, સતારા જિલ્લા પરીષદના કેટલાક ચૂંટાયેલા સભ્યો સામે પોલીસે જે કાર્યવાહી કરી હતી એ લોકશાહીની હત્યા સમાન હતું. શિંદેએ આરોપ મૂક્યો હતો કે સ્થાનિક અધિકારીઓએ ચૂંટણીના પરિણામો બદલવા માટે સત્તાનો દુરઉપયોગ કર્યો હતો.

# ડાયલ 112 જનરક્ષક સેવા જનતાની સુરક્ષા અને આપાતકાલીન પરિસ્થિતિમાં તાત્કાલિક સહાય માટે પ્રતિબદ્ધ

**દાહોદ ૧૧૨ ટીમએ પીપલોદ રેલ્વે ટ્રેક પર વ્યથિત હાલતમાં ઉભેલ પોતાના નાનકડાં ૨ બાળકો સાથે માતાનો કરાયો બચાવ**

દિપક રાવલ | દાહોદ



Dial 112 જનરક્ષક સેવા પિપલોદ ટીમને લીમખેડા રેલવે સ્ટેશન પરથી એક ઈમર્જન્સી કોલ પ્રાપ્ત થતા ટીમે તાત્કાલિક પ્રતિસાદ આપ્યો હતો. સ્થળ પર પહોંચતા કોલરશ્રી રમેશભાઈ ગુલાબભાઈ બારિયા (રેલવે સ્ટાફ) દ્વારા જાણ કરવામાં આવી કે, એક મહિલા તેના બે નાનાં બાળકો સાથે રેલવે ટ્રેક ઉપર વ્યથિત હાલતમાં ઉભી હતી. પોલીસ સ્ટાફે તાત્કાલિક અને સતર્ક રહીને કાર્યવાહી કરીને મહિલાને અને તેના બન્ને બાળકોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કરીને રેલવે સ્ટેશનના સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. પુછપરછ દરમિયાન મહિલાએ પોતાનું નામ વનિતાબેન (ઉંમર અંદાજે ૩૭ વર્ષ), રહેવાસી પટવાણ, વેડ ફળીયું, લીમખેડા, જીલ્લો દાહોદ જણાવ્યું હતું. તેણીએ જણાવ્યું કે, પતિ સાથેના ઘરેલુ વિવાદને કારણે માનસિક તાણમાં આવીને આ આકસ્મિક પગલું ભરવાનો નિર્ણય લીધો હતો. મહિલાના ભાણિયા ઉમેશભાઈ પરમારનો સંપર્ક કરીને તેમને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. મહિલાને અને તેના બાળકોને સુરક્ષિત રીતે તેમના ભાણિયાને સોંપવામાં આવ્યા હતા. તેમજ વધુ કાર્યવાહી માટે લીમખેડા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયા હતા. પીપલોદ PCR ટીમ માં HC મનોજ મુનિયા (પિપલોદ), ડ્રાઈવરમાં ભાવસિંગભાઈ (અ.પો. કો., બ.નં. 1150) તેમજ ઈન્ચાર્જ મનોજભાઈ લિમસિંગભાઈ (અ. હે. કો., બ.નં. 692) એ આ સમગ્ર ઘટનાને કવર કરીને માતા સહિત બન્ને બાળકોનો બચાવ કર્યો હતો.

# દેવગઢ બારીયા ઘટક 3 ના ગામ જૂનીબેડી,કેળકુવા, સાગતાળા,ટીમરવા ખાતે નવી 4 આંગણવાડી કેન્દ્રનો લોકાર્પણ કરાયું



દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ઘટક 3 ના ગામ જૂનીબેડી, કેળકુવા, સાગટાળા, ટીમરવા ખાતે નવી 4 આંગણવાડી કેન્દ્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગામના સરપંચશ્રી, આગેવાનો, વડીલો, આંગણવાડી કેન્દ્રના બાળકો અને લાભાર્થીઓ તેમજ મુખ્ય સેવિકા બહેનો હાજર રહ્યા હતા. આંગણવાડી કેન્દ્રમાં નાના બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીં પોષણ, શિક્ષણ અને આરોગ્ય સંબંધિત સેવાઓ દ્વારા બાળકો અને માતાઓને લાભ મળશે.આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ આંગણવાડી સેવાઓના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું અને બાળકોના સારા ભવિષ્ય માટે આ કેન્દ્ર ઉપયોગી બનશે એવી આશા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે આંગણવાડી કાર્યકર બહેનો, આશા વર્કર, ગામના આગેવાનો તથા સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન સુચારૂ રીતે પૂર્ણ થયું હતું. અંતમાં સૌએ આંગણવાડી કેન્દ્રનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો.

# મહીસાગર જીલ્લા ભાજપા સંગઠનમાં નવિન કોઠંબા તાલુકાને અન્યાય

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જીલ્લા ભાજપનું સંગઠન જાહેર થયા બાદ નવીન કોઠંબા તાલુકાના કાર્યકરોનો સમાવેશ ના થતા ભાજપમાં ઉકળતો ચરૂ.ભાજપ એટલે કે ભારતીય જનતા પાર્ટી જનતાનો પોતાનો પક્ષ કે જેને ફર્ષ થી અર્થ સુધી પહોંચાડવા માટે પાયાના કાર્યકરો કે જેમણે પક્ષનો વ્યાપ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પોતાનું લોહી પસીનો એક કરી દીધો. આજે તે અદનો સમર્પિત કાર્યકર ક્યાં છે ?એવા અનેક સવાલો ઊભા થયા છે. આવું જ કંઈક મહીસાગર જિલ્લાના નવ રચિત કોઠંબા તાલુકાના ભાજપના કાર્યકરો અનુભવી રહ્યા છે. એક સમય હતો કે જ્યારે બૃહદ પંચમહાલ જિલ્લામાં કોઠંબાના કાર્યકર્તાઓનો પડતો બોલ ઝીલાતો અને તેમનો જિલ્લાના રાજકારણમાં એક અલગ જ પ્રભાવ હતો. કારણ કે તેમણે અંગત સ્વાર્થને સાઈડ કરીને માત્ર પક્ષનું જ હિત જોયું. આજે એ કાર્યકરોને ડાઉન કરી દેવામાં આવ્યા છે અથવા તો સદંતર ભૂલાવી દેવામાં આવ્યા છે. જ્યારે કોઠંબા ને નવીન તાલુકો જાહેર કરાયો ત્યારે કોઠંબાના મૂળભૂત કાર્યકરોને એક અપેક્ષા હતી કે અમારી વર્ષોની પક્ષ માટે કરેલ સેવા કાર્યની કદર થશે અને સંગઠનમાં કોઈ સ્થાન મળશે પરંતુ જ્યારે મહીસાગર જિલ્લા ભાજપ સંગઠનનું નવું માળખું રચાયું ત્યારે આવા અદના કાર્યકરોને છેતરાયા હોય તેવું મહેસુસ થયું કોઈ નવીન ચહેરાઓને સ્થાન અપાવ્યું નહીં તે તો ઠીક પરંતુ કોઠંબા તાલુકાની તો જિલ્લાના સંગઠનમાંથી જ સંપૂર્ણ બાદબાકી કરી દેવામાં આવી. તાલુકા મંડળ સંગઠનમાં પણ ભૂતકાળમાં એ જ ઘટનાક્રમ દેખાયો હતો જ્યારે સિનિયર કાર્યકરોની ધરાર અવગણના કરીને જેમને સંગઠનનો કોઈ અનુભવ નથી તેઓને મોભાદાર હોદ્દા આપી દેવામાં આવ્યા.

# લવ જેહાદનો મામલો : પોલીસની કાર્યવાહી હું મારી મરજીથી મોહસીન સાથે ગઈ છું', રાજુલાની યુવતીનો ચોંકાવનારો વીડિયો વાયરલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા શહેરમાં થોડા દિવસો પહેલા ગુમ થયેલી એક યુવતીનો મામલો હવે નવા વળાંક પર પહોંચ્યો છે. યુવતીએ સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરીને જણાવ્યું છે કે તે પોતાની મરજીથી મોહસીન નામના યુવક સાથે ગઈ છે અને બંનેએ લગ્ન પણ કરી લીધા છે.અને અમને કંઈ થશે તો તેના પરીવારની જવાબદાર હોવાનો ઉલ્લેખ કર્યો હોય પોલીસે વિડીયોના આધારે કાર્યવાહી કરી છે.માહિતી મુજબ, યુવતી ઘરેથી બ્યુટી પાર્લર કોર્સના બહાને નીકળ્યા બાદ પરત નહી ફરતા તેના પરીવારે તેની શોધખોળ કરી હતી. પરંતુ યુવતીનો કંઈ પતો નહી મળતા પરિવાર દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ બાદ વિશ્વ હિન્દુ પરિષદ સહિતના કેટલાક સામાજિક સંગઠનોના લોકો રાજુલા પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા અને યુવતીને શોધી પરત લાવવા માંગ કરી હતી.

પરંતુ થોડા જ સમયમાં યુવતીએ પોતાના પતિ સાથે વીડિયો જાહેર કર્યો હતો

આ બાબતે રાજુલા પીઆઈ



કોલાદરા જણાવ્યું હતું કે હાલ યુવતીના માતા-પિતા સાથે સંપર્ક અને વાતચીત ચાલુ છે. જોકે યુવતી હાલ રાજુલા પરત આવવા માટે તૈયાર નથી.બંને સમાજના આગેવાનોને વચ્ચે રાખીને પણ સમાધાન માટે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે અને વાટાઘાટો ચાલુ છે. હાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં યુવતી ગુમ થયાની નોંધ કરવામાં આવી છે.

કરીને સ્પષ્ટ કર્યું કે તે પોતાની ઈચ્છાથી ગઈ છે, તેણે મોહસીન સાથે લગ્ન કર્યા છે.છેલ્લા ત્રણ મહિનાથી બંને સાથે રહે છે. અને પરિવારને પણ આ અંગે જાણ છે યુવતીએ વધુમાં અપીલ કરી હતી કે તેમના વ્યક્તિગત જીવનમાં કોઈ દખલ ન કરે, નહિતર તે કાનૂની પગલાં લેશે.

# જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે ખોડિયાર માતાજી નો અગિયારમો પાટોત્સવ ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આઈ શ્રી ખોડલધામ ખોડલીવાવ બાબરકોટ ગામે અગિયારમો પાટોત્સવ નું ભવ્ય આયોજન સમસ્ત બાબરકોટ ગામ તથા સમસ્ત સાંખટ પરિવાર દ્વારા યોજવામાં આવ્યો હતો.બાબરકોટ ગામે સાંખટ પરિવારના ૧૫૧ ગામના લોકો જોડાયા હતા.અને ૫૧ કુંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૨ પાટલાઓમાં લોકો જોડાઇ યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય યજમાનશ્રી રામજીભાઈ બચું ભાઇ સાંખટ બાબરકોટ ગામના વતની મુખ્ય પાટલાના યજમાન રહ્યા હતા.ખોડલી વાવ ખોડીયાર માતાજીના સાનિધ્યમાં સૈત્રર સુદ ને પાસમ ને રવિવાર ના દિવસે હવનનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૫ હજાર થી વધુ ભક્તોએ માતાજીના દર્શન કરીને પ્રસાદ લીધા હતા.અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે ખોડીયાર માતાજી ખોડલિવાવે દર વર્ષે ચૈત્રસુદ પાંચમ ના દિવસે સમસ્ત બાબરકોટ ગામ તથા સમસ્ત સાંખટ પરિવારના લોકો જોડાયને દર વર્ષે ભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવે છે. આ પ્રસંગે સાંખટ પરિવારના તમામ આગેવાનો વડીલો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આજુબાજુ ગામોના સરપંચશ્રીઓ ,રાજકીય આગેવાનો, બહોળી સખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં યુવા મોરચા દ્વારા ૨૩ માર્ચે "શહીદો કે નામ" કાર્યક્રમનું ભવ્ય અને દેશભક્તિમય આયોજન કરવામાં આવેલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગનાં સુરેશ પાનસુરીયાની યાદી જણાવે છે કે ભારતીય જનતા યુવા મોરચો, જૂનાગઢ મહાનગર દ્વારા 23 માર્ચના પવિત્ર દિવસે "શહીદો કે નામ" કાર્યક્રમનું ભવ્ય અને દેશભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન નરસિંહ મહેતા સરોવર સ્થિત શહીદ સ્મારકના પવિત્ર પરિસરમાં કરવામાં આવ્યું હતું, જ્યાં દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રીમતિ પલ્લવીબેન ઠાકર, પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ નીતિનસિંહ બારડ, શહેરના કોર્પોરેટરશ્રીઓ તથા વિવિધ હોદેદારોની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. જૂનાગઢ શહેર ભાજપના પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સફળતા મળી હતી, જે યુવા મોરચાની રાષ્ટ્રપ્રેમી ભાવનાને વધુ મજબૂત બનાવે છે.યુવા



મોરચાના પ્રમુખ અભયભાઈ રીબડીયા અને તેમની સમગ્ર ટીમ દ્વારા શહીદ થયેલા વીર પુરુષોના પરિવારોનું સાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે દેશની સેવા માટે જીવન સમર્પિત કરનાર માજી સૈનિકોને તિરંગાના ખેસથી સન્માનિત કરી સૌ માટે ગૌરવ અને પ્રેરણાદાયી બનેલઆ પ્રસંગે લોકપ્રિય કલાકારો દ્વારા દેશભક્તિના ગીતો સાથે લોક ડાયરા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, જેમાં ઉપસ્થિત સૌએ દેશપ્રેમની લાગણી સાથે કાર્યક્રમનો આનંદ માણ્યો.

# ભેરાઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફાર્માસિસ્ટ જીતેન્દ્ર જોશીનો સન્માનપૂર્વક વિદાય સમારંભ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજ રોજ ભેરાઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફાર્માસિસ્ટ જીતેન્દ્રકુમાર કાંતિલાલ જોશી, જેઓ તા. ૨૮/૦૨/૨૦૨૬ના રોજ નિવૃત્ત થયાં હતા, તેમના સન્માનમાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ડો. જાની મેડમ, સુપરવાઇઝર લીલાબેન રાઠોડ, લેબ ટેકનિશિયન જયંતીભાઈ પરમાર, સુપરવાઇઝર નાનજીભાઈ જોગદિયા, અલકેશભાઈ શ્રીમાળી, પરેશભાઈ પંડ્યા, હાર્દિકભાઈ પંડ્યા, હાર્દિકભાઈ ધાંધલિયા, ડેટા ઓપરેટર ઘનશ્યામભાઈ મહેતા, ધવલભાઈ વાણિયા, રેખારામ, ભાવેશભાઈ બળદાણિયા, માવજીભાઈ ગઢદરા, ભાવેશભાઈ વેલારિયા, નયનાબેન મકવાણા, પાયલબેન મોરી, ચાંદનીબેન ભુવા, રક્ષાબેન જોગદિયા, મિતલબેન કળસરિયા, દૃષ્ટિબેન વાજા તેમજ નવા ફાર્માસિસ્ટ ભારતીબેન શિયાળ સહિતના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# કમોસમી વરસાદની આગાહી : તા.૨૭ થી 30 માર્ચ દરમિયાન બાગાયતી પાકો બચાવવા ખેડૂતોને તકેદારી રાખવા અનુરોધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪ રાજ્યમાં આગામી તા.૨૭ થી ૩૦ માર્ચ દરમિયાન માવઠા તથા કમોસમી વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બાગાયતી પાકોમાં તકેદારી રાખવા માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. ખેડૂતોએ ખેતરમાં પરિપક્વ થયેલ ફળ અને શાકભાજી સહિતના પાકો ઉતારી લેવા તેમજ તૈયાર ખેત પેદાશોને સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક અને તાળપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા ઉપરાંત વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવા માટે ઢગલાની ફરતે માટીનો પાળો બનાવવો અને આ સમયગાળા પૂરતો કોઈપણ રાસાયણિક કે સેન્દ્રીય ખાતરો, હોર્મોન્સ તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

વાદળછાયા વાતાવરણ અથવા વરસાદ પછી તાત્કાલિક ભૂકી છારા જેવા રોગ લાગવાની શક્યતાઓ રહેલી છે, જેના નિયંત્રણ માટે બગીચામાં સતત અવલોકન કરવું જરૂરી છે.

# બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ : અફવાઓથી દૂર રહેવા વહીવટી તંત્રની નાગરિકોને અપીલ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તાજેતરમાં ફેલાતી અફવાઓના પગલે વહીવટી તંત્રએ તમામ નાગરિકોને શાંતિ જાળવવા અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે. સાથે સાથે જરૂરીયાત કરતાં વધુ પેટ્રોલ-ડીઝલનો સંગ્રહ ન કરવા પણ ખાસ સૂચના આપવામાં આવી છે.બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે માહિતી આપતા જણાવ્યું કે, જિલ્લામાં કુલ ૧૯૯ પેટ્રોલ પંપો કાર્યરત છે અને તમામ પંપો પર નિયમિત પુરવઠો જળવાઈ રહ્યો છે. હાલની સ્થિતિએ જિલ્લામાં ૩૧ લાખ લીટર કરતાં વધુ પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે, જે સામાન્ય વપરાશ માટે પૂરતો છે.કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા અંગે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલન સાધવામાં આવ્યું છે અને પુરવઠામાં કોઈ અવરોધ ન આવે તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી છે. તંત્ર દ્વારા દરરોજ સ્થિતિની સમીક્ષા કરીને જરૂર મુજબ તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યા છે. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પેટ્રોલ અને ડીઝલના ઉપાડમાં અસામાન્ય રીતે વધારો નોંધાયો છે, જે સામાન્ય દિવસોની સરખામણીએ લગભગ ત્રણ ગણો છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે, કેટલાક નાગરિકો અફવાઓના પ્રભાવ હેઠળ અથવા ગભરાટના કારણે બિનજરૂરી રીતે વધુ ઈંધણ ખરીદી રહ્યા છે, જેના પરિણામે પેટ્રોલ પંપો પર અનાવશ્યક ભીડ સર્જાઈ રહી છે. જિલ્લા કલેક્ટરશ્રીએ નાગરિકોને વિશ્વાસ આપ્યો છે કે, જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર છે અને આગળ પણ યથાવત્ રહેશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અમરેલી જિલ્લાના નાગરિકોને રૂ. ૭૦૭ કરોડના ૨૪ વિકાસ પ્રકલ્પોની ભેટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

મુખ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લાની પ્રગતિને નવી દિશા આપતા પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપી અમરેલી એ.પી.એમ.સી ખાતે વિશાળ જનસભા સંબોધી હતી. સાથે જ ખેડૂતોના ઉત્પાદનોના રક્ષણ માટે રૂ. ૧૨ કરોડના ખર્ચે બે લાખ ચોરસ ફૂટમાં નિર્મિત "વિરાટ" શેડનું તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદાર હાથે જોઈએ તેટલા નાણા આપશે. આ માટે જિલ્લાની વિકાસ કામોનું સુવ્યવસ્થિત આયોજન સાથે ગુણવત્તાયુક્ત કામ થાય તેની તકેદારી લઈ વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે અપીલ કરી હતી.તેમણે ઉમેર્યું હતું કે, અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક



વિકાસ માટે એક નવી તત્પરતા પણ જોવા મળી રહી છે, તાજેતરમાં યોજાયેલી સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં માત્ર અમરેલી જિલ્લાના વિકાસ માટે જુદા જુદા પ્રોજેક્ટમાં રોકાણ અર્થે આશરે ૩૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ પણ થયા છે. ઉપરાંત એક નવી જી.આઈ.ડી.સી પણ મંજુર કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિશ્રીઓએ ટીમ બનીને સુવ્યવસ્થિત વિકાસના કામોનું આયોજન કર્યું છે, તેના પરિણામે જ એક સાથે આટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થઈ રહ્યું છે. છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે આયોજનબદ્ધ વિકાસ કાર્યો થાય તે જરૂરી છે, સાથે જ શહેરોમાં જે સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે તેટલી જ ગ્રામ્ય વિસ્તારમાં આપવા માટે ભાર મૂક્યો હતો.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વથી સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય નાણાકીય વ્યવસ્થાપનમાં ટોચના સ્થાને બિરાજે છે, પરિણામે આજે ગુજરાતમાં નાણાંના અભાવે વિકાસનું કોઈપણ કાર્ય અટકતું નથી. મુખ્યમંત્રીશ્રીએ વિકાસ કાર્યોને જમીન પર ઉતારવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણ મદદ માટે પ્રતિબધ્ધ છે, સાથે જ તેમણે વિકાસ કાર્યો માટે જન પ્રતિનિધિઓમાં રહેલા ઉત્સાહને વધાવ્યો હતો. અમરેલી જિલ્લાના લોકો પાણી માટેની મુશ્કેલીઓની પરિસ્થિતિને સારી રીતે અવગત છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભવિષ્યમાં પાણીનું સંકટ ન આવે તે માટે અત્યારથી જ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે, સાથે જ "કેચ ધ રેઈન" અભિયાન અંતર્ગત વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટેના પણ કાર્યો થઈ રહ્યા છે.

# વડગામમાં 'વિશ્વ ટી.બી. દિવસ'ની પ્રેરણાદાયી ઉજવણી: 82 દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરાયું

**માનવતાનું ઉદાહરણ: વડગામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓએ સ્વખર્ચે ટીબીના દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ અર્પણ કરી**

પાલનપુર | ૨૪ માર્ચ ૨૦૨૬, 'વિશ્વ ટી.બી. દિવસ' નિમિત્તે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની થીમ 'Yes! We Can End TB. Led by Countries, Powered by People' અંતર્ગત બનાસકાંઠા જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારીના માર્ગદર્શન હેઠળ વડગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પ્રકાશકુમાર ચૌધરીના નેતૃત્વમાં ટીબી મુક્ત ભારત અભિયાનને વેગ આપવા માટે તાલુકામાં જનજાગૃતિ રેલી, શાળાઓમાં જાગૃતિ લક્ષી બેઠકો અને ગ્રામ્ય આગેવાનો સાથે મીટિંગો યોજાઈ હતી.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ આરોગ્ય સ્ટાફ દ્વારા કરવામાં આવેલી વિશેષ સેવાકીય પ્રવૃત્તિ રહી હતી. આરોગ્ય સ્ટાફના કર્મચારીઓએ દાતા બનીને સ્વખર્ચે કુલ 82 જેટલી પોષણ કીટ તૈયાર કરી હતી. આ કીટમાં મગ, ચણા, મગની દાળ, તુવેર દાળ, તેલ, ગોળ, મખાણા અને ખજૂર જેવા પૌષ્ટિક આહારનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેનું વિસ્તારના તમામ ટીબીના દર્દીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. ટીબીની સારવારમાં દવાઓની સાથે પૌષ્ટિક આહારનું ખૂબ મહત્વ રહેલું છે, જે દર્દીની રોગપ્રતિકારક શક્તિ વધારી દવાઓના પ્રભાવને વધુ અસરકારક બનાવે છે.

## વિશ્વ ટીબી દિવસ નિમિત્તે પાલનપુરમાં ભવ્ય રેલી: મહાનુભાવોની ઉપસ્થિતિમાં નાગરિકોને અપાયું માર્ગદર્શન

પાલનપુર | આજરોજ ૨૪ માર્ચ, 'વિશ્વ ટીબી દિવસ' નિમિત્તે 'ટીબી મુક્ત ભારત અભિયાન-૨૦૨૬' અંતર્ગત પાલનપુર ખાતે ભવ્ય જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી સિવિલ હોસ્પિટલ પાલનપુરથી પ્રસ્થાન કરી કિર્તીસ્તંભ થઈ પરત સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી હતી, જ્યાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ રેલી દ્વારા ટીબીના રોગ વિશે લોકોને વિગતવાર માહિતગાર કરી, સમયસર તપાસ અને સંપૂર્ણ સારવાર લેવા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, આરોગ્ય કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં જોડાઈને 'ટીબી હટાવો-દેશ બચાવો' અને 'તપાસ કરાવો - ટીબી હરાવો' જેવા ગગનભેદી સૂત્રોચ્ચાર દ્વારા લોકજાગૃતિ ફેલાવી હતી.આ કાર્યક્રમ દરમિયાન બનાસકાંઠા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, ટીબી એક ચેપજન્ય રોગ હોવા છતાં સમયસર નિદાન અને નિયમિત સારવારથી તે સંપૂર્ણપણે મટી શકે છે. જો કોઈ વ્યક્તિને બે અઠવાડિયાથી વધુ સમય સુધી ખાંસી રહે, સતત તાવ આવે કે વજનમાં ઘટાડો જણાય, તો તેણે તાત્કાલિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવવી જોઈએ. આ અભિયાનને સફળ બનાવવા માટે તમામ આરોગ્ય કર્મીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સહયોગ નોંધપાત્ર રહ્યો હતો.

# માળિયા હાટીના તાલુકાના ૫૭ ગામોને 'ટીબી મુક્ત ગ્રામ પંચાયત' જાહેર પ્રમાણપત્ર આપી સન્માન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૨૪ સમગ્ર વિશ્વમાં ૨૪ માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ' (World TB Day) ની ઉજવણી કરવામાં આવે છે, જેના ભાગરૂપે આજે માળિયા હાટીના તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે તાલુકાના કુલ ૬૮ ગામો માંથી ૫૭ ગામોને (૮૩.૮૨%) 'ટીબી મુક્ત ગ્રામ પંચાયત' તરીકે જાહેર કરીને મહાનુભાવોના હસ્તે સરપંચોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. જેમાં આગેવાનો સાથે મુલાકાત, ટી.બી. દર્દીઓને ન્યુટ્રીશન પોષણ કીટ વિતરણ, તેમજ પ્રચાર પસાર કામગીરી કરવામાં આવી હતી.



તેમજ ટીબી મુક્ત ગ્રામ પંચાયત અભિયાન અંતર્ગત માળીયા હાટીના તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) હેઠળના ગામોમાં આવતા અમરાપુર પીએચસીના ૧૬, ખોરાસા પીએચસીના ૧૧ , ગડુ પીએચસીના ૧૧ , જુથળ પીએચસીના ૦૮ , કુકસવાડા પીએચસી ના ૦૬, ભંડુરી પીએચસી ના ૦૫ ગામોનો સમાવેશ થાય છે. જેમાં ૨૩ ગ્રામ પંચાયતો ને ગોલ્ડ, ૩૧ ગ્રામ પંચાયતો ને સીલ્વર અને ૩ ગ્રામ પંચાયતો ને બ્રોન્જ સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કામગીરી જૂનાગઢ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી (CDHO) ડો.સાલ્વી , જિલ્લા ક્ષય અધિકારી (DTO) ડો.વ્યાસ તાલુકા હેલ્થ ઓફિસર (THO) ડો.ડાભી ના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. માળિયા તાલુકા પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મામલતદાર, માળિયા, કે.કે. વાળા, તાલુકા વિકાસ અધિકારી ખેર , તાલુકા હેલ્થ ઓફીસર ડો. ડાભી (THO), તાલુકા હેલ્થ સુપરવાઈઝર (TMPHS) મીતેષભાઈ કછોટ, તથા ભંડુરી PHC ના મેડિકલ ઓફિસર ડો.સ્વપ્ના ભરડા સહિત ના આરોગ્ય કર્મચારીઓ ની ઉપસ્થિતિમાં માળીયા હાટીના ગ્રામ પંચાયત નાં સરપંચશ્રી જીતુભાઈ સિસોદિયાને ટી.બી. મુક્ત ગ્રામ પંચાયતનું પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કર્યા હતા.

## જૂનાગઢના બી.આર.સી ભવન ખાતે સ્પેશિયલ એજ્યુકેટરની બે દિવસય તાલીમ યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૪ ધોરણ ૧ થી ૧૨ માં શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોના સ્પેશિયલ એજ્યુકેટરોને સમાવેશી શિક્ષણ માં આવેલા નવા આયામો તેમજ નવીનતમ પ્રણાલીઓ વિશે મળી રહે તે માટે જૂનાગઢ જિલ્લાના ૯૦ જેટલા સ્પેશિયલ એજ્યુકેટરો ને સમાવેશી શિક્ષણ અંગેની ખાસ નવીનતમ તાલીમ આપવામાં આવી હતી. જૂનાગઢના બી.આર.સી ભવન જૂનાગઢ ગ્રામ્ય ખાતે તારીખ ૨૩ અને ૨૪ માર્ચ એમ કુલ બે દિવસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જિલ્લા શિક્ષણધિકારીશ્રી લતાબેન ઉપાધ્યાય ના માર્ગદર્શનમાં યોજાયેલ આ તાલીમમાં બદલાતા સમય અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી દિવ્યાંગ બાળકોને કઈ રીતે પ્રશિક્ષિત કરી શકાય તે અંગેનું માર્ગદર્શન માસ્ટર દ્વારા આપવામાં આવ્યું હતુ.

# નખત્રાણામાં શહીદ દિવસ નિમિત્તે યુવા ભાજપ દ્વારા પુષ્પાંજલિ અર્પણ



શહીદ દિવસ નિમિત્તે નખત્રાણા તાલુકા યુવા ભાજપ દ્વારા ધારાસભ્ય કાર્યાલય ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દેશ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે નખત્રાણા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેશરાણી, મહામંત્રી હરિસિંહ રાઠોડ, દિલીપભાઈ નરસિંગાણી, ડાયાભાઈ સેંગાણી, મયુરભાઈ વાઘેલા, હિરેનભાઈ ભટ્ટ, ભાવિનભાઈ ઠક્કર, મુકેશભાઈ રાણવા અને મનોજભાઈ પિત્રોડા હાજર રહ્યા હતા.તે ઉપરાંત યુવા ભાજપ પ્રમુખ ભીખાભાઈ રબારી, મહામંત્રી પૃથ્વીરાજસિંહ જાડેજા, રાજ રાજગોર, ઉપપ્રમુખ કશ્યપ કેશરાણી, ભરતભાઈ કોલી, મંત્રી પ્રવીણભાઈ આહીર, સેફરીન સોની, પ્રેમ ઠક્કર, શંકર કુંવત, હિમાંશુ જોષી અને મનન ઠક્કર સહિતના કાર્યકરો ઉપસ્થિત રહી શહીદોને નમન કર્યું હતું.

કાર્યક્રમ અંતે સૌએ શહીદોના બલિદાનને યાદ કરી દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. નખત્રાણામાં શહીદ દિવસ નિમિત્તે યુવા ભાજપ દ્વારા પુષ્પાંજલિ અર્પણ તેવુ તાલુકા બક્ષીપંચ ના પ્રમુખ શ્રી મુકેશભાઈ રાણવા ની યાદીમાં જણાવ્યુ હતુ.

## મહીસાગર જિલ્લામાં પેટ્રોલ/ડીઝલનો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ હોઈ અછતની અફવાથી ગેરમાર્ગે ન દોરાવવા નાગરિકોને જિલ્લા વહીવટી તંત્રનીઅપીલ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

જિલ્લા પુરવઠા અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર જિલ્લામાં પેટ્રોલ/ડીઝલનો પ્રયાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લામાં આવેલ પેટ્રોલ પંપોમાં કંપનીઓ ધ્વારા સમયસર જથ્થો પુરો પાડવામાં આવી રહેલ છે તેમાં કોઈપણ પ્રકારની અડચણ કે અછત આવી રહેલ નથી. કેટલાક લોકો ધ્વારા પેટ્રોલ/ડીઝલના જથ્થાની અછતની સોશીયલ મીડીયામાં ખોટી અફવા ફેલાવવામાં આવી રહેલ છે. આ અફવા તથ્ય અને વાસ્તવિકતાથી વિપરીત છે. આ અફવાથી વાહન ચાલકો ધ્વારા મોટી સંખ્યામાં પંટ્રોલ પંપો પર પેટ્રોલ/ડીઝલ પુરાવવા લાંબી કતારો લગાવવામાં આવી રહેલ છે. જિલ્લા વહીવટી તંત્ર પેટ્રોલપંપ અને ઓઈલ રીફાઈનરીઓ સાથે સતત સંપર્કમાં છે અને પંટ્રોલપંપ ધારકોને તેમના વેચાણ મુજબનો જથ્થો સમયસર પુરો પાડવામાં આવી રહેલ છે. જિલ્લાના નાગરિકોને આ અફવાથી પ્રેરાઈ ગરેમાર્ગે ન દોરાવવા અને બિનજરૂરી સંગ્રહખોરી ન કરવા અપીલ કરવામાં આવે છે.

# નખત્રાણા તાલુકા ભાજપની બેઠક યોજાઈ, નવનિયુક્ત હોદ્દેદારોને માર્ગદર્શન





a

નખત્રાણા મધ્યે આગામી કાર્યક્રમોને ધ્યાનમાં રાખી નખત્રાણા તાલુકા ભાજપ દ્વારા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન મંડલના વિવિધ મોરચાના નવનિયુક્ત હોદ્દેદારોશ્રીઓ સાથે પરિચય કાર્યક્રમ યોજાયો અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. બેઠકમાં જિલ્લા ભાજપ મંત્રી અને નખત્રાણા તાલુકા મંડલના પ્રભારીશ્રી પરેશભાઈ ભાનુશાલી, જિલ્લા ભાજપ મંત્રી શ્રીમતી નયનાબેન પટેલ તેમજ મંડલ પ્રમુખ શ્રી ધર્મેશભાઈ કેશરાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હોદ્દેદારો અને કાર્યકરોને સંગઠનની કાર્યપદ્ધતિ, જવાબદારીઓ અને આવનારા કાર્યક્રમોને સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## મહીસાગર જિલ્લામાં 'ટીબી મુક્ત ભારત અભિયાન ૨.0'નો ભવ્ય પ્રારંભ......

# જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જનજાગૃતિ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.......

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આજે ૨૪ માર્ચ, 'વિશ્વ ક્ષય દિવસ' (World TB Day) નિમિત્તે ભારત સરકાર અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં 'ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ - ૧૦૦ દિવસીય ઝુંબેશ'નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિધ્ધાર્થ દ્વારા જિલ્લા સેવા સદનથી અર્બન હેલ્થ સેન્ટર સુધીની એક વિશાળ જનજાગૃતિ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી આ ૧૦૦ દિવસીય સઘન ઝુંબેશનો મુખ્ય હેતુ છેવાડાના માનવી સુધી પહોંચી, ટીબીના કેસોનું વહેલું નિદાન અને સચોટ સારવાર પૂરી પાડવાનો છે. ટેક્નોલોજીના માધ્યમથી ટીબી નિર્મૂલનની પ્રગતિને વેગ આપી



વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં ટીબી મુક્ત ભારતનું લક્ષ્ય હાંસલ કરવાનું આયોજન છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં આરોગ્યની ટીમો દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવશે જેમાં જિલ્લાના નક્કી કરવામાં આવેલા ૧૭૭ હાઈ રિસ્ક ગામોમાં ૧૦૦ ટકા એક્સ-રે (X-Ray) સ્ક્રીનિંગ કરવામાં આવશે. ટીબી સ્ક્રીનિંગ માટે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) સક્ષમ હેન્ડહેલ્ડ એક્સ-રે મશીનોનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે.

# દેશલપર (ગુંતલી) ગામનું મોટું ગૌરવ — નારી રક્ષા સેના દ્વારા કચ્છ જિલ્લા મહિલા પ્રમુખ તરીકે પાર્વતીબેન લોંચાની નિમણૂક


જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નારી રક્ષા સેના દ્વારા દેશલપર (ગુંતલી) ગામના લોંચા પાર્વતીબેન મણિલાલને કચ્છ જિલ્લા મહિલા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવતા ગામમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે।

લોંચા પાર્વતીબેન મણિલાલ લાંબા સમયથી સામાજિક સેવાકીય કાર્યોમાં સક્રિય રહી મહિલાઓ અને દીકરીઓ માટે કાર્યરત રહ્યા છે. તેમના આ સમર્પણ અને સેવાભાવને ધ્યાનમાં રાખીને નારી રક્ષા સેના દ્વારા તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે।

આ નિમણૂકથી સમગ્ર વિસ્તારમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે અને સ્થાનિક લોકો દ્વારા શુભેચ્છાઓનો વર્ષાવ થયો છેઆ પ્રસંગે ગામજનો અને આગેવાનો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે કે પાર્વતીબેનના નેતૃત્વમાં મહિલાઓને વધુ સશક્તિકરણ, માર્ગદર્શન અને સુરક્ષા મળશે।

તેમની આ સિદ્ધિ દેશલપર (ગુંતલી) ગામ માટે ગૌરવની બાબત બની છે.



# સિગ્નલી ગામ ખાતે લોક દરબાર યોજવામાં આવ્યો..

જગદીશ ત્રિવેદી | મહીસાગર

કોટંબા પોલીસ સ્ટેશનના સિગ્નલી આઉટ પોલીસ સ્ટેશનના સિગ્નલી ગામ ખાતે આજરોજ લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નાયબ પોલીસ અધિક્ષક શ્રી કમલેશ વસાવા ના ઓની અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલા આ લોક દરબારમાં નાયબ પોલીસ અધિક્ષક દ્વારા વિવિધ બાબતોની ચર્ચા કરીને ઉપસ્થિત ગ્રામજનો ને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી જેમાં નાયબ પોલીસ અધિક્ષક દ્વારા નવા કાયદાઓ અંગેની જાણકારી, ડિપાર્ટમેન્ટની રચના અંગે, ફરિયાદ કરવાની ટેપ બાય સ્ટેપની પ્રોસિજર, ટ્રાફિક નિયમન બાબત, સાયબર ક્રાઈમ અંગે ની શું જાગૃતિ દાખવવી તેમજ પોક્સો ગુનાઓ અંગે પણ ઉપસ્થિત ગ્રામજનોની નાયબ પોલીસ અધિક્ષક દ્વારા વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# ગુજકેટની જાહેર પરીક્ષા દરમિયાન પ્રતિબંધિત કૃત્યો ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું......

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગુજકેટની જાહેર પરીક્ષા મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે, તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સી.વી.લટા દ્વારા તા.૨૯/૦૩/૨૦૨૫ના રોજ સવારના ૮-૦૦ ક્લાકે થી સાંજના ૧૮-૦૦ કલાક સુધીના સમયગાળા માટે જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ખાતે નીચે દર્શાવેલ કૃત્યો કરવા પર મનાઈ ફરમાવુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. અનુસુચિત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો,જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહી/મંડળી ભરવી નહી તેમજ અધિકૃત અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઈ પણ ઈસમને પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવર-જવર કરવી નહિ.

# પુરુષોનું મેનોપોઝ (એન્ડ્રોપોઝ)

ગતાંકથી ચાલુ....

'આર્થિક સમસ્યાઓ'

આ ઉંમરે પહોંચેલો પુરુષ જો નોકરી કરતો હોય તો નોકરી બચાવવી ખૂબ જ મહત્વની બની જાય છે. કારણ કે બધી જ કંપનીમાં મેનેજમેન્ટને યુવા લોહીની જરૂર હોય છે. જે દોડીને કામ કરી શકે. આમેય આ ઉંમરે પગાર વધારો આપવો કંપનીને પોસાતો નથી. તેથી કંઈપણ ભૂલ આવે તો નોકરીમાંથી કાઢવાના પેતરા ચાલુ થઈ જાય છે. એટલે કે મિડલ મેનેજમેન્ટવાળા પુરુષની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હોય છે. તેની નીચેના કર્મચારી પાસેથી કામ પણ કઢાવવાનું છે, અને ઉપરના મેનેજમેન્ટની વધુ પડતી અપેક્ષા પણ પૂરી કરવાની છે. આ બધામાં નીચેના મેનેજમેન્ટને કશું કહેવાતું નથી અને ઉપરના મેનેજમેન્ટને કશું કહેવા જાય તો તરત જ નોકરી ખોવાની ચિંતા....!! કારણકે આ ઉંમરે નોકરી બદલતા પણ ડર લાગે છે .સાહસ કરવાની ઉંમર હવે જતી રહી છે. જો ગવર્મેન્ટ નોકરી હોય તો પણ દિવસે ને દિવસે નવું નવું શીખવાનું તો પ્રેશર ખરું જ...... દાખલા તરીકે પહેલા કોમ્પ્યુટર હતા, મોબાઈલ આવ્યા, લેપટોપ આવ્યા,અને હવે AI નો જમાનો છે. કદાચ યંગ જનરેશન માટે આ બધું સરળ હોઈ શકે છે, પરંતુ તે જ ટેકનોલોજી આ ઉંમરના લોકો માટે શીખવું થોડું અઘરું પડે છે. છતાં પણ બેતાળા આવ્યા હોય તોપણ આંખો ખેંચી ખેંચીને આ બધું શીખવું તો પડે જ છે.

જો ધંધો હોય અને તે બરોબર ચાલતો ન હોય તો પણ આ ઉંમરે બીજો ધંધો કરવો કે કેમ? તેની ગળમથલ ચાલ્યા કરે છે. પચાસ વર્ષ સુધી નોકરી હોય કે ધંધો તે ઠેકડા મારી મારીને કૂદી શકે છે, પણ હવે પરિસ્થિતિ સામે ખર્ચાઓ પ્રમાણે ઝુકવું પડે છે. હવે તેની અનુકૂલન સાધવાની ક્ષમતા પણ પૂરી થવા આવી છે.

આવા સમયમાં ઘણી વાર ઘરેથી પણ સરખામણી કરીને કહેવામાં આવે છે કે તમે તો બહુ જ ધીમું કામ કરો છો. જુઓ પેલા ભાઈ કેટલા પ્રોજેક્ટ કરે છે !!એટલે એ પણ પાછું સહન કરવાનું. (મે ભલે એક જ લીટીમાં આ લખ્યું છે પરંતુ જે લોકો આ સરખામણીને સહન કરી રહ્યા છે તે કદાચ એમની જ ભાષામાં વર્ણન સચોટ કરી શકશે)

અપ-ડાઉનવાળી નોકરી કે ધંધો હોય તો સામેથી આવતા વાહનોની તેજ લાઈટ આંખોને આંજી દે છે. વાહનોના હોર્નનો ઘોંઘાટ પજવે છે. આ બહુ જ મોટી સમસ્યા છે .જેને કોઈ ધ્યાનમાં લેતું નથી. આવામાં ઘરે આવે તો તેના માટે ફરિયાદો અને માગણીઓ તો તૈયાર જ હોય છે. પત્ની જો સમોવડી હોય તો ઘણા પ્રોબ્લેમ સોલ્વ કરી દે છે. બાકી તો બધી જ ફરિયાદો એકલા હાથે સોલ્વ કરવી પડે છે.

દાખલા તરીકે.....

પિતા કહે છે.. દવા લાવ્યો ???

માતા કહે છે.. મારા ચશ્મા લાવ્યો???

પત્ની કહે છે ..રસ્તામાંથી મહેમાન માટે આઈસક્રીમ લાવ્યા??

બાળકો કહે છે.. સ્કૂલના પ્રોજેક્ટ માટે મટીરીયલ મંગાવ્યું હતું તે લાવ્યા ??

વગેરે .....વગેરે ....



સંકલન ડૉ.દર્શના ચેતન પટેલ
અતિથિ હોસ્પિટલ
પાટણ

પેન્શન પાત્ર નોકરી હોય કે ધંધો હોય તો પણ ઘડપણ માટે મૂડી એકઠી કરવાની છે. નિવૃત્તિ પછીનો પુરુષ ઘર પર બોજ જ લાગે છે. આથી નિવૃત્તિ પછી પણ તે ઘરની બહાર પ્રવૃત્તિમય રહે તેના માટે તેને જાતજાતના વિચારો આવે છે.

સામાજિક સમસ્યાઓ

આ ઉંમરે તેને ડર લાગે છે કે તેના સંતાનો તેમનાથી દૂર જવા લાગે છે. બાળકોના કારણે પત્ની પણ દૂર થઈ ગઈ છે .બાળકો મોટા થતા માતા તરફ વધુ ખેંચાય છે કારણ કે તેની બધી જીદો માતા પુરી કરે છે. જ્યારે પિતાને બાળકોને બગડવા નથી દેવા તેથી કડક વલણ કરે છે. અત્યારની પેઢી તો વળી મા બાપ કરતા ગુગલ ને વધુ અનુસરે છે, માટે કોઈ જ વાત હોય તો કહેશે ડેડી તમને ન ખબર પડે!! તમારો જમાનો ગયો!! હવે સુધરો.. સુધરો ..પપ્પા!!

કડવું સત્ય

(જ્યારે જ્યારે દરેકના ઘરમાં પપ્પા તમને ફૂટબોલ સમજીને કીક મારે છે ત્યારે ત્યારે તે જ વ્યક્તિ તમને ગોલ તરફ લઈ જઈ રહ્યા છે. તે યાદ રાખવું.)

સૌથી મોટો ડર દરેક પિતાને હોય છે કે તેની દીકરીને કેવો વર મળશે?? તેને આ જમાનાથી કેવી રીતે બચાવવી, કારણ કે તે પુરુષ તરીકે જાણે છે કે આ યુગમાં શોષણખોર પુરુષો પણ છે.

તેને એ પણ ડર છે કે તેના દીકરાને કેવી પત્ની મળશે?? કારણ કે એક પુરુષ તરીકે તેને તો વાંધો નહીં આવે પણ તેની પત્ની સાસુ બન્યા પછી વહુ સાથે અનુકૂલન સાધી શકશે કે કેમ ???

વ્યક્તિગત સમસ્યાઓ

આ ઉંમરે પહોંચેલા પુરુષનો રોમાન્સ ઓછો નથી થતો, વધ્યો જ છે. પણ હવે બાળકો મોટા થઈ ગયા તેથી સંકોચ અનુભવે છે. આ સંજોગોમાં પત્ની એ નથી સમજતી કે પહેલા પુરુષને સ્પર્શનો અનુભવ કરાવવા માટે માતા-પિતા હતા, મિત્રો હતા, ભલે એમાં પત્ની જેવો સ્પર્શ નહોતો પણ પિતાને તે ભેટી શકતો ,માતા તેના માથા પર હાથ ફેરવી તેની ચિંતાઓ દૂર કરી શકતી, એ પ્રકારનું સ્પર્શ આજેય પુરુષ ઝંખે છે.પરંતુ આજની નારીને જાણે ફેમિનિઝમનું ભૂત સવાર હોય તેવું વર્તન કરે છે. જેમ કે જો પુરુષો કોઈ ફરિયાદ કરે.. જેમકે પગ દુઃખે છે એવું કહેશે તો તરત જ પગ દબાવવાના બદલે પત્ની કહેશે ડ્રોવરમાં પેઈનકિલર પડી છે લઈ લેવાની.!! ક્યારેક તેને પોતાના પુરુષત્વની પણ ચિંતા થાય છે ,કારણ કે આટલી બધી જવાબદારીઓના લીધે અને જો કોઈ શારીરિક બીમારીઓ હોય તો જાતીય સંબંધોમાં પણ અસર પડે છે. યુવાનીમાં જવાબદારીઓનો ભાર ઓછો હોય છે.

પુરુષને પોતાના મૃત્યુના ડર કરતાં મૃત્યુ પછી પરિવારનું શું થશે?મૃત્યુ પછી સમયસર પરિવારને જીવનવીમાની રકમ તો મળી રહેશે ને ??એફડીના નાણાં માટે બેંક ધક્કા તો નહીં ખવડાવેને?? ઘરના વારસાઈમાં સરળતાથી પરિવારના લોકોના નામો તો દાખલ થઈ જશેને?? વગેરે.... વગેરે ...... ચિંતા વધુ સતાવે છે.

સૌથી મોટી વાત એ છે કે પુરુષ તરીકે તે પોતાના મનની ચિંતા કોઈને કહી શકતો નથી. આથી તે આધ્યાત્મિક શરણ શોધે છે.

# બે ત્રણ વાક્યો એ કાલે ગુજરાતભરમાં અફરા તફરી મચાવી દીધી હતી

છોટી સી યે દુનિયા, મેરી પૂરી દુનિયા હૈ..
થોડા હૈ થોડે કી જરૂરત હૈ..

લોકસભા માં મોદીજી એ આપેલ ભાષણ માં એમના મુખે બોલાયેલ બે ત્રણ વાક્યો એ કાલ ગુજરાતભર માં અફરા તફરી મચાવી દીધી હતી. લોકો એ ગેસ પેટ્રોલ વગર લાઈફ અટકી જશે તો એટલે જથ્થો ભેગો કરવા વધારે પડતી કિંમતો ચૂકવીને સંગ્રહખોરી કરવા લાઈને લાગ્યા હતા. માન્યું કે ઈરાક એમ જ યુદ્ધ વિરામ માટે સમજૂતી કરશે નહી કદાચ વૈશ્વિક દેશો ના દબાણ અને સબંધ ના લીધે યુદ્ધ વિરામ કરવા ઈચ્છશે તો પણ અમેરિકા ના રાષ્ટ્રપતિ ચિત્ર વિચિત્ર બાયનો પ્રેસ સમક્ષ રજૂ કરીને શાંતિ વાર્તા થવા દેશે નહી. આ કારણોસર યુદ્ધ પરિસ્થિતિ વણસી શકે છે. કદાચ શાંતિવર્તા થાય તો પણ યુદ્ધ ના પ્રભાવ નીચે થી નીકળતા ઈરાન ને લાંબો સમય લાગશે. મોદીજી ના ભાષણ ની આ ચાર લાઈનો : યુદ્ધ લાંબા સમય સુધી ચાલશે તેવી આશંકા છે તેથી તૈયાર રહેવું પડશે આપણે કોરોના સમયે પણ આવા પડકારો નો સામનો કરી ચૂક્યા છીએ" આ વાક્યો ની મિનિટો કલાકો બાદ "કોરોના કાળ" જેવું દ્રશ્ય બધેય જોવા મળ્યું હતું. ઘણા લોકો તો વિશ્વ પેટ્રોલ ડીઝલ અને ગેસ વગર અટકી જશે એવી પણ ચર્ચા કરતા જોવા મળ્યા હતા.

કાલે સગા વહાલા ઈષ્ટ મિત્રો નો ફોન દિવસભર ગુંજ્યો "પેટ્રોલ ગેસ" ની તંગી ટૂંક સમય માં સર્જાવવા ની છે એટલે સ્ટોક ભરી લેજો. વર્ષભર નું અનાજ સાથે બેત્રણ તેલ ના ઘી ના ડબ્બા લેવાનું તો બિલકુલ ભૂલતા નહી,બુન,ખબર નહી કેમ પણ યુદ્ધ લાંબુ ચાલ્યું તો? મેં પૂછ્યું શાકભાજી ના જથ્થા નું શું કરીશું? તો એ બોલ્યા કે સાયન્સ નો"શાકભાજી" મુદ્દે નબળું રિસર્ચ છે એટલે..બાકી આપણે તો સ્ટોક ભરવા બાબતે અવ્વલ છીએ બૈરીઓના ત્રાસ માં "શાકભાજી ફ્રેશ" સમજો.મને તો લાગે છે કે ગુજરાતી ઓની એક દિવસ ની સક્રિય ગતિ માં વેપારીઓ ચોક્કસ લાખોપતિ બની ગયા ન વેચાતો માલ પણ યુદ્ધ ના નામે વેંચી નાખ્યો હશે.અમદાવાદ ના મોટાભાગ ના પેટ્રોલ પંપ માં રાત સુધી એવી લાંબી લાઈનો લાગીને કે પેટ્રોલ નો આઠ દિવસ નો જથ્થો એક જ દિવસમાં ખત્મ થઈ ગયો હતો.

પ્રસિદ્ધ લેખક જ્યોર્જ બર્નાર્ડ શો નું એક વાક્ય :"શાણા માણસો પોતાની જાત ને દુનિયા પ્રમાણે બદલી નાખે છે ને મૂર્ખ માણસો પોતાની જાત પ્રમાણે દુનિયા માં બદલાવ લાવવાનો આગ્રહ રાખે છે."

સાંપ્રત સમયની મુખ્ય સમસ્યા એ છે કે ત્રણ ચાર લોકો ના વર્ચસ્વ ની લડાઈ માં દુનિયા અંધકાર માં સ્મૃતિ ખોવા લાગી છે. વર્તમાન સમયમાં પેટ્રોલ,ડીઝલ અને ગેસ એ સમસ્યા નથી પણ લોકોની રોજબરોજ મુખ્ય જરૂરિયાત બની ચૂક્યું છે. જ્યારે જીવન માં "આદત" શબ્દ સાથે ઘનિષ્ટ દોસ્તી થઈ જાય છે ત્યારે "જરૂરિયાત" શબ્દ માણસ ની મજબૂરી બની જતો હોય છે.આજ થી પચાસ વર્ષ પહેલા ના ભારત વિશે જાણકારી પ્રાપ્ત કરવા પ્રયત્નો કરશો તો સમજાશે કે પેટ્રોલ ડીઝલ થી ચાલતા વાહનો નું પ્રમાણ ઓછું હતું. મોટાભાગ ના પુરુષો સાયકલ વધારે ચલાવતા હતા એટલે હાર્ટ એટેક,ડાયાબિટીસ,કેલોસ્ટ્રોલ વગેરે રોગ થતા નહતા.મશહૂર હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડે એની એક વિડિઓ ક્લિપ માં બોલ્યા હતા કે નેવું વર્ષે માણસ થાક્યા હાંફ્યા વગર પાંચ હજાર સ્ટેપ ચાલી શક્યો તો જ સાચું જીવ્યો સમજો. ગેસ ના ચૂલા તો ત્યારે હતા નહી ભોજન ચુલા અને સગડી માં બનતા અને ચા કોફી પ્રાઈમસ બનતા હતા. ઘરેઘરે પાણી ની પાઈપ લાઈનો નહતી માથે બેડાં હાંડા મૂકીને સ્ત્રીઓ પરિવાર ની જરૂરિયાત મુજબનું કુવા માંથી પાણી ભરીને લાવતી હતી. શહેર માં પેટ્રોલ પંપ એકલ દોકલ હતા પણ ગામડાઓ માં પેટ્રોલ પંપ નહતા. આ સમયે કદાચ શહેર ગામડે અત્યાર ના સમય જેવો વિકાસ નહતો થયો પણ સામન્ય જીવન માં ઓછી સગવડતા અને વિકાસ ના લોકોના આરોગ્ય એંશી નેવું વર્ષે પણ માથે ટકોરા મારી શકાય એવા હતા. પચાસ વર્ષ પહેલાના ભારત ને ખાડી યુદ્ધો કે અન્ય યુદ્ધો થી ખાસ ફર્ક પડતો નહતો,કેમ? ઓછા સંસાધનો માં પણ પરિવાર ના ભોજન થી લઈને બધા જ પ્રકારની સગવડતા જળવાઈ રહી હતી.



વૈશ્વિક સમસ્યા
- રુપાલી દવે

માણસ ને જરૂરિયાત જ વધારે લાચાર,લાલચુ અને સ્વાર્થી બનાવી નાખે છે. જો માણસ એની જરૂરિયાત સીમિત કરી નાખે તો એને "સમસ્યા" શબ્દ ખાસ ડરાવતો નથી હોતો. ઘર માં એ.સી,આંગણે કાર,કિચન માં આધુનિક કુકિંગ સિસ્ટમ,પ્રવાસ જવા માટે પ્લેન વગેરે આદત એ મજબૂરી બની ચૂકી હોવાના લીધે "પેટ્રોલ ડીઝલ અને ગેસ" ના અધધ ભાવ માં પણ કોમ્પ્રોમાઈઝ કરતા માણસ શીખી ગયો છે.સમસ્યા એ નથી કે ભગવાન એ સૃષ્ટિ માં કુદરતી સોર્સ નો લિમિટેડ જથ્થો લિમિટેડ વસ્તી માટે માત્રા મા ભર્યો છે. વસ્તી ના કૂલ ટકા ગેસ નો વપરાશ વધે તો તકલીફો વધશે. ભારત માં મોદી સરકાર સત્તા પર આવી એ બાદ માંડ માંડ મળતા પેટ્રોલ પંપ ના લાઈસન્સો ની હરરાજી થવા લાગી એટલે થયું એ કર કે ગલી કૂચે પાન મસાલા ની દુકાન ની જેમ પેટ્રોલ પંપ થવા લાગ્યા. ગામડે ગામ ગેસ ના સિલિન્ડર ની યોજના ને લીધે "ગેસ સિલિન્ડરો" ની ક્રાઈસીસ વધી રહી છે. સરકાર ની ઘણી એવી ચૂંટણી લક્ષી યોજના ઓ હાલ ના સમયે આફત રૂપ બની રહી છે.

વિશ્વ માં ક્રૂડ ઓઈલ અને ગેસ એ રશિયા,અમેરિકા, કુવૈત,કેનેડા, સાઉદી અરેબિયા,વેનેઝુએલા, યુ.એ.ઈ ની ધરતી ના પેટાળમાં તેલ વિપુલ માત્રામાં છે. આ કારણોસર વિશ્વના દેશો તેલ ઉત્પાદન કરતા દેશો માંથી કાચું ક્રૂડ ઓઈલ આયાત કરે છે.વિદેશ થી આયાત થયેલ કાચું ક્રૂડ ઓઈલ જે તે દેશ માં આવેલ રિફાઈનરી માં સપ્લાય થયા બાદ એમાંથી પેટ્રોલ,ડીઝલ અને ગેસ નુ ઉત્પાદન થતું હોય છે. ભારતીય લોકોની મનોવૃતિ અભાવ માં સ્વભાવ નું પ્રદર્શન અચૂક કરશે.આ સમસ્યા દેશ ના વડાપ્રધાન ના હાથ માં નથી વિશ્વનો વિનાશ સર્જવા મેદાને પડેલા વિશ્વના પ્રભાવશાળી નેતાઓની જીદ ના લીધે છે. આ નેતા ની અક્કલ એટલી બધી હદે વિનાશકારી છે ને કે પાકિસ્તાન જેવા આતંકી દેશ ને યુદ્ધ માં મધ્યસ્થા કરવાનું કીધું. જો ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા નું યુદ્ધ મધ્યસ્થી દ્વારા અટકે છે તો પણ વિશ્વ માં ક્રૂડતેલ ની સમસ્યા માં ખાસ ફર્ક પડશે નહી. જ્યાં સુધી બધું પૂર્ણવત શરૂ ન થાય ત્યાં સુધી બધું ઘર ભેગું કરી ને પરિવાર ને સમસ્યા થી રાહત વિચારવા ને બદલે

"થોડા હૈ થોડે કી જરૂરત હૈ,
જિંદગી ફિર ભી યહા ખૂબ સુરત હૈ,.."

# 'ધુરંધર 2'નું વર્લ્ડવાઇડ કલેક્શન ₹800 કરોડને પાર

## પાંચમા દિવસે ભારતમાં ₹65 કરોડ કમાયા; 'છાવા'-'પીકે'ના લાઇફટાઇમ કલેક્શનને પાછળ છોડ્યું

(એજન્સી) મુંબઈ | તા.24
રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' એટલે કે ધુરંધર 2 બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. ફિલ્મે રિલીઝના પાંચમા દિવસે એટલે કે સોમવારે ભારતમાં 65 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, ફિલ્મે વિશ્વભરમાં 800 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે અને ફિલ્મ 'છાવા' અને 'પીકે'ના લાઈફટાઈમ કલેક્શનને પાછળ છોડી દીધું છે. ફિલ્મનું ભારતમાં કુલ નેટ કલેક્શન 519.12 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 619.76 કરોડ રૂપિયા થઈ ગયું છે. ઓવરસીઝ માર્કેટમાં ફિલ્મે 210 કરોડ રૂપિયાની કમાણી કરી, જેનાથી તેનું કુલ વર્લ્ડવાઇડ ગ્રોસ કલેક્શન 829.76 કરોડ રૂપિયા થઈ ગયું છે. 5 દિવસની કમાણીના મામલે આ ફિલ્મ બીજા સ્થાને છે. આનાથી આગળ 'પુષ્પા 2' છે, જેણે 881.26 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

પાંચમા દિવસે ફિલ્મના હિન્દી વર્ઝને 60 કરોડ રૂપિયાની સૌથી વધુ કમાણી કરી. જ્યારે, તેલુગુમાં 3.50 કરોડ રૂપિયા, તમિલમાં 1.20 કરોડ રૂપિયા, કન્નડ અને મલયાલમમાં 0.15-0.15 કરોડ રૂપિયાનું કલેક્શન થયું.
'ધુરંધર 2' હવે બોક્સ ઓફિસ પર 1000 કરોડ રૂપિયાના આંકડા તરફ ઝડપથી આગળ વધી રહી છે. આ દરમિયાન તેણે ઘણી મોટી ભારતીય ફિલ્મોના લાઈફટાઈમ કલેક્શનને પાછળ છોડી દીધું છે. સોમવારે 800 કરોડ રૂપિયાનો આંકડો પાર કરીને, ફિલ્મે 'છાવા' (807 કરોડ રૂપિયા) અને 'પીકે' (769 કરોડ રૂપિયા) ને પણ પાછળ છોડી દીધા છે. ફિલ્મ 'સ્ત્રી 2' (880 કરોડ રૂપિયા) અને 'કંતારા ચેપ્ટર વન' (870 કરોડ રૂપિયા) ના લાઈફટાઈમ કલેક્શનથી થોડી જ પાછળ છે. આશા છે કે મંગળવાર સુધીમાં તે આ ફિલ્મોના કલેક્શનને પાછળ છોડીને 900 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લેશે.

| ફિલ્મ (ભાષા) | વર્લ્ડવાઇડ કલેક્શન | ઇન્ડિયન નેટ કલેક્શન |
|---|---|---|
| દંગલ (હિન્દી) | ₹2070 કરોડ | ₹387 કરોડ |
| બાહુબલી 2 (તેલુગુ/તમિલ) | ₹1788 કરોડ | ₹1030 કરોડ |
| પુષ્પા-2 (તેલુગુ) | ₹1742 કરોડ | ₹1234 કરોડ |
| ધુરંધર (હિન્દી) | ₹1307 કરોડ | ₹840 કરોડ |
| RRR (તેલુગુ) | ₹1230 કરોડ | ₹782 કરોડ |
| KGF ચેપ્ટર 2 (કન્નડ) | ₹1215 કરોડ | ₹860 કરોડ |
| જવાન (હિન્દી) | ₹1160 કરોડ | ₹640 કરોડ |
| પઠાન (હિન્દી) | ₹1055 કરોડ | ₹543 કરોડ |
| કલ્કી 2898 AD (તેલુગુ) | ₹1042 કરોડ | ₹646 કરોડ |



### 'ધુરંધર'ને શાનદાર પ્રતિસાદ મળ્યો હતો

'ધુરંધર'ના પહેલા ભાગે ભારતની સાથે આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફિલ્મે વિશ્વભરમાં લગભગ 1,307 કરોડ રૂપિયાની કમાણી કરી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રૂપિયા રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 840 કરોડ રૂપિયા થયું. તે જ સમયે, 894.49 કરોડ રૂપિયાની કમાણી સાથે તે હિન્દી ભાષામાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ.
વિદેશી બજારોમાં પણ ફિલ્મ ધુરંધરને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડ રૂપિયાનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરીને 'બાહુબલી 2'નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો. રસપ્રદ વાત એ છે કે ફિલ્મને ત્યારે મોટી સફળતા મળી, જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી. આ ઉપરાંત, 'ધુરંધર' ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની ગઈ.

# નોરા ફતેહીને ભારતમાંથી દેશનિકાલ કરવાની માંગ

**વર્ક પરમીટની શરતોનો ભંગ કર્યાની રજૂઆત: અશ્લીલ ગીતના વિવાદ બાદ વકીલોનાં એક જુથ દ્વારા સરકારમાં વિવિધ સ્તરે રજૂઆત**



મુંબઇ: નોરા ફતેહીએ 'સરકે ચુનર તેરી સરકે' અશ્લીલ ગીત દ્વારા વર્ક પરમીટની શરતોનો ભંગ કર્યો હોવાનો દાવો કરી તેને દેશનિકાલ કરી દેવાની માગણી વકીલોના એક જૂથ દ્વારા કરાઈ છે. આ વકીલોએ સંબંધિત સરકારી વિભાગો તથા વિવિધ એજન્સીઓ સમક્ષ આ માગણી કરી છે. તેમના જણાવ્યા અનુસાર આ ગીત દ્વારા ભારતીય મહિલાઓનું અપમાન કરાયું છે અને જાહેર નૈતિક મૂલ્યોનું ઉલ્લંઘન કરાયું છે. મૂળ એક કન્નડા ફિલ્મ 'કેડી : ધી ડેવિલ'નાં ગીતના અશ્લીલ શબ્દોને કારણે વિવાદ થતાં કેન્દ્ર સરકારે આ ગીત પર પ્રતિબંધ મૂકી દીધો છે. યુ ટ્યુબ સહિતનાં પ્લેટફોર્મ પરથી પણ આ ગીત હટાવી લેવાયું છે. જોકે નોરા ફતેહીએ દાવો કર્યો હતો કે પોતે ભાષાથી અજાણ હોવાથી તે ગીતના અશ્લીલ શબ્દો વિષે કોઈ સમજ નહોતી. પોતાને ગીતના શબ્દો બાબતે અંધારામાં રાખવામાં આવી હોવાનો દાવો તેણે કર્યો હતો. ખાસ વાત એ છે કે આ ગીતમાં નોરા સાથે ડાન્સ કરનાર સંજય દત્ત વિરુદ્ધ કોઈએ એક શબ્દ પણ કહ્યો નથી કે તેની વિરુદ્ધ કાર્યવાહીની વાત કોઈ ઉચ્ચારતું નથી.

# કોપીરાઇટની તકરારને કારણે હેરાફેરી થ્રીનો પ્રોજેક્ટ મુશ્કેલીમાં




મુંબઇ: પરેશ રાવલ, અક્ષય કુમાર તથા સુનિલ શેટ્ટીની કોમેડી ફિલ્મ 'હેરાફેરી થ્રી'ના રાઈટ્સ બાબતે તકરાર થતાં આ પ્રોજેક્ટ અટકી પડયો છે. મૂળ મલયાલમ ફિલ્મ 'રામોજી રાવ સ્પિકિંગ'ના રાઈટ્સ ધરાવતા નિર્માત વિજય કુમારના દાવા અનુસાર પોતે આ ફિલ્મનું હિન્દી વર્ઝન બનાવવા માટે ફિરોઝ નડિયાદવાળાને એક જ વાર મંજૂરી આપી હતી. પરંતુ, નડિયાદવાળાએ તેના પરથી બે વાર ફિલ્મ બનાવી નાખી છે.
નડિયાદવાળા પાસે આ ફિલ્મનો ત્રીજો ભાગ બનાવવાના કોઈ રાઈટ્સ નથી. પોતે આ બાબતે તેમનું ધ્યાન દોર્યું છે પરંતુ તેમણે કોઈ જવાબ આપ્યો નથી. આથી પોતે કાનૂની રસ્તો અપનાવી રહ્યા છે. અગાઉ આ ફિલ્મનાં કાસ્ટિંગ અંગે પણ વિવાદ થયો હતો. પરેશ રાવલે આ ફિલ્મ છોડી દેતાં ફિલ્મના સહ નિર્માતા અક્ષય કુમારે તેને કાનૂની નોટિસ પણ આપી હતી. જોકે, બાદમાં પરેશ રાવલે ફિલ્મમાં પોતે કામ કરશે તેવી જાહેરાત કરી હતી.

# સાઉથ સુપરસ્ટાર રજનીકાંતે કર્યા 'ધુરંધર 2'ના વખાણ

## આદિત્ય ધરને બોક્સ ઓફિસનો બાપ ગણાવ્યો, દરેક ભારતીયને ફિલ્મ જોવા અપીલ કરી

(એજન્સી) મુંબઈ | તા.24
સુપરસ્ટાર રજનીકાંતે ફિલ્મ 'ધુરંધર 2'ના વખાણ કર્યા અને તેને મસ્ટ વોચ ફિલ્મ ગણાવી. ફિલ્મ ડિરેક્ટર આદિત્ય ધરે તેને પોતાની કારકિર્દીની ખાસ અને ભાવનાત્મક ક્ષણ ગણાવી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સોમવારે રજનીકાંતે 'ધુરંધર 2'ના વખાણ કરતા લખ્યું, 'વૉટ અ ફિલ્મ ધુરંધર 2!! આદિત્ય ધર બોક્સઓફિસ કા બાપ! રણવીર અને સમગ્ર કાસ્ટ અને ક્રૂને ખૂબ ખૂબ અભિનંદન. દરેક ભારતીય માટે આ ફિલ્મ જોવી જરૂરી છે. જય હિંદ.'
રજનીકાંતના વખાણ પર પ્રતિક્રિયા આપતા આદિત્ય ધરે લખ્યું, 'સર, અમે બધા મનોરંજનને ફક્ત તમારા એક જ બેન્ચમાર્કથી માપીને મોટા થયા છીએ. દાયકાઓથી અમને સીટી વગાડવા, હસાવવા, રડાવવા અને પોતાને મહાન અનુભવ કરાવવાની સાથે, તે જ સ્વૅગ અને ગ્રેસ સાથે આ બધું કરવું, આ જાદુ છે.'
તેમણે આગળ લખ્યું, 'તમારું ધુરંધર 2 ને મસ્ટ વોચ કહેવું, મારી જિંદગીનો સૌથી મોટો સુપરસ્ટાર મોમેન્ટ જેવું લાગે છે. આ એ જ વ્યક્તિના આશીર્વાદ લાગે છે, જેમણે આપણે સૌને મોટા સપના જોતા શીખવ્યા. શબ્દોથી પર આભારી છું, સર. આ સીધું દિલને સ્પર્શી ગયું. જય હિંદ.'
રજનીકાંત પહેલાં ઘણા સાઉથ એક્ટર્સે પણ ફિલ્મની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફિલ્મને લઈને એક્ટર મહેશ બાબુએ લખ્યું હતું-
ધુરંધર: ધ રિવેન્જ એકદમ શાનદાર રીતે બનાવેલી ધમાકેદાર ફિલ્મ છે! રણવીરનું અત્યાર સુધીનું સૌથી શાનદાર રૂપ જોવા મળ્યું છે. આદિત્ય ધરે તેને જે રીતે વિચાર્યું અને રજૂ કર્યું છે, તે ખરેખર પ્રશંસનીય છે. આર. માધવનની એક્ટિંગ અને શાશ્વત સચદેવનું મ્યુઝિક ખાસ કરીને શાનદાર છે. આ ફિલ્મ જોવા અને ઉજવણી કરવા લાયક છે. આખી ટીમને અભિનંદન.
અલ્લુ અર્જુને પણ ફિલ્મ ધુરંધર 2 જોયા પછી તેના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ દરેક ભારતીયને ગર્વ અનુભવ કરાવશે. તેમણે રણવીર સિંહ અને આર માધવન સહિત ફિલ્મના આખા સ્ટાર કાસ્ટના પર્ફોર્મન્સની પણ પ્રશંસા કરી. અલ્લુ અર્જુને ટ્વીટ કરતા ફિલ્મ વિશે લખ્યું હતું, હમણાં જ ધુરંધર 2 જોઈ - દેશભક્તિ સાથે જબરદસ્ત સ્વૅગ છે. આ એક એવી ફિલ્મ છે જે દરેક દેશભક્તને ગર્વ અનુભવ કરાવશે. ઘણા એવા પળો છે, જ્યાં તમે તાળીઓ પાડવાથી પોતાને રોકી શકશો નહીં. સંપૂર્ણ ધમાકો! આખી ટીમને અભિનંદન. તેણે આગળ લખ્યું હતું,
આર. માધવન અને બધા કલાકારોનું શાનદાર પ્રદર્શન છે. ટેકનિકલ લેવલ પર પણ ફિલ્મ કમાલની છે. મને ગર્વ છે કે આપણા દેશમાં મારા ભાઈ રણવીર સિંહ જેવા ઉત્તમ અને બહુમુખી એક્ટર છે.
રણવીર સિંહ ફાયર છે. આદિત્ય ધરએ કમાલ કરી દીધો, તે સંપૂર્ણપણે છવાઈ ગયા. આપણા દેશમાં તેના જેવા શાનદાર ફિલ્મમેકર્સ હોવા ગર્વની વાત છે. એક ભારતીય વાર્તા ઈન્ટરનેશનલ સ્વૅગ સાથે! જય હિંદ.





# આર કે સ્ટુડિયો હાલ રિવાઈવ નહિ થાય : કરીના કપૂર

મુંબઈ: થોડા સમય પહેલાં રણબીર કપૂરે મુંબઈમાં વિશાળ કમર્શિઅલ સ્પેસ ખરીદતાં તે આર કે સ્ટુડિયોનું બેનર રિવાઈવ કરી રહ્યો હોવાની વાત પ્રસરી હતી. જોકે, કરીના કપૂરે આ અટકળોને ફગાવી દીધી છે. કરીનાએ એક સંવાદમાં કહ્યું હતું કે રણબીર બહુ સારો એક્ટર છે અને તેનું સમગ્ર ફોક્સ પોતાની એક્ટિંગ કેરિયર પર જ છે. અમારા પરિવારમાં ફક્ત કરિશ્મા અને રણબીર જ આ બાબતે પહેલ કરી શકે તેમ છે પરંતુ હાલ તે બનવાનું નથી. અમારાં ફેમિલી ગ્રૂપમાં પણ આ બાબતે ચર્ચા થઈ ચૂકી છે. મારામાં એક ડિરેક્ટર કે પ્રોડ્યૂસર તરીકેની કોઈ ક્ષમતા નથી. આથી મારે ઉદાસ થઈને કહેવું પડે છે કે આર કે બેનર હાલ પુનર્જીવિત થવાનું નથી. બોલિવુડ વર્તુળોમાં છેલ્લા કેટલાય સમયથી ચર્ચા ચાલી રહી છે કે રણબીર આર કે બેનર રિવાઈવ કરી રહ્યો છે અને તેણે આ માટે સ્ક્રિપ્ટ અને કલાકારો પણ પસંદ કરી લીધા છે.

# ચેતક સ્ક્રીન એવોર્ડ્સ: 'ધુરંધર'ને 24 નોમિનેશન સાથે આગવી લીડ, 5 એપ્રિલના સમારંભ પહેલાં 'સૈયારા' અને 'હોમબાઉન્ડ' આગળ




**બેસ્ટ એક્શન**

**120 બહાદુર, છાવા, દેવા, ધુરંધર, જાટ**

(એજન્સી) મુંબઈ | તા.24
ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપની સ્ક્રીન એકેડમીએ 5 એપ્રિલે યોજાનાર આગામી ચેતક સ્ક્રીન એવોર્ડ્સ માટે કુલ 31 કેટેગરીમાં નોમિનેશનની સંપૂર્ણ યાદી જાહેર કરી છે. આ એવોર્ડ્સ 2025 દરમિયાન રિલીઝ થયેલી હિન્દી ફિલ્મો અને ઓટીટી કન્ટેન્ટમાંથી શ્રેષ્ઠ કૃતિઓને સન્માનિત કરશે. આદિત્ય ધરની સ્પાય થ્રિલર ફિલ્મ 'ધુરંધર'ને સૌથી વધુ 24 નોમિનેશન મળ્યા છે. મોહિત સુરીની 'સૈયારા'ને 17 નોમિનેશન મળ્યા છે, જ્યારે નીરજ ઘાયવાનની 'હોમબાઉન્ડ'ને 15 નોમિનેશન મળ્યા છે. આ નોમિનેશનમાં થિયેટર તેમજ ઓટીટી બંને પ્રકારની રિલીઝનો સમાવેશ થાય છે, જે આધુનિક ભારતીય વાર્તાકથનની વ્યાપકતા અને વિકાસને દર્શાવે છે. કડક અને પ્રતિભા આધારિત પસંદગી પ્રક્રિયા 1995માં સ્થાપિત થયેલા સ્ક્રીન એવોર્ડ્સ સંપાદકીય નિષ્પક્ષતા પર આધારિત છે અને તેનું સંચાલન સ્ક્રીન એકેડમી દ્વારા થાય છે. આ એકેડમી એક સ્વતંત્ર, બિન-નફાકારી સંસ્થા છે જેમાં 50થી વધુ પ્રતિષ્ઠિત ફિલ્મમેકર્સ, કલાકારો અને સાંસ્કૃતિક ક્ષેત્રની જાણીતી વ્યક્તિઓ સામેલ છે. મૂલ્યાંકન પ્રક્રિયામાં એકેડમીના 95 ટકા કરતાં વધુ સભ્યોએ ભાગ લીધો હતો. દરેક કેટેગરીમાં સરેરાશ 38 થી 40 સભ્યોએ "ટ્રિમ્ડ મીન (ઓલિમ્પિક)" પદ્ધતિથી સ્કોરિંગ કર્યું હતું, જેથી નિષ્પક્ષતા અને પારદર્શિતા જળવાઈ રહે. પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાની સ્કૂલ ઓફ સિનેમેટિક આર્ટ્સમાં સિનેમા અને મીડિયા સ્ટડીઝ વિભાગની ચેર પ્રોફેસર પ્રિયા જયકુમારે એકેડમી સભ્યો માટે વિગતવાર સ્કોરિંગ રૂબ્રિક તૈયાર કરી હતી. છેલ્લા 20 વર્ષમાં પહેલીવાર ફિલ્મ એવોર્ડ શૉ લાઈવ પ્રસારિત કરવામાં આવશે. યુટ્યૂબ સાથેની ખાસ ભાગીદારી દ્વારા સ્ક્રીન એવોર્ડ્સ વિશ્વભરના દર્શકો માટે ઓપન એક્સેસ સાથે પ્રસારિત થશે, જે ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપના ડિજિટલ-ફર્સ્ટ અભિગમને અનુરૂપ છે. સાથે સાથે આ સમારંભ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને Sony Liv પર પણ લાઈવ પ્રસારિત થશે. એકેડમીના તમામ 53 સભ્યોની સંપૂર્ણ યાદી screen-academy.org પર ઉપલબ્ધ છે.

### અહીં ચેતક સ્ક્રીન એવોર્ડ્સ માટેની તમામ નોમિનેશનની સંપૂર્ણ યાદી રજૂ કરવામાં આવી છે:

**બેસ્ટ એક્ટર (ફીમેલ)**
» તૃપ્તિ ડિમરી - ધડક 2
» યામી ગૌતમ ધર - હક
» સોનલ મધુશંકર - હ્યુમન્સ ઈન ધ લૂપ
» કોંકણા સેન શર્મા - મેટ્રો... ઈન દિનો
» મોનિકા પનવાર - નિશાનચી
»રાધિકા આપ્ટે - સિસ્ટર મિડનાઈટ
»કૃતિ સેનન - તેરે ઈશ્ક મેં

**બેસ્ટ એક્ટર (ફીમેલ) - ઓટીટી ફિલ્મ**
»ફાતિમા સના શેખ - આપ જૈસા કોઈ
»સાન્યા મલ્હોત્રા - મિસિસ
»રાધિકા આપ્ટે - સાલી મહોબ્બત
»સબા આઝાદ - સોંગ્સ ઓફ પેરેડાઈઝ
»મિયા મેલઝર - સ્ટોલન
»ફરીદા જલાલ - ધ ગ્રેટ શમ્સુદ્દીન ફેમિલી
»શ્રેયા ચૌધરી - ધ મહેતા બોયઝ

**બેસ્ટ એક્ટર (મેલ)**
»વિકી કૌશલ - છાવા
»સિદ્ધાંત ચતુર્વેદી - ધડક 2
»રણવીર સિંહ - ધુરંધર
»વિશાલ જેઠવા - હોમબાઉન્ડ
»ઈશાન ખટ્ટર - હોમબાઉન્ડ
»મનોજ બાજપેયી - જુગનુમા: ધ ફેબલ
»આદર્શ ગૌરવ - સુપરબોયઝ ઓફ મેલેગાંવ

**બેસ્ટ એક્ટર (મેલ) - ઓટીટી ફિલ્મ**
»મનોજ બાજપેયી - ઈન્સ્પેક્ટર ઝેંડે
»અભિષેક બચ્ચન - કાલિધર લાપતા
»નવાઝુદ્દીન સિદ્દીકી - રાત અકેલી હૈ: ધ બંસલ મર્ડર્સ
»અભિષેક બેનર્જી - સ્ટોલન
»શુભમ વર્ધન - સ્ટોલન

**બેસ્ટ સપોર્ટિંગ એક્ટર (ફીમેલ)**
» દિવ્યા દત્તા - છાવા
» શીબા ચઢ્ઢા - હક
» શાલિની વત્સ - હોમબાઉન્ડ
» ડોલી અહલુવાલિયા - સિતારે જમીન પર
» મંજિરી પુપાલા - સુપરબોયઝ ઓફ મેલેગાંવ

**બેસ્ટ સપોર્ટિંગ એક્ટર (મેલ)**
»અક્ષય ખન્ના - ધુરંધર
»રાકેશ બેદી - ધુરંધર
»નસીરુદ્દીન શાહ - ગુસ્તાખ ઈશ્ક
»સૌરભ શુક્લા - જોલી એલએલબી 3
»દીપક ડોબરિયાલ - જુગનુમા: ધ ફેબલ

# IPL 2026 વચ્ચે ટીમ ઈન્ડિયાની જાહેરાત

## દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે મહિલા T20 ટીમમાં 2 નવા ચહેરા




IPL 2026 ના ઉત્સાહ વચ્ચે BCCI એ દક્ષિણ આફ્રિકા સામેની પાંચ મેચોની T20I શ્રેણી માટે 17 સભ્યોની ભારતીય મહિલા ટીમની જાહેરાત કરી છે. હરમનપ્રીત કૌર ના નેતૃત્વ હેઠળની આ ટીમમાં કાશ્વી ગૌતમ અને અનુષ્કા શર્મા જેવા બે નવા ખેલાડીઓને પ્રથમ વખત તક મળી છે. આ પ્રવાસ 17 એપ્રિલ થી શરૂ થશે અને અંતિમ મેચ 27 એપ્રિલે રમાશે. મેચો ડરબન, જોહાનિસબર્ગ અને બેનોની જેવા મેદાનો પર રમાશે. યુવા અને અનુભવી ખેલાડીઓના મિશ્રણ સાથેની આ ટીમ દક્ષિણ આફ્રિકાની ધરતી પર પોતાનો દબદબો જાળવવા માટે મેદાનમાં ઉતરશે.

(એજન્સી) નવી દિલ્હી | તા.24

IPL 2026 ને લઈને ઉત્સાહ દરરોજ વધી રહ્યો છે. BCCI ની T20 લીગને લઈને વધી રહેલા ઉત્સાહ વચ્ચે, ભારતે દક્ષિણ આફ્રિકા સામેની T20I શ્રેણી માટે પણ ટીમ જાહેર કરી છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પાંચ મેચની T20I શ્રેણી માટે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જવાની છે, જેના માટે ટીમની જાહેરાત કરવામાં આવી છે. 15 સભ્યોની ટીમમાં પ્રથમ વખત બે ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. હરમનપ્રીત કૌર ટીમનું નેતૃત્વ કરશે. દક્ષિણ આફ્રિકા સામે T20 શ્રેણી માટે ભારતીય ટીમ ચાલો દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર રમાનારી T20 શ્રેણી માટે પસંદ કરાયેલા 15 ખેલાડીઓ પર એક નજર કરીએ. હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમીમા રોડ્રિગ્ઝ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ, અરુંધતી રેડ્ડી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, શ્રી ચારણી, શ્રેયંકા પાટિલ, કાશ્વી ગૌતમ, ભારતી ફુલમાલી, ઉમા છેત્રી, અનુષ્કા શર્મા.

### 2 ખેલાડીઓને પહેલી વાર તક મળી

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ એપ્રિલમાં દક્ષિણ આફ્રિકાના પ્રવાસે જવાનું છે, જેના માટે ટીમની પસંદગી કરવામાં આવી છે. આ પ્રવાસ માટે ભારતની T20 ટીમમાં પ્રથમ વખત બે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. આ બે ડેબ્યુ ખેલાડીઓ કાશ્વી ગૌતમ અને અનુષ્કા શર્મા છે. આ બે નવી ખેલાડીઓ ઉપરાંત, દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે બાકીની T20 ટીમમાં જૂના ચહેરાઓનો સમાવેશ થાય છે.

### ભારતનો દક્ષિણ આફ્રિકા પ્રવાસ શેડ્યૂલ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો દક્ષિણ આફ્રિકા પ્રવાસ 17 એપ્રિલથી શરૂ થવાનો છે. આ પ્રવાસમાં પાંચ મેચની T20I શ્રેણી હશે, જેની અંતિમ મેચ 27 એપ્રિલે રમાશે. પ્રથમ બે મેચ 17 અને 19 એપ્રિલે ડરબનમાં રમાશે. આગામી બે મેચ 22 અને 25 એપ્રિલે જોહાનિસબર્ગમાં રમાશે. શ્રેણીની અંતિમ મેચ 27 એપ્રિલે બેનોનીમાં રમાશે.

# જોન અબ્રાહમે ટીમ ઈન્ડિયાને ટ્રાઈ-નેશનલ ચેમ્પિયનશિપ માટે શુભેચ્છા પાઠવી



(એજન્સી) નવી દિલ્હી । તા. 24

અંડર-૨૩ ટ્રાઈ-નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૬: બોલિવૂડ અભિનેતા જોન અબ્રાહમે અંડર-૨૩ ટ્રાઈ-નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૬ માટે શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ તેમનો આભાર વ્યક્ત કર્યો. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ સોશિયલ મીડિયા પર બોલિવૂડ અભિનેતા જોન અબ્રાહમનો એક વીડિયો શેર કર્યો, જેમાં તેઓ અંડર-૨૩ ટ્રાઈ-નેશનલ ચેમ્પિયનશિપ માટે ટીમ ઈન્ડિયાને શુભેચ્છા પાઠવે છે અને યુવા પ્રતિભાને પ્લેટફોર્મ પૂરું પાડવામાં તેની ભૂમિકાની પ્રશંસા કરે છે. આ ચેમ્પિયનશિપ ૨૫ માર્ચથી શરૂ થવાની છે અને ૩૧ માર્ચ સુધી ચાલશે. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં, જોન અબ્રાહમ કહેતા સાંભળવામાં આવે છે, 'બધાને નમસ્તે, હું જોન અબ્રાહમ છું. મને અંડર-23 ટ્રાઈ-નેશનલ ચેમ્પિયનશિપ 2026 માટે મારી શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવતા આનંદ થાય છે. આ ખાસ પ્રસંગે, હું મારા મિત્ર અને અરુણાચલ પ્રદેશના માનનીય મુખ્યમંત્રી પેમા ખાંડુજી અને અરુણાચલ પ્રદેશના પ્રિય લોકોને, જેમને હું ખૂબ પ્રેમ કરું છું, આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ચેમ્પિયનશિપની ભવ્ય સફળતા માટે હૃદયપૂર્વક અભિનંદન આપવા માંગુ છું.' સીએમ પેમા ખાંડુએ જોન અબ્રાહમનો આભાર વ્યક્ત કર્યો. તેમણે પોતાના સોશિયલ મીડિયા પર લખ્યું, 'અરુણાચલ પ્રદેશના લોકો અને અરુણાચલ પ્રદેશ ફૂટબોલ એસોસિએશન વતી, હું શ્રી જોન અબ્રાહમજીનો ફૂટબોલ પ્રેમીઓને તેમની હાર્દિક શુભેચ્છાઓ અને પ્રોત્સાહન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

# IPL 2026 માટે BCCI ના 7 નવા નિયમો જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

BCCI એ 28 માર્ચથી શરૂ થનારા IPL 2026 માટે 7 નવા નિયમો જારી કર્યા છે. IPLની તમામ 10 ટીમોએ 19મી સીઝન દરમિયાન આ નિયમોનું પાલન કરવાનું રહેશે. હવે પ્રશ્ન એ છે કે શું આ 7 નિયમો IPL 2026 માટે લાગુ કરવામાં આવ્યા છે? આ નિયમો રમત કરતાં ટીમો રમત પહેલા કે દરમિયાન શું કરે છે તેની સાથે વધુ સંબંધિત છે. ચાલો આ 7 નિયમોમાંથી દરેકને એક પછી એક શોધીએ.

### IPL 2026 માટે BCCI ના 7 નિયમો

BCCI નો પહેલો નિયમ ટીમ પ્રેક્ટિસ અને તાલીમ સાથે સંબંધિત છે. કોઈપણ IPL ટીમને તેની મેચના દિવસે પ્રેક્ટિસ કે તાલીમ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

BCCI એ IPL 2026 માટે ટીમ પ્રેક્ટિસ મેચો અંગે બીજો નિયમ લાગુ કર્યો છે. કોઈપણ ટીમને બે કરતા વધુ પ્રેક્ટિસ મેચ રમવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પ્રેક્ટિસ મેચ રમતા પહેલા તેમણે BCCI પાસેથી પરવાનગી લેવી પડશે. વધુમાં, તેમણે ખાતરી કરવી પડશે કે કોઈ પણ મેચ સાડા ત્રણ કલાકથી વધુ ન ચાલે.

BCCIનો ત્રીજો નિયમ ટીમ પ્રેક્ટિસ નેટ સાથે સંબંધિત છે. કોઈપણ ટીમ પ્રેક્ટિસ નેટ શેર કરશે નહીં. દરેક ટીમને પ્રેક્ટિસ માટે નવી નેટ મળશે. એક ટીમને બીજી ટીમની નેટનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, ભલે તે ખાલી હોય.

કોઈપણ ઘરઆંગણાની ટીમને ચાર દિવસ પહેલા તે પીચ પર તાલીમ અથવા પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં જ્યાં તે તેની પહેલી મેચ રમે છે. ટીમોને રેન્જ હિટિંગ, થ્રો-ડાઉન, રન-અપ્સ અને ડ્રીલ્સ માટે અલગ વિકેટ આપવામાં આવશે. ઘરઆંગણાની ટીમને પહેલા પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવામાં આવશે. જો ટીમો એકબીજા પછી તરત જ પ્રેક્ટિસ કરે છે, તો તેમને દર વખતે નવી તૈયાર કરેલી પીચ આપવામાં આવશે.

BCCI પાસે IPL 2026 માટે ખેલાડીઓના પરિવાર અને મિત્રો અંગે પણ એક નિયમ છે. પરિવાર અને મિત્રોને ખેલાડીઓ સાથે મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ખેલાડીઓએ ટીમ બસ દ્વારા પ્રેક્ટિસ અથવા મેચમાં આવવા-જવાની જરૂર રહેશે.

BCCI એ IPL 2026 દરમિયાન ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને મેદાન પર LEB બોર્ડ પાસે બેસવા પર પ્રતિબંધ મૂક્યો છે.

# રેસલિંગ ફેન્સના ગુસ્સાનો ભોગ બની સામન્થા એર્વિન



# રેસલિંગ જગતમાં ખળભળાટ

## રિકોચેટની એક ભૂલ પડી ભારે, પત્નીને મળી જાનથી મારી નાખવાની ધમકી

કુસ્તીની દુનિયામાં જાણીતા રેસલર રિકોચેટ મુશ્કેલીમાં છે. તેણે સોશિયલ મીડિયા પર એક ટ્વિટ પોસ્ટ કર્યું જેના કારણે ભારે હોબાળો મચી ગયો. પરિણામે, તેણે પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ ડિલીટ કરવું

(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 24

WWE સ્ટાર રિકોચેટની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી મળી: કુસ્તીની દુનિયામાં, રેસલર્સ ઘણીવાર હેડલાઈન્સ મેળવવા માટે વિવાદાસ્પદ નિવેદનોનો આશરો લે છે, અને આવો જ વિવાદ ફરી ઉભરી રહ્યો છે. ભૂતપૂર્વ WWE સ્ટાર અને AEW રેસલર રિકોચેટ દ્વારા તાજેતરમાં કરાયેલા એક ટ્વિટથી વિવાદ થયો છે. 2024 માં AEW માં જોડાયા પછી, રિકોચેટ તેના સ્પષ્ટવક્તા અને કઠોર સોશિયલ મીડિયા પોસ્ટ્સ માટે જાણીતા છે, પરંતુ આ વખતે, પરિસ્થિતિ કાબુ બહાર ગઈ. રિકોચેટે મલ્ટીપલ સ્ક્લેરોસિસ જેવી ગંભીર બીમારી સામે લડતી મહિલા વિશે લાગણીહીન ટિપ્પણી કરી હતી, જેના કારણે સોશિયલ મીડિયા પર ચાહકોનો ગુસ્સો ભડકી ગયો છે.

### પત્નીને જાનથી મારી નાખવાની ધમકી મળી

વધતા વિવાદને જોઈને, રિકોચેટે તરત જ પોતાની ભૂલ સ્વીકારી અને માફી માંગી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. આ વિવાદ તેમની પત્ની, સામન્થા એર્વિન સુધી પણ પહોંચ્યો, જે WWE ની ભૂતપૂર્વ પ્રખ્યાત રિંગ એનાઉન્સર હતી. સામન્થાએ ઈન્સ્ટાગ્રામ પર ખુલાસો કર્યો કે રિકોચેટની ટિપ્પણીઓ પછી તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી હતી. વધતી જતી ટ્રોલિંગથી બચવા માટે, સામન્થાએ પોતાનું ટ્વિટર એકાઉન્ટ પણ ડિએક્ટિવેટ કરવું પડ્યું. છેલ્લા કેટલાક સમયથી, રિકોચેટ તેની ભૂતપૂર્વ કંપની, WWE અને સાથી કુસ્તીબાજો વિરુદ્ધ નકારાત્મક ટિપ્પણીઓ કરવા બદલ સમાચારમાં છે. બીમાર મહિલા વિશેની તેમની તાજેતરની ટિપ્પણી તેમના ઓન-સ્ક્રીન પાત્રનો ભાગ હોઈ શકે છે, પરંતુ ચાહકોએ તેને ભાવનાત્મક સ્તરે લઈ ગયા છે. આ વિવાદે રિકોચેટની વ્યાવસાયિક કારકિર્દીને ઢાંકી દીધી છે, જે AEW નેશનલ ચેમ્પિયન બનીને સફળતાની ઊંચાઈએ પહોંચી રહી હતી. રિકોચેટે AEW ફુલ ગિયર 2025 માં તેની પ્રથમ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ જીતીને ઈતિહાસ રચ્યો. જો કે, તેણે તાજેતરમાં AEW રિવોલ્યુશન 2026 પે-પર-વ્યૂ પહેલા ઝીરો અવર શોમાં ટાઈટલ ગુમાવ્યું હતું. 21 ખેલાડીઓના બ્લેકજેક બેટલ રોયલમાં ઝેક પેરી દ્વારા તેનો પરાજય થયો હતો.

રેસલર રિકોચેટનું સોશિયલ મીડિયા એકાઉન્ટ ડિલીટ

RCBને વધુ એક મોટો ઝટકો

# ઇન્ડિયન પ્રીમિયર લીગ 2026 માંથી બહાર થયો યશ દયાલ




(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની 19મી સીઝન 28 માર્ચથી શરૂ થવાની છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ફાસ્ટ બોલર યશ દયાલ આખી સીઝન માટે બહાર થઈ ગયો છે. RCB ના ડિરેક્ટર મો બોબટે આ જાહેરાત કરી. ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની 19મી સીઝન 28 માર્ચથી શરૂ થવાની છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ફાસ્ટ બોલર યશ દયાલ આખી સીઝન માટે બહાર થઈ ગયો છે. RCB ના ડિરેક્ટર મો બોબટે આ જાહેરાત કરી. નોંધનીય છે કે RCB ને જોશ હેઝલવુડના રૂપમાં પહેલેથી જ મોટો ઝટકો લાગ્યો છે. હેઝલવુડ પહેલી કેટલીક મેચો માટે બહાર થઈ ગયો છે. RCB ના ડિરેક્ટર મો બોબટે જણાવ્યું હતું કે યશ દયાલ આ સીઝનમાં RCB માટે ઉપલબ્ધ રહેશે નહીં. તેમણે વ્યક્તિગત સમસ્યાઓને કારણે આ નિર્ણય લીધો છે. જોકે, RCB એ હજુ સુધી તેમના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી. એ જોવું રસપ્રદ રહેશે કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ફ્રેન્ચાઈઝ યશ દયાલનું સ્થાન લેશે કે નહીં. યશ દયાલે ગયા સીઝનમાં RCB માટે સારી બોલિંગ કરી હતી, કુલ 13 વિકેટ લીધી હતી. ટીમ બસ પોસ્ટરમાંથી યશ દયાલનો ફોટો ગાયબ છે. તાજેતરમાં યશ દયાલ અંગે અનેક અહેવાલો સામે આવ્યા છે. આ સિઝનમાં તે હજુ સુધી RCB ટીમના તાલીમ શિબિરમાં જોડાયો ન હતો, જેના કારણે તેની ભાગીદારી પર પ્રશ્નો ઉભા થયા હતા.

# જીતવા માટે વધુ પડતા કઠોર થવાની જરૂર નથી!

## ગંભીરને 'દાદા'ની ટકોર




(એજન્સી) નવી દિલ્હી । તા. 24

T20 વર્લ્ડ કપ 2026માં ભારતની જીત બાદ ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરની ખૂબ પ્રશંસા થઈ રહી છે. તેના કાર્યકાળમાં ભારતે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં સારું પ્રદર્શન કર્યું છે અને ટીમે ફરી એક વાર ICC ખિતાબ જીત્યો છે. જોકે, આ વચ્ચે પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ ગંભીરને કેટલીક મહત્વપૂર્ણ સલાહ આપી છે. ગાંગુલીનું માનવું છે કે, ગંભીરમાં જીતવાનો જુસ્સો છે, પરંતુ તેણે પોતાનું વલણ થોડું નરમ રાખવાની જરૂર છે.ગાંગુલીએ કહ્યું કે, 'ગૌતમ ગંભીર ખૂબ જ સ્પર્ધાત્મક વ્યક્તિ છે અને તે કોઈપણ કિંમતે જીતવા માગે છે. આ જ બાબત તેને અન્ય લોકોથી અલગ બનાવે છે. જોકે તેના મતે ગંભીરને અસરકારક બનવા માટે વધુ પડતા સખ્ત કે કઠોર બનવાની જરૂર નથી.' ગાંગુલીએ એમ પણ કહ્યું કે, 'ગંભીર એક સારો વ્યક્તિ છે.' સૌરવ ગાંગુલીએ ગંભીરની એક વાતની ખૂબ પ્રશંસા પણ કરી. તેમણે કહ્યું કે, ગંભીરે ટીમમાં 'ટીમ-ફર્સ્ટ' માનસિકતાને મજબૂત બનાવી છે. આનો અર્થ એ છે કે ધ્યાન કોઈ એક સ્ટાર ખેલાડી પર નહીં, પરંતુ સમગ્ર ટીમના સામૂહિક પ્રદર્શન પર રહ્યું છે. આ કોઈપણ સફળ ટીમની મોટી ઓળખ હોય છે. ગાંગુલીનું માનવું છે કે ગંભીર આ મામલે સારું કામ કરી રહ્યો છે અને આ જ કારણે ભારતને સફેદ બોલ ક્રિકેટમાં સફળતા મળી છે. ગાંગુલીએ આગળ કહ્યું કે, ગંભીરે ટેસ્ટ ક્રિકેટમાં પણ ભારતના પ્રદર્શન પર ખાસ ધ્યાન આપવું જોઈએ. તેમના મતે ભારત પાસે સારા ઝડપી બોલરો અને મજબૂત બોલિંગ આક્રમણ છે, તેથી તેમણે ઘરેલુ ટેસ્ટ મેચોમાં વધુ પડતા ટર્નિંગ ટ્રેક બનાવવાની માનસિકતામાંથી બહાર આવી જવું જોઈએ. ગાંગુલીનું માનવું છે કે ભારતીય બોલરો સારી અને સંતુલિત પિચો પર પણ મેચ જીતાડી શકે છે. તેમણે ઈશારો કર્યું કે ઘરેલુ પરિસ્થિતિઓને ફક્ત સ્પિન હિસાબે તૈયાર કરવાની ટેવ લાંબા ગાળે નુકસાન પહોંચાડી શકે છે. જો ભારત ટેસ્ટ ક્રિકેટમાં સતત મજબૂત રહેવા માંગે છે, તો પિચોને દિમાગમાંથી કાઢી

IPL 2026

# ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં 11 બેઠકો કાયમી ધોરણે ખાલી રહેશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

IPL 2026 પહેલા, RCB એ ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે. ફ્રેન્ચાઈઝીએ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં 11 બેઠકો કાયમી ધોરણે ખાલી રાખવાનો નિર્ણય લીધો છે. IPL ની 19મી સીઝન શરૂ થાય તે પહેલાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ફ્રેન્ચાઈઝીએ એક મોટો નિર્ણય લીધો છે. ગયા વર્ષે, ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં 11 લોકોએ જીવ ગુમાવ્યા હતા. તે વ્યક્તિઓના સન્માનમાં, ફ્રેન્ચાઈઝીએ એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. આ નિર્ણય 4 જૂન, 2025 ના રોજ થયેલી ભાગદોડ દરમિયાન જીવ ગુમાવનારા 11 લોકોની યાદમાં લેવામાં આવ્યો છે - આ ઘટના RCB ના ઐતિહાસિક પ્રથમ IPL ટાઈટલ વિજય પછી ઉજવણી વચ્ચે બની હતી. ફ્રેન્ચાઈઝીએ સીઝનની શરૂઆત પહેલા ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો અમલમાં મૂક્યા છે.

### દરેક મેચ માટે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૧૧ બેઠકો ખાલી રહેશે

૪ જૂનના રોજ, ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર મોટી સંખ્યામાં ભીડ વચ્ચે એક દુ:ખદ ઘટના બની, જેનાથી સમગ્ર ક્રિકેટ જગતમાં શોકની લહેર ફેલાઈ ગઈ. RCB અને KSCA વચ્ચેના સંયુક્ત નિર્ણય તરીકે, ફ્રેન્ચાઈઝીએ સ્ટેડિયમના એક મુખ્ય સ્ટેન્ડમાં આવેલી ૧૧ બેઠકોને જાહેર પ્રવેશથી કાયમી ધોરણે પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો છે. હવેથી, કોઈ પણ આ બેઠકો પર ક્યારેય કબજો કરશે નહીં, અને તે કાયમી ધોરણે ખાલી રહેશે. IPL અને આંતરરાષ્ટ્રીય મેચો સહિત, આ બેઠકો સ્થળ પર યોજાનારી દરેક મેચ દરમિયાન ખાલી રહેશે. RCBના આ પગલાની દરેક દ્વારા વ્યાપક પ્રશંસા કરવામાં આવી રહી છે.

### સ્ટેડિયમના દરવાજા પાસે એક ભવ્ય સ્મારક બનાવવામાં આવશે

RCB એ ચાલુ સિઝન પહેલા પણ ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. ભાગદોડમાં જીવ ગુમાવનારા ૧૧ વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ આપવાના હેતુથી, સ્ટેડિયમ પરિસરમાં એક સ્મારક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# પરમાણુ હથિયારો રાખવાનો અમારો નિર્ણય સાચો હતો



(એજન્સી) નોર્થ કોરિયા | તા.24

નોર્થ કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને દેશ પાસે પરમાણુ હથિયારો હોવા અંગે ખુશી વ્યક્ત કરતા અમેરિકા અને ઈઝરાયલ પર આકરા પ્રહાર કર્યા છે. સરકારી મીડિયાના અહેવાલ મુજબ, કિમે સંસદમાં આપેલા લાંબા ભાષણમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં ઈરાન પર થયેલા હુમલાઓ એ સાબિત કરે છે કે નોર્થ કોરિયાએ પરમાણુ હથિયારો બનાવવાનો જે નિર્ણય લીધો હતો તે એકદમ સાચો હતો. તેમણે ભારપૂર્વક કહ્યું કે આજની દુનિયામાં માત્ર મજબૂત સૈન્ય તાકાત જ કોઈ પણ દેશની સુરક્ષાની ગેરંટી આપી શકે છે. આ સાથે જ કિમે સાઉથ કોરિયાને પોતાનો સૌથી મોટો દુશ્મન ગણાવીને તેને સંપૂર્ણપણે નજરઅંદાજ કરવાની અને જરૂર પડ્યે કડક સજા કરવાની ચેતવણી પણ આપી છે. કિમ જોંગ ઉને વર્ષ 2019માં ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત નિષ્ફળ ગયા પછી પરમાણુ શક્તિ વધારવાના નિર્ણયને તેમનું સૌથી શ્રેષ્ઠ કદમ ગણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે નોર્થ કોરિયા હવે અમેરિકા વિરુદ્ધના એકજૂથ મોરચામાં વધુ સક્રિય ભૂમિકા ભજવશે. જોકે, તેમણે ટ્રમ્પનું નામ સીધું લીધું ન હતું, પરંતુ એટલું જરૂર કહ્યું કે વિરોધીઓ શાંતિ ઈચ્છે છે કે સંઘર્ષ, તે તેમના પર નિર્ભર છે. નોર્થ કોરિયા હવે વધુ શક્તિશાળી મિસાઈલો અને પરમાણુ હથિયારો બનાવીને પોતાની સુરક્ષા અભેદ્ય કરવા માંગે છે, જેથી તે આર્થિક વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકે. નોંધનીય છે કે નોર્થ' કોરિયા પાસે હાલમાં અમેરિકા સુધી પહોંચવાની ક્ષમતા ધરાવતી 'હ્વાસોંગ-15' અને 'હ્વાસોંગ-18' જેવી ખતરનાક આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલો(ICBM) છે, જેની રેન્જ 10,000થી 15,000 કિલોમીટર સુધીની માનવામાં આવે છે. નિષ્ણાતોના મતે, નોર્થ કોરિયા પાસે લગભગ 50થી 100 જેટલા પરમાણુ હથિયારો લઈ જઈ શકે તેવી મિસાઈલો હોઈ શકે છે.



## ઈઝરાયલ પર ઈરાનના ભીષણ મિસાઈલ હુમલા



### ડિફેન્સ સિસ્ટમ નિષ્ફળ, તેલ અવીવમાં તબાહી

(એજન્સી) ઈઝરાયલ | તા.24

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ હવે અત્યંત ભયાનક વળાંક પર પહોંચ્યો છે. મંગળવારે ઈરાને ઈઝરાયલના આર્થિક કેન્દ્ર ગણાતા તેલ અવીવ સહિતના અનેક શહેરો પર એકસાથે અનેક મિસાઈલ છોડી હતી, જેના કારણે સમગ્ર દેશમાં ખતરાની સાયરનો ગુંજી ઉઠી હતી. આ હુમલામાં તેલ અવીવની એક બહુમાળી રહેણાંક ઈમારત પર મિસાઈલ પડતાં ભારે નુકસાન થયું છે અને ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ભીષણ હુમલાના જવાબમાં ઈઝરાયલની વાયુસેનાએ પણ આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાનની રાજધાની તેહરાનમાં આવેલા ગુપ્તચર મંત્રાલય અને રિવોલ્યુશનરી ગાર્ડ્સના મુખ્ય કમાન્ડ સેન્ટરો સહિત 50થી વધુ સંવેદનશીલ સ્થળો પર ઈઝરાયલ દ્વારા ભારે બોમ્બમારો કરવામાં આવ્યો છે. બંને દેશો વચ્ચે વધતાં જતાં આ હુમલાઓને કારણે સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે અને હજારો લોકોના જીવ જોખમમાં મૂકાયા છે.

### ટ્રમ્પનો દાવો: ઈરાન સાથેની વાતચીત સકારાત્મક રહી



બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહી છે. આ વાટાઘાટોને ધ્યાનમાં રાખીને તેમણે ઈરાનના પાવર પ્લાન્ટ્સ પર થનારા સંભવિત હુમલાને પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બંને દેશો વચ્ચે યુદ્ધનો અંત લાવવા માટે મહત્ત્વના મુદ્દાઓ પર સહમતિ સધાઈ રહી છે. ઈરાનનો ઈન્કાર: વાતચીતના સમાચારને ગણાવ્યા 'ફેક ન્યૂઝ' જોકે, ઈરાનના વલણે આ દાવાઓ પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યા છે. ઈરાનના સંસદ અધ્યક્ષ મોહમ્મદ બાકેર કાલીબાફે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાતચીત થઈ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે અને ટ્રમ્પના નિવેદનને બજારમાં ગેરમાર્ગે દોરનારા 'ફેક ન્યૂઝ' ગણાવ્યા છે.

### વૈશ્વિક બજારમાં ઓઈલના ભાવમાં ભારે ઉથલપાથલ



આ યુદ્ધની સીધી અસર વૈશ્વિક અર્થતંત્ર પર પણ પડી રહી છે. ઈરાને વિશ્વના 20 ટકા તેલ અને ગેસના પરિવહન માટેના મુખ્ય દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'ને બંધ કરી દીધો છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં 2,000થી વધુ લોકોના મોત થયા છે. એક તરફ શાંતિ માટે મધ્યસ્થતાના પ્રયાસો થઈ રહ્યા છે, તો બીજી તરફ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સે અમેરિકન લક્ષ્યો પર નવા હુમલાની ચેતવણી આપીને તણાવમાં વધારો કર્યો છે.

# રશિયા ઈરાનને કરી રહ્યુ છે મદદ, અમારી પાસે છે તેના પુરાવા

## ઝેલેન્સ્કીનો ચોંકાવનારો દાવો



(એજન્સી) યુક્રેન | તા.24

વિશ્વ અત્યારે રશિયા-યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયાના સંઘર્ષો વચ્ચે ફસાયેલું છે, ત્યારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ એક ગંભીર આરોપ લગાવીને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. વિશ્વ અત્યારે રશિયા-યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયાના સંઘર્ષો વચ્ચે ફસાયેલું છે, ત્યારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ એક ગંભીર આરોપ લગાવીને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ઝેલેન્સકીએ દાવો કર્યો છે કે રશિયા દ્વારા ઈરાનને અત્યંત મહત્વની ગુપ્તચર સહાય પૂરી પાડવામાં આવી રહી છે, જેના કારણે ઈરાન યુદ્ધના મેદાનમાં ટકી રહેવા સક્ષમ બન્યું છે. મંગળવારે મીડિયાને સંબોધતા ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે તેમની પાસે મજબૂત અને નિર્ણાયક પુરાવા છે કે રશિયન સરકાર ઈરાની શાસનને ગુપ્ત માહિતી પહોંચાડી રહી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'પુરાવા સ્પષ્ટપણે દર્શાવે છે કે રશિયન સહાય વિનાશક સાબિત થઈ રહી છે. આ મદદ માત્ર ઈરાનને સત્તામાં ટકી રહેવા માટે જ નહીં, પરંતુ વધુ ચોક્કસ અને ઘાતક હુમલાઓ કરવામાં પણ મદદરૂપ થઈ રહી છે.' ઝેલેન્સકીના મતે, આ ગઠબંધન માત્ર યુક્રેન માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની શાંતિ માટે જોખમી છે. રાષ્ટ્રપતિએ વધુમાં ચિંતા વ્યક્ત કરી હતી કે રશિયા અને ઈરાન વચ્ચેની આ સાંઠગાંઠથી વૈશ્વિક બજારોમાં નકારાત્મક પ્રતિક્રિયા જોવા મળી રહી છે. આ અસ્થિરતાને કારણે ઘણા દેશોમાં ઊર્જાની જરૂરિયાતો સંતોષવી મુશ્કેલ બની રહી છે અને મોંઘવારી વધી રહી છે. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે કે આ જોડાણને તાત્કાલિક રોકવું જોઈએ, કારણ કે તે સંઘર્ષને લાંબો ખેંચી રહ્યું છે અને માનવીય સંકટ ઊભું કરી રહ્યું છે. બીજી તરફ, રશિયા આ આરોપો વચ્ચે ઈરાન સાથેના પોતાના સંબંધો વધુ મજબૂત કરી રહ્યું હોય તેવું જણાય છે. રશિયન વિદેશ મંત્રી સેરગેઈ લવરોવે તાજેતરમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. રશિયન વિદેશ મંત્રાલયના નિવેદન મુજબ, બંને નેતાઓએ પર્સિયન ગલ્ફમાં વધી રહેલા અમેરિકી અને ઈઝરાયલી હસ્તક્ષેપ અંગે ચર્ચા કરી હતી. તેમણે એવી આશંકા પણ વ્યક્ત કરી હતી કે આ સંઘર્ષ કેસ્પિયન સમુદ્ર સુધી ફેલાઈ શકે છે, જે રશિયાની ભૌગોલિક સરહદોની અત્યંત નજીક છે.

# ઈટાલીમાં જનતા જ્યોર્જિયા મેલોનીની વિરુદ્ધમાં

(એજન્સી) ઇટાલી | તા.24

જ્યોર્જિયા મેલોની વિરુદ્ધનું જનતાનું વલણ તેમને પદ છોડવા માટે મજબૂર કરી શકે છે. જ્યોર્જિયા મેલોનીએ ઈટાલીમાં ન્યાયિક સુધારા અંગે લોકમત યોજ્યો હતો. જેમાં 54 ટકા લોકોએ તેમની વિરુદ્ધ મતદાન કર્યુ હતુ. ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન યુદ્ધની પહેલી અસર ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની પર પડી છે. ઈટાલીમાં ન્યાયિક સુધારા પરના લોકમતમાં મેલોનીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. 2022 પછી પહેલી વાર મેલોનીને ચૂંટણીમાં પછાડનો સામનો કરવો પડ્યો છે. જો મતદારોની ભાવના આવી જ રહેશે, તો મેલોની ભવિષ્યમાં પોતાનું પદ ગુમાવી શકે છે, કારણ કે આવતા વર્ષે ઈટાલીમાં



વડા પ્રધાન પદ માટે સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. સર્વે મુજબ 77 ટકા ઈટાલિયન લોકોએ મેલોની સરકારના પ્રદર્શન પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો હતો. મુખ્ય જાહેર ચિંતા યુદ્ધને કારણે ઉર્જાના ભાવમાં અચાનક વધારો હતો. ઈટાલિયનોએ જણાવ્યું હતું કે તેઓ યુરોપમાં વીજળી માટે સૌથી વધુ કિંમત ચૂકવી રહ્યા છે. યુદ્ધ પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. નિષ્ણાંતોના મતે, મેલોનીએ 2024 પછી પોતાને ટ્રમ્પની નજીક દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘણા પ્રસંગોએ, જ્યારે યુરોપિયન નેતાઓ ટ્રમ્પની વિરુદ્ધ હતા, ત્યારે પણ મેલોનીએ ખુલ્લેઆમ તેમનું સમર્થન કર્યું. લોકમત પહેલા, સામાન્ય નાગરિકોએ એવી ધારણા વિકસાવી હતી કે ભવિષ્યમાં તેમને પણ યુદ્ધમાં ખેંચી શકાય છે.

## યુદ્ધ માટે સબમરીનની તૈયારીમાં ચીન

# ત્રણ મહાસાગરમાં મૈપિંગ માટે જહાજો અને સેંસરો લાગ્યા કામે

(એજન્સી) યુક્રેન | તા.24

ચીન સમુદ્રની નીચે મોટું સર્વે અને મૈપિંગનું કામ કરી રહ્યુ છે. તેનો ઉદ્દેશ્ય સમુદ્ર વિશે મહત્ત્વની માહિતી મેળવવાનો છે. કે જેનાથી સબમરીન સંચાલન વધુ યોગ્ય રીતે થઇ શકે. અમેરિકા અને તેના સહયોગ વિરુદ્ધ જીત મેળવી શકે. મહાસાગરોમાં મૈપિંગ કરવા માટે ચીનના જહાજો અને સેંસર કામે લાગ્યા છે. સર્વેમાં ખાસ જહાજ ડોંગ ફાંગ હોન્ગ 3 છે. જેને ઓશિયન યુનિવર્સિટી ઓફ ચાઈના ચલાવે છે. આ જહાજ 2024 અને 2025 દરમિયાન સતત એક ક્ષેત્રમાં હતુ. આ જહાજ તાઈવાન પાસે અમેરિકી સૈન્ય સ્થળો અને ગુઆમની આસપાસ તથા હિંદ મહાસાગરના માર્ગે વારંવાર જોવા મળ્યુ છે. ઓક્ટોબર 2024માં જાપાનની પાસે સમુદ્રી સેંસરોની તપાસ કરાઇ હતી. અને મે 2025માં ફરી તે એ જ વિસ્તારમાં જોવા મળ્યુ હતુ. માર્ચ 2025માં આ જહાજ શ્રીલંકા અને ઈન્ડોનેશિયાની વચ્ચે સમુદ્રી ક્ષેત્રમાં સક્રિય રહ્યુ હતુ. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર આ કામ માત્ર વૈજ્ઞાનિક હેતુ માટે નથી કરવામાં આવી રહ્યુ. પરંતુ તેનો સૈન્ય દ્વારા પણ ઉપયોગ કરાઇ રહ્યો છે. સમુદ્રીની ઊંડાઇ, પાણીનું તાપમાન અને સમુદ્રની લહેરો સબમરીન માટે ખૂબ મહત્ત્વની છે.



# ગુજરાત

## નકલી રેલ્વે ટિકિટો વિરુદ્ધ સઘન તપાસમાં અમદાવાદ મંડળને મોટી સફળતા






અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા, મંડલ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ ચલાવવામાં આવેલ ટિકિટ તપાસ અભિયાન દરમિયાન નકલી રેલ ટિકિટોના એક સંગઠિત કેસનો સફળતાપૂર્વક પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી મુસાફરોના હિતોની સુરક્ષા તેમજ રેલવેની પારદર્શક અને વિશ્વસનીય ટિકિટિંગ પ્રણાલીને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.તારીખ 21 માર્ચ 2026ના રોજ પ્રયાગરાજ-અમદાવાદ એક્સપ્રેસ (ટ્રેન નંબર 22968) ના અમદાવાદ સ્ટેશન પર આગમન દરમિયાન નિયમિત ટિકિટ તપાસમાં તૈનાત ટિકિટ ચેકિંગ સ્ટાફ શ્રી નીરજ મહેતા, શ્રી સાજી ફિલિપ અને તેમની ટીમ દ્વારા સતર્કતા અને સૂઝબૂઝનો પરિચય આપતા સંદિગ્ધ મુસાફરોને રોકવામાં આવ્યા. વિગતવાર તપાસ દરમિયાન બંને મુસાફરોના ટિકિટોના સિરિયલ નંબર એકસરખા હોવાનું જણાયું. ત્યારબાદ ક્યુઆર કોડ સ્કેનિંગ અને ટેકનિકલ ચકાસણીમાં સ્પષ્ટ થયું કે ટિકિટોની નકલો અનધિકૃત રીતે તૈયાર કરવામાં આવી હતી.આ પ્રકરણમાં અમદાવાદ ટીમ દ્વારા 15 વ્યક્તિઓને પકડવામાં આવ્યા. મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખીને તરત જ એલર્ટ જારી કરવામાં આવ્યું અને સંબંધિત વિભાગો તેમજ નિયંત્રણ કક્ષને જાણ કરી સંકલિત કાર્યવાહી શરૂ કરવામાં આવી. આગળની તપાસમાં જાણવા મળ્યું કે મૂળ ટિકિટોને સ્કેન કરીને તેમની અનેક નકલો બનાવી યાત્રીઓને ગેરકાયદેસર રીતે વેચવામાં આવી રહી હતી.આ કૃત્ય પ્રયાગરાજમાં ATVM (ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન) ફેસિલિટેટર્સ તરીકે નિયુક્ત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતું હતું, જેના કારણે માત્ર મુસાફરો સાથે છેતરપિંડી જ નહોતી થઈ રહી, પરંતુ રેલવેની આવકને પણ નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હતું. અમદાવાદ મંડળ દ્વારા આ પ્રકરણમાં સંબંધિત એજન્સીઓના સહયોગથી ત્વરિત અને પ્રભાવી કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી. તારીખ 21/22 માર્ચની રાત્રે લગભગ 10:00 વાગ્યાથી સવારે 4:00 વાગ્યા સુધી અમદાવાદ સ્ટેશન પર મંડલ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ અને વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અનુ ત્યાગી ના નેતૃત્વમાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સતત નજર રાખવામાં આવી તેમજ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રયાગરાજમાં વિજિલન્સ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે સંકલિત દરોડાની કાર્યવાહી કરવામાં આવી. આ દરમિયાન સીસીટીવી ફૂટેજનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું, જેના આધારે નકલી ટિકિટ પર મુસાફરી કરતા વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી.પકડાયેલા 15 વ્યક્તિઓને સીસીટીવી ફૂટેજ બતાવતા તેમણે અલગ- અલગ બે વ્યક્તિઓની ઓળખ કરી, જેમની પાસેથી તેમણે ટિકિટ ખરીદી હતી. તપાસમાં આ વ્યક્તિઓના નામ વિનય શુક્લા અને ગૌરવ પાંડે તરીકે સામે આવ્યા. આગળની તપાસમાં એ પણ જાણવા મળ્યું કે ફેસિલિટેટર વિનય શુક્લાએ તારીખ 20 માર્ચે પ્રયાગરાજ T-8 ટર્મિનલમાંથી અમદાવાદ ની 6 અને સુરત ની 5 અસલી ટિકિટો કાઢી હતી, જેને તેણે પોતાના સાથી ફેસિલિટેટર ગૌરવ પાંડેને સોંપી હતી.

## સ્કેપિયા 2026 ની ક્રિકેટ સીઝન માટે ગુજરાત ટાઇટન્સના સત્તાવાર ભાગીદાર તરીકે જોડાયું




અમદાવાદ : સ્કેપિયા, જે ભારતનું અગ્રણી ટ્રાવેલ ફિનટેક પ્લેટફોર્મ છે, તેણે 2026ની ક્રિકેટ સીઝન માટે ગુજરાત ટાઈટન્સ (GT) સાથે સત્તાવાર ભાગીદાર તરીકેની પોતાની ભાગીદારીની જાહેરાત કરી છે. સ્કેપિયા ચાહકો માટે એવા અનોખા અનુભવો સર્જી રહ્યું છે, જે તેમને મેચદિનના સામાન્ય અનુભવથી આગળ લઈ જઈને પડદા પાછળના વિશેષ ઍક્સેસથી લઈને સ્ટેડિયમની પ્રીમિયમ પળોનો લ્હાવો આપશે. ગુજરાત ટાઈટન્સના ચાહકો માટેના મુખ્ય અનુભવોમાં સમાવેશ થાય છે: ટાઈટન્સ સાથે એક યાદગાર દિવસ - આ ખાસ સ્પર્ધાના વિજેતા અને તેમના એક મિત્રને અમદાવાદની સફરે લઈ જવામાં આવશે, જ્યાં તેઓ ટીમ સાથે એક અનન્ય અનુભવ માણી શકશે. વિજેતાઓને ગુજરાત ટાઈટન્સની ટીમ સાથે જ ITC નર્મદા ખાતે રોકાવાની તક મળશે, જે તેમને ખેલાડીઓની મેચની તૈયારીઓ અને મેચના દિવસો દરમિયાનની તેમની જીવનશૈલીને નજીકથી જોવાની એક દુર્લભ તક પૂરી પાડશે. આ ઉપરાંત, આ અનુભવમાં એવી &★39;બિહાઈન્ડ-ધ-સીન્સ એટલે કે પડદા પાછળની પળોનો પણ સમાવેશ થાય છે જે સામાન્ય રીતે ચાહકોને ભાગ્યે જ જોવા મળે છે. સ્કેપિયા ટાઈટન્સ એન્ટોરેજ - નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી ઘરઆંગણાની પસંદગીની મેચો માટે, વિજેતાઓને સ્કેપિયાના ખાસ હોસ્પિટાલિટી સ્યુટનો લાભ મળશે. જેમાં મેચ દરમિયાન સ્વાદિષ્ટ વાનગીઓ અને પીણાંની સાથે મેદાનના શ્રેષ્ઠ નજારા સાથે રમત જોવાનો એક અનોખો લ્હાવો મળશે. સ્કેપિયા "ધ ગેમ ઈઝ યોર્સ" નામનું એક ફેન એન્ગેજમેન્ટ અભિયાનશરૂ કરશે, જેનો હેતુ ગુજરાત ટાઈટન્સના ચાહકોને એવી ખાસ પળો સુધી પહોંચાડવાનો છે જે સામાન્ય રીતે માત્ર અંદરના સભ્યો માટે જ આરક્ષિત હોય છે. આ અભિયાનના કેન્દ્રમાં સ્કેપિયા સુપરશોટ નામની એક પ્રવૃત્તિ છે, જેમાં સહભાગીઓ બે સભ્યોની ટીમ બનાવીને લાઈવ લીડરબોર્ડ પર એકબીજા સાથે સ્પર્ધા કરશે. આ સ્પર્ધામાં વિજેતા બનેલી ટીમો તેમના અંતિમ રેન્કિંગના આધારે વિશિષ્ટ પુરસ્કારો અને અદ્ભુત અનુભવો મેળવવાની તક મળશે.

## અમદાવાદ મંડળનું ફ્રેઈટ લોડિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન 50 મિલિયન ટનનો આંકડો કર્યો પાર




અમદાવાદ : પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે ચાલુ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ફ્રેઈટ લોડિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં 23 માર્ચ 2026 સુધી 50.10 મિલિયન ટન (MT)નો આંકડો સફળતાપૂર્વક પાર કર્યો છે. આ ગયા વર્ષ કરતાં આશરે 4 મિલિયન ટન વધુ છે, જે મંડળની સતત પ્રગતિ અને કાર્યક્ષમતાને દર્શાવે આપે છે. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ અમદાવાદ મંડળના પરિચાલન અને વાણિજ્ય વિભાગોની ટીમ દ્વારા અપનાવવામાં આવેલી પ્રભાવી રણનીતિઓ – જેમ કે રિયલ-ટાઈમ મોનીટરીંગ, ઝડપી નિર્ણય પ્રક્રિયા અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ – એ આ ઉપલબ્ધીમાં માં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ઉલ્લેખનીય છે કે અગાઉના નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન મંડળે 50.38 મિલિયન ટનનું સર્વોચ્ચ લોડિંગ નોંધાવ્યું હતું. ચાલુ વર્ષમાં ફરીથી 50 મિલિયન ટનનો આંકડો પાર કરવો અમદાવાદ મંડળની સતત પ્રગતિ અને ઊંચી કામગીરી ક્ષમતાને દર્શાવે છે.અમદાવાદ મંડળે માલગાડીઓના સુચારુ અને સમયસર સંચાલન, રેકની પ્રભાવી ઉપલબ્ધતા અને ઉપયોગ, ટર્નઅરાઉન્ડ સમયમાં ઘટાડો તેમજ લોડિંગ-અનલોડિંગ પ્રક્રિયાઓના કાર્યક્ષમ સંચાલન દ્વારા આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવ્યું છે.સાથે જ, ગ્રાહકો સાથે સતત સંવાદ, નવી તકોની ઓળખ અને ગ્રાહક-અનુકૂળ સેવાઓના વિસ્તરણથી ફ્રેઈટ લોડિંગમાં સતત વૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં આવી છે. અમદાવાદ મંડળ દ્વારા કોલસો, સિમેન્ટ, ખાતર, કન્ટેનર તથા પેટ્રોલિયમ ઉત્પાદનો સહિત વિવિધ માલસામાનના લોડિંગમાં સતત વૃદ્ધિ નોંધાઈ છે, જેના કારણે ન માત્ર રેલ્વેની આવકમાં વધારો થયો છે,પરંતુ પ્રાદેશિક ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળ્યો છે.આ સિદ્ધિ પશ્ચિમ રેલ્વેની "પરિચાલન શ્રેષ્ઠતા, ગ્રાહક સંતોષ અને સતત વિકાસ" પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે અને મંડળની સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ, કુશળ પ્રબંધન અને સંકલિત પ્રયત્નોનું પરિણામ છે.

## સુપ્રીમ કોર્ટ ઐતિહાસિક ચુકાદો જાહેર થયો, સશસ્ત્ર દળોમાં લિંગ સમાનતા મજબૂત બની છે

# મહિલા અધિકારીઓ કાયમી કમિશન માટે હવે પૂર્ણ હકદાર

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતીય સશસ્ત્ર દળોમાં લિંગ સમાનતાના ઈતિહાસમાં મંગળવારનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા ઠેરવ્યું છે કે શોર્ટ સર્વિસ કમિશન (SSC) હેઠળ સેવા આપતી મહિલા અધિકારીઓ હવે પરમેનન્ટ કમિશન (PC) મેળવવા માટે સંપૂર્ણ હકદાર છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે ૨૩ વર્ષ લાંબી કાનૂની લડતનો અંત આણતા બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કર્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે મહિલાઓને અત્યાર સુધી આ હકથી વંચિત રાખવી એ પ્રણાલીગત ભેદભાવનું પરિણામ હતું.

સુપ્રીમ કોર્ટે સૈન્યમાં મહિલાઓના મૂલ્યાંકન માટે વપરાતા માળખાની આકરી ટીકા કરી હતી. અદાલતે અવલોકન કર્યું કે મહિલા અધિકારીઓ પ્રત્યે વર્ષોથી પૂર્વગ્રહ રાખવામાં આવ્યો છે. વર્ષે માત્ર ૨૫૦ મહિલાઓને જ કાયમી કમિશન આપવાની મર્યાદાને કોર્ટે મનસ્વી અને અયોગ્ય ગણાવી હતી. કોર્ટે નોંધ્યું કે મહિલાઓના વાર્ષિક ગોપનીય અહેવાલો (ACRs) અત્યંત બેદરકારીથી તૈયાર કરવામાં આવ્યા હતા, કારણ કે સત્તાધીશોએ



માની લીધું હતું કે તેઓ ક્યારેય કાયમી કમિશન માટે પાત્ર બનશે જ નહીં. "પુરુષ અધિકારીઓ એવી અપેક્ષા ન રાખી શકે કે કાયમી કમિશન માત્ર તેમના માટે જ અનામત રહેશે," તેમ બેન્ચે ઉમેર્યું હતું.ભારતીય સેના: જે મહિલા અધિકારીઓ કાયમી કમિશન માટે પાત્ર હતી, તેઓએ ૨૦ વર્ષની ક્વોલિફાઈંગ સેવા પૂર્ણ કરી હોવાનું ગણાશે. તેઓ પેન્શન અને તમામ નિવૃત્તિ લાભો મેળવવા હકદાર રહેશે. જોકે, આ આદેશ JAG અને AEC કેડરને લાગુ પડશે નહીં.

ભારતીય નૌકાદળ: ૨૦૦૯ પછી ભરતી થયેલી તમામ મહિલા અધિકારીઓને મેડિકલ ફિટનેસના આધારે કાયમી કમિશનનો લાભ મળશે. કોર્ટે નૌકાદળની પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવ પર પણ ટિપ્પણી કરી હતી.

ભારતીય વાયુસેના: અદાલતે સ્વીકાર્યું કે કરિયર ડેવલપમેન્ટની સમાન તકોના અભાવે મહિલાઓને નુકસાન થયું છે. જોકે, ઓપરેશનલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમને ફરીથી નિમણૂક આપવાને બદલે આર્થિક અને પેન્શન લાભો આપવા પર ભાર મૂક્યો છે.સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ હવે સશસ્ત્ર દળોએ તેમની મૂલ્યાંકન પ્રક્રિયાની વ્યાપક સમીક્ષા કરવી પડશે. મીડિયા અહેવાલ મુજબ, અદાલતે આદેશ આપ્યો છે કે માળખાગત પૂર્વગ્રહો દૂર કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ પણ મહિલા અધિકારીને અન્યાય ન થાય. આ ચુકાદો માત્ર કાયદાકીય વિજય નથી, પરંતુ તે ભારતીય સેનામાં મહિલાઓના અવિરત યોગદાન અને વીરતાની સ્વીકૃતિ પણ છે. હવે મહિલા અધિકારીઓ પણ પુરુષ સમોવડી બનીને વરિષ્ઠ નેતૃત્વના હોદ્દાઓ સુધી પહોંચી શકશે.

## વિશ્વમાં ચાલતા બે યુદ્ધોથી 55 વર્ષની સૌથી મોટી ઓઇલ કટોકટીનું સર્જન

નવી દિલ્હી: વિશ્વમાં ચાલતા બે યુદ્ધોએ છેલ્લા ૫૫ વર્ષનું સૌથી મોટી ઓઇલ કટોકટી સર્જન કર્યુ છે. આ યુદ્ધોના કારણે સ્થિતિ એવી થઈ ગઈ છે કે તેનો કોઈ ઉકેલ દેખાતો નથી. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના પ્રમુખ ફાતિહ બિરોલે આ વાત જણાવી હતી. પશ્ચિમ એશિયાનું સંકટ ૧૯૭૦ની બે ઓઈલ કટોકટી દરમિયાન ગેસ બજારો પર પડેલી અસરથી વધુ ગંભીર અસરો સર્જી રહ્યું છે.

**આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીના વડાની ચેતવણી, વિશ્વના ઓઇલ પુરવઠામાં રોજનો ૧.૧ કરોડ બેરલ ઓઇલનો કાપ અને એલએનજી પુરવઠો ૧૪૦ અબજ ઘનમીટર ઘટયો**

બિરોલે જણાવ્યું હતું કે મધ્યપૂર્વના ક્ષેત્રમાં નવ દેશોના ૪૦ ઉર્જા એકમો ગંભીર રીતે નુકસાન પામી ચૂક્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે યુરોપ અને અમેરિકાની સરકારોની સાથે ઓઈલ ભંડાર પૂરો પાડવા પર વિચારવિમર્શ કરી રહ્યા છે. જો જરૂર પડી તો અમે નિશ્ચિત રીતે આ પગલું ઉઠાવીશું, પરંતુ પહેલા સ્થિતિનું વિશ્લેષણ કરીશું અને સભ્ય દેશો સાથે ચર્ચા કરીશું.

બિરોલે જણાવ્યું હતું કે હોર્મુઝની ખાડી બંધ થવાથી અને ઉર્જા સગવડો પર વૈશ્વિક હુમલાના કારણે વિશ્વનો ઓઈલ પુરવઠો લગભગ ૧.૧ કરોડ બેરલ રોજે ઘટી ગયું છે. આ કટોકટી ૧૯૭૦ના દાયકામાં આવેલી કટોકટી કરતાં પણ બમણી છે. તેમણે જણાવ્યું હતું કે એલએનજી સપ્લાય લગભગ ૧૪૦ અબજ ઘનમીટર સુધી ઘટી ચૂક્યો છે. જ્યારે રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યુ ત્યારે આ કમી ફક્ત ૭૫ બીસીએમ હતી.

તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક વ્યવસ્થા આજે એક મોટા ભયનો સામનો કરી રહી છે. મને આશા છે કે તેમાં બહુ ઝડપથી સમાધાન મળશે. તેમણે એ વાતને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે આ સંકટને તો પહેલા યોગ્ય રીતે સમજવામાં જ આવ્યું ન હતું. ગયા અઠવાડિયે પહેલી જ વખત સંગઠને જાહેરમાં આ સ્થિતિની ગંભીરતા જણાવી હતી. શુક્રવારે પેરિસ સ્થિત સંગઠને સરકાર દ્વારા ઉર્જા ખપતનો પ્રસ્તાવ મૂક્યો.

## News Brief

### દિલ્હી વિધાનસભામાં હોબાળો: વિપક્ષે સ્પીકર પર ગંભીર આક્ષેપ કર્યા




નવી દિલ્હી: દિલ્હી વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થતાની સાથે જ સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેના સંઘર્ષે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દિલ્હી વિધાનસભાના વિપક્ષી નેતા (LoP) આતિષીએ સ્પીકર વિજેન્દર ગુપ્તાને એક કડક પત્ર લખીને ગંભીર આક્ષેપ કર્યો છે કે ગૃહમાં વિપક્ષનો અવાજ 'દબાવવા' માં આવી રહ્યો છે. આતિષીએ પત્રમાં જણાવ્યું છે કે જ્યાં સુધી સસ્પેન્ડ કરાયેલા ચાર ધારાસભ્યોનું સસ્પેન્શન પાછું ખેંચવામાં નહીં આવે, ત્યાં સુધી આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્યો ગૃહની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં. આતિષીએ સ્પીકરના એ નિવેદન પર પણ વળતો પ્રહાર કર્યો જેમાં વિપક્ષની ગેરહાજરીને લોકશાહી જવાબદારીનો ભંગ ગણાવવામાં આવ્યો હતો. પત્રમાં તેમણે લખ્યું કે, "આ નિવેદન અત્યંત કટાક્ષપૂર્ણ છે. છેલ્લા એક વર્ષથી આ વિધાનસભાને લોકશાહી સંસ્થા તરીકે ચાલવા દેવામાં આવી નથી. જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને નજીવા કારણોસર ગૃહની બહાર ફેંકી દેવામાં આવે છે અને સસ્પેન્ડ કરવામાં આવે છે. આ સંસદીય લોકશાહી નથી, પરંતુ પક્ષપાતી વલણ હેઠળ લોકશાહીનું પતન છે."વિન્ટર સેશન દરમિયાન વિપક્ષના ચાર ધારાસભ્યો - સંજીવ ઝા, કુલદીપ કુમાર, જરનૈલ સિંહ અને સોમદત્તને આખા સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## સુપ્રીમ કોર્ટ ઐતિહાસિક ચુકાદો જાહેર થયો

# ધર્મ પરિવર્તન અને એસસી દરજ્જો હવે આપોઆપ જ રદ થશે

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ધર્મ પરિવર્તન અને જ્ઞાતિ આધારિત બંધારણીય અધિકારો પર સુપ્રીમ કોર્ટે આજે એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ઠેરવ્યું છે કે, જો કોઈ વ્યક્તિ હિન્દુ, શીખ કે બૌદ્ધ ધર્મ સિવાયનો અન્ય કોઈ પણ ધર્મ અપનાવે છે, તો તેને અનુસૂચિત જાતિ (SC) ના સભ્ય તરીકે મળતા લાભો કે કાયદાકીય રક્ષણ મળી શકશે નહીં. જસ્ટિસ પીકે મિશ્રા અને જસ્ટિસ એ વી અંજારિયાની બેન્ચે આ મામલે કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, અન્ય ધર્મમાં પરિવર્તન કરવાની સાથે જ અનુસૂચિત જાતિ તરીકેનો દરજ્જો આપોઆપ સમાપ્ત થઈ જાય છે.સુપ્રીમ કોર્ટે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખતા અવલોકન કર્યું કે, જે વ્યક્તિ સક્રિયપણે ખ્રિસ્તી ધર્મનું પાલન કરે છે, તે SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ હેઠળ કોઈ પણ પ્રકારની સુરક્ષા કે બંધારણીય અનામતનો દાવો કરી શકે નહીં. અદાલતે ભારપૂર્વક નોંધ્યું કે બંધારણીય જોગવાઈઓ મુજબ અનુસૂચિત જાતિનો દરજ્જો ચોક્કસ ધાર્મિક પરિપ્રેક્ષ્યમાં આપવામાં આવ્યો છે, અને જો મૂળ ધર્મ છોડીને અન્ય ધર્મ (હિન્દુ, શીખ, બૌદ્ધ સિવાય) સ્વીકારવામાં આવે, તો તે વ્યક્તિ પોતાની જૂની જ્ઞાતિના આધારે વિશેષ હકો મેળવવા હકદાર રહેતી નથી.આ ઐતિહાસિક ચુકાદા પાછળ એક મહત્વનો કિસ્સો જવાબદાર છે. કેસના મુખ્ય પક્ષકાર છેલ્લા ૧૦ વર્ષથી ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરીને પાદરી તરીકે રવિવારની પ્રાર્થનાઓ કરાવતા હતા, જે બાબત અદાલતના રેકોર્ડ પર સાબિત થઈ હતી. સર્વોચ્ચ અદાલતે આ તથ્યોને ગ્રાહ્ય રાખતા જણાવ્યું કે, જે વ્યક્તિ લાંબા સમયથી અન્ય ધર્મની પરંપરાઓ અને ધાર્મિક વિધિઓનું પાલન કરતી હોય, તેને અનુસૂચિત જાતિના સભ્ય માની શકાય નહીં. આથી, આવી વ્યક્તિ પર થયેલા કથિત અત્યાચારના કિસ્સામાં SC/ST એક્ટ હેઠળની કડક કલમો લાગુ કરવી ઉચિત નથી.

આ ચુકાદાની અસર દેશભરમાં ધર્મ પરિવર્તન કરનારા લાખો લોકો પર પડી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધી ઘણા કિસ્સાઓમાં ધર્મ પરિવર્તન કર્યા બાદ પણ લોકો પોતાની મૂળ જ્ઞાતિના પ્રમાણપત્રોનો ઉપયોગ કરીને અનામત અને અન્ય સરકારી યોજનાઓનો લાભ લેતા હતા. સુપ્રીમ કોર્ટે હવે આ છટકબારી બંધ કરી દીધી છે. હવેથી ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિ પોતાની જૂની જ્ઞાતિના આધારે કાયદાકીય સુરક્ષા કે નોકરી-શિક્ષણમાં અનામત મેળવી શકશે નહીં.અદાલતે આ ચુકાદા દ્વારા સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ધાર્મિક સ્વતંત્રતાનો અર્થ એ નથી કે વ્યક્તિ ધર્મ પરિવર્તન કર્યા પછી પણ તેના અગાઉના ધર્મના જ્ઞાતિ આધારિત લાભો ચાલુ રાખી શકે. હિન્દુ ધર્મની સાથે શીખ અને બૌદ્ધ ધર્મને આ યાદીમાં રાખવામાં આવ્યા છે, પરંતુ ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ અપનાવનારા લોકો અનુસૂચિત જાતિના લિસ્ટમાંથી બાકાત થઈ જશે. આ નિર્ણયથી ભવિષ્યમાં ધર્મ પરિવર્તન સાથે જોડાયેલા અનેક કાયદાકીય વિવાદોમાં માર્ગદર્શન મળશે અને જ્ઞાતિ આધારિત અધિકારોની પવિત્રતા જળવાઈ રહેશે.

## ન્યાયાધીશોની સુરક્ષા વધારવા હાઈકોર્ટનો આદેશ

નવી દિલ્હી: દિલ્હી હાઈકોર્ટે મંગળવારે એક મહત્વપૂર્ણ આદેશ જારી કરીને કેન્દ્રીય ગૃહ મંત્રાલય, દિલ્હી સરકાર અને દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓને જિલ્લા અદાલતના ન્યાયાધીશોની સુરક્ષા અંગે ગંભીરતાથી વિચાર કરવા જણાવ્યું છે. અદાલતે તમામ પક્ષકારોને આગામી એક સપ્તાહમાં સંયુક્ત બેઠક યોજીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા અને બે અઠવાડિયામાં વિગતવાર અહેવાલ રજૂ કરવા તાકીદ કરી છે. જસ્ટિસ મનોજ જૈને સ્પષ્ટ કર્યું હતું કે ન્યાયિક અધિકારીઓની સુરક્ષા એ અત્યંત ચિંતાનો વિષય છે અને તેને હળવાશથી લઈ શકાય નહીં. દિલ્હીની જિલ્લા અદાલતોના ન્યાયાધીશોનું પ્રતિનિધિત્વ કરતી 'જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશન ઓફ દિલ્હી' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ સુનાવણી હાથ ધરાઈ હતી. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે ન્યાયાધીશો નિયમિતપણે ગેંગ-વોર અને ગંભીર ફોજદારી કેસોની સુનાવણી કરે છે. અનેક ન્યાયાધીશોને પીછો કરવો, ધમકીઓ મળવી અને રસ્તા પર આક્રમક વર્તનનો સામનો કરવો પડ્યો છે. એસોસિએશન વતી વરિષ્ઠ એડવોકેટ કીર્તિ ઉપ્પલે કોર્ટને જણાવ્યું હતું કે એક મહિલા ન્યાયાધીશને તો સુરક્ષિત રહેવા માટે 'ચૂપ રહેવા' ની પણ ધમકી આપવામાં આવી હતી.સુનાવણી દરમિયાન એડવોકેટ ઉપ્પલે અન્ય રાજ્યોના ઉદાહરણો ટાંકતા જણાવ્યું હતું કે ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોએ પહેલેથી જ તેમના ન્યાયિક અધિકારીઓ માટે મજબૂત સુરક્ષા માળખું અમલમાં મૂક્યું છે. હાઈકોર્ટે અધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ અન્ય રાજ્યોમાં ન્યાયાધીશોને આપવામાં આવતી સુરક્ષાનો અભ્યાસ કરે અને દિલ્હીમાં પણ તેવી જ વ્યવસ્થા ઉભી કરવાના વિકલ્પો તપાસે. અરજદારે દરેક જિલ્લા ન્યાયાધીશ માટે પર્સનલ સિક્યુરિટી ઓફિસર (PSO) અને તેમના નિવાસસ્થાને પૂરતી સુરક્ષા વ્યવસ્થાની માંગ કરી છે.અરજીમાં ભૂતકાળમાં કોર્ટ પરિસરમાં થયેલી ગોળીબારની ઘટનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઘણા ન્યાયાધીશો અત્યારે કોઈપણ પ્રકારની સુરક્ષા વિના મુસાફરી કરે છે, જે જોખમી સાબિત થઈ શકે છે.

## વિવિધ દેશ દ્વારા ઊર્જા સંરક્ષણ માટે લેવાયેલા આકરા પગલાં

(એજન્સી) નવી દિલ્હી | તા.24

મધ્ય પૂર્વમાં સંઘર્ષની તીવ્રતાને કારણે વૈશ્વિક ઊર્જા બજારોમાં અભૂતપૂર્વ કટોકટી સર્જાઈ છે, જેણે વિશ્વભરના દેશોને ઈંધણનું સંરક્ષણ કરવા, મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રાધાન્ય આપવા અને તેમની વસ્તી માટે ઊર્જાની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા કડક પગલાં અમલમાં મૂકવા ફરજ પાડી છે.એશિયાથી આફ્રિકા અને યુરોપ સુધી, સરકારોએ મર્યાદિત ઈંધણ ભંડારને લાંબો સમય ટકાવી રાખવાના અન્ય પ્રયાસો સાથે વધારાની જાહેર રજાઓ, ઘરેથી કામ કરવાના આદેશો, ઈંધણ રેશનિંગ અને ઔદ્યોગિક બંધ સહિત અસાધારણ પગલાંની શ્રેણી અપનાવી છે.

આ નોંધ આ પગલાંઓનું એક વિહંગાવલોકન રજૂ કરે છે.

I.એશિયા

1.શ્રીલંકા

બુધવારે શાળાઓ, યુનિવર્સિટીઓ અને બિનઆવશ્યક રાજ્ય કર્મચારીઓ માટે ફરજિયાત જાહેર રજા જાહેર કરવામાં આવી હતી.

નેશનલ ફ્યુઅલ પાસ (QR-આધારિત રેશનિંગ) પુનઃ દાખલ કરવામાં આવ્યો છે. ખાનગી વાહનો માટે અઠવાડિયા દીઠ 15 લિટર અને સાર્વજનિક પરિવહન માટે 200 લિટરની મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે.[ઈંધણ બચાવવા શ્રીલંકાએ દર બુધવારે જાહેર રજાની જાહેરાત કરી.]

2.બાંગ્લાદેશ

તમામ વિશ્વવિદ્યાલયો, વિદેશી અભ્યાસક્રમ ધરાવતી શાળાઓ અને કોચિંગ કેન્દ્રો વીજળીનો વપરાશ ઘટાડવા માટે બંધ કરવામાં આવ્યા હતા અને ઓનલાઈન વર્ગોમાં તબદીલ કરવામાં આવ્યા હતા.

8મી માર્ચથી ઈંધણ રેશનિંગ અમલમાં મૂકવામાં આવ્યું.

ગારમેન્ટ નિકાસ ક્ષેત્રને વીજળીનું પ્રાધાન્ય અપાતા પરિવારોમાં 5 કલાકનો ફરતો વીજકાપ.

## તમિલનાડુમાં ચૂંટણી સુરક્ષા અને જપ્તી હવે સઘન બનાવવામાં આવી

(એજન્સી) નીલગિરી | તા.24

આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ ને ધ્યાનમાં રાખીને નીલગિરી જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે. ઊટી, કુન્નૂર અને ગુડાલુર એમ ત્રણ વિધાનસભા મતવિસ્તારો માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) અને VVPAT મશીનોને સશસ્ત્ર પોલીસ રક્ષણ હેઠળ સુરક્ષિત ડેપોમાં ખસેડવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી લક્ષ્મી ભવ્ય તાંદુરીની હાજરીમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઓનલાઈન રેન્ડમાઈઝેશન પ્રક્રિયા હાથ ધરીને મશીનોની ફાળવણી કરવામાં આવી છે.ચૂંટણી આચારસંહિતા અમલમાં આવતાની સાથે જ 'ફ્લાઈંગ સ્ક્વોડ' દ્વારા હાથ ધરવામાં આવેલા વાહન ચેકિંગમાં અત્યાર સુધીમાં કુલ ૨.૫૯ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી



છે. જેમાં અંદાજે ૪૧ લાખ રૂપિયા રોકડા અને ૨.૧૮ કરોડ રૂપિયાની અન્ય કિંમતી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે યોગ્ય દસ્તાવેજો રજૂ કર્યા બાદ અત્યાર સુધીમાં ૨.૪૮ કરોડ રૂપિયાની રકમ અને સામાન મુક્ત પણ કરવામાં આવ્યો છે. કંટ્રોલ રૂમને મળેલી ૭૧ ફરિયાદો પર તાત્કાલિક પગલાં લેવામાં આવી રહ્યા છે.નીલગિરી એ પ્રવાસન સ્થળ હોવાથી પ્રવાસીઓ માટે ખાસ સૂચનાઓ જારી કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ પ્રવાસી ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની રોકડ પોતાની સાથે રાખી શકશે નહીં. જો નિર્ધારિત મર્યાદાથી વધુ રોકડ કે સોનું મળી આવશે, તો તે તાત્કાલિક જપ્ત કરવામાં આવશે. જોકે, સાચા પ્રવાસીઓને કોઈ હેરાનગતિ ન થાય તે માટે ફ્લાઈંગ સ્ક્વોડને સૂચના અપાઈ છે અને જપ્ત કરાયેલ રકમ દસ્તાવેજોની ચકાસણી બાદ ૨૪ થી ૪૮ કલાકમાં પરત કરવાની ખાતરી આપવામાં આવી છે. EVM મશીનો રાખવામાં આવ્યા છે તે વેરહાઉસ ખાતે ૫૦ થી વધુ સશસ્ત્ર ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર ૨૪ કલાક સીસીટીવી કેમેરા દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. જે મતવિસ્તારોમાં અગાઉની ચૂંટણીઓમાં ઓછું મતદાન નોંધાયું હતું, તેવા ૧૩ કેન્દ્રોની ઓળખ કરવામાં આવી છે. ત્યાં મતદાન જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે.

**સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડ**
sarvagram aspire. grow. prosper.
નોંધાયેલ ઓફિસ: ૨૩ અને ૨૪, ચોથો માળ, પ્રિમરોઝ મોલ, બાનેર રોડ, બાનેર, પુણે 411045 મહારાષ્ટ્ર.

**પરિશિષ્ટ IV [નિયમ-8(1)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જેમ કે, અહીં ઉલ્લેખિત સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એક્ટ), 2002 હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના (નિયમ 3) સાથે વંચાતા સેક્શન 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારીએ **તારીખ 07 એપ્રિલ 2025 ના રોજ માંગણી નોટિસ જારી કરી**ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી બાકી રકમ ચૂકવવા જણાવ્યું હતું.
દેવાદાર રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, આથી દેવાદાર અને જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ એક્ટની કલમ 13 ની પેટા કલમ (4) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો મેળવ્યો છે.
દેવાદારનું ધ્યાન ગીરો રાખેલી અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.
ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડના નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના ચાર્જને આધીન રહેશે.

| લોન એકાઉન્ટ નંબર | દેવાદારનું નામ અને સહ-દેવાદાર(ઓ) ના નામ | માંગણી નોટિસની રકમ અને તારીખ | કબજાની તારીખ | કબજાની સ્થિતિ |
|---|---|---|---|---|
| BLSEC00001604 | 1. વનરાજસિંહ (વાનાભાઈ) દાનાભાઈ રાજપૂત (દેવાદાર) 2. દાનાભાઈ મહાભાઈ સચુન (સહ-દેવાદાર) 3. તેજીબેન દાનાભાઈ સચુન (સહ-દેવાદાર) | રૂ. 20,11,551.26/- (અંકે રૂપિયા વીસ લાખ અગિયાર હજાર પાંચસો એકાવન અને છવ્વીસ પૈસા પૂરા) તારીખ 07 એપ્રિલ 2025 ના રોજ મુજબ | 21/03/2026 | પ્રત્યક્ષ કબજો |

સ્થાવર મિલકતનું વર્ણન: મિલકત: શેડ્યૂલ: મિલકત ધરાવતી: મિલકત નં.1: ગામતળ રેસીડેન્સી પ્રોપર્ટી નં. 93/1, રાજપૂત વાસ, મુ. કુવાણા, તા. લાખાણી, જિ. બનાસકાંઠા 385535 (બાંધકામ વિસ્તાર ચો.મી. 33.46, ચો. ફૂટ 360) (ક્ષેત્રફળ આશરે: ચો.મી. 92.94, ચો. ફૂટ 1000). **ચતુર્સીમા: પૂર્વ:** રાણાભાઈ ખુભાભાઈ અને જેતડા દિયોદર રોડ, **પશ્ચિમ:** રાણાભાઈ ખુભાભાઈની ખુલ્લી જમીન, ઉત્તર: રોડ, **દક્ષિણ:** ભમરાજી કરશનજી બારોટ.

સ્થળ: બનાસકાંઠા
તારીખ: 21-03-2026
સહી/- અધિકૃત અધિકારી,
સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડ

## "ધ યશ મંગલમ શો" ની નવી શોર્ટ ફિલ્મ, "યુવા બિહાર" માં યુવા પેઢીના ઉચ્ચ ભાવના અને જુસ્સાની પ્રભાવશાળી અભિવ્યક્તિ

મુંબઈ | ભારતના ઐતિહાસિક રાજ્ય બિહારના સ્થાપના દિવસ નિમિત્તે, લોકપ્રિય ઈન્ટરનેટ પ્લેટફોર્મ, યુટ્યુબ પર 'યુવા બિહાર' નામની ટૂંકી ફિલ્મનું પ્રીમિયર થયું. આ ફિલ્મમાં બિહારની યુવા પેઢીનું એક નોંધપાત્ર પ્રદર્શન દર્શાવવામાં આવ્યું છે - જે તેમના ઉચ્ચ ઉત્સાહ, જુસ્સા અને અટલ નિશ્ચયને એવી રીતે કેદ કરે છે જે દર્શકોને ઊંડે સુધી સ્પર્શે છે. 'યુવા બિહાર' નો પ્રીમિયર 'બિહાર દિવસ' (બિહાર દિવસ) ના શુભ પ્રસંગે બિહારની રાજધાની પટનામાં ટેન્ડર હાર્ટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયો હતો. નોંધનીય છે કે, બિહારના શિક્ષણ મંત્રી શ્રી સુનિલ કુમારે પણ આ ઉત્સાહી શોર્ટ ફિલ્મ જોઈ અને તેની સર્જનાત્મક શ્રેષ્ઠતાની પ્રશંસા કરી.

એક અલગ સર્જનાત્મક પહેલના ભાગ રૂપે, 'વાઈબ્રેશન મીડિયા વર્ક્સ, મુંબઈ' દ્વારા






'મહાતપુરકર અને મંગલમ ફાઉન્ડેશન' ના બેનર હેઠળ બનાવવામાં આવેલી આ ભવ્ય ટૂંકી ફિલ્મ - સૌથી પ્રતિષ્ઠિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, યુટ્યુબ પર અપલોડ કરવામાં આવી છે. તે પ્રખ્યાત ચેનલ 'ધ યશ મંગલમ શો' પર પ્રદર્શિત થાય છે, જે ચેનલ પહેલાથી જ તેના અનન્ય સર્જનાત્મક ખ્યાલો અને પ્રસ્તુતિ શૈલી માટે અત્યંત લોકપ્રિય છે. આ શોના અગાઉના લોકપ્રિય એપિસોડ્સ - જેમ કે 'ધરોહર: અ પોએટિક સાગા,' 'શિલ્પકાર,' 'યોગા રીટ્રીટ,' 'સેહત કે રાખવાલે,' 'કારગીલ વિજય દિવસ: અ પોએટિક સાગા,' 'મૈં ભારત હૂં...!' 'પથ પ્રદર્શક,' 'ધ લેગસી ઓફ મેથેમાઈટ્સ,' અને 'વંદે માતરમ' - ને યુટ્યુબ પર ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે. આ શોના ઉર્જાવાન અને યુવા હોસ્ટ યશ મંગલમ છે; માત્ર 16 વર્ષની નાની ઉંમરે, તે પહેલાથી જ શો બિઝનેસની ચમકતી દુનિયામાં પોતાની છાપ છોડી રહ્યો છે, તેના શક્તિશાળી અવાજ, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને કમાન્ડિંગ સ્ટેજ હાજરી દ્વારા વ્યાખ્યાયિત એક અનોખી શૈલી સ્થાપિત કરી રહ્યો છે. આ ખાસ શોર્ટ ફિલ્મની શક્તિશાળી સ્ક્રિપ્ટ મુંબઈ સ્થિત પ્રખ્યાત લેખક, રંગમંચ વ્યક્તિત્વ અને મીડિયા અને જનસંપર્ક સલાહકાર ગજાનન મહતપુરકર દ્વારા લખવામાં આવી છે. આ સ્ક્રિપ્ટમાં બિહાર રાજ્યના ગૌરવશાળી ઈતિહાસ અને તેના રાષ્ટ્રીય મહત્વના વિવિધ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ગજાનન મહતપુરકર દ્વારા લખાયેલી 12 થી વધુ શોર્ટ ફિલ્મો પહેલાથી જ યુટ્યુબ પર ધૂમ મચાવી ચૂકી છે.

**ફોર્મ નં. INC-26**
[કંપનીઝ (ઈનકોર્પોરેશન) રૂલ્સ 2014 ના નિયમ 30 મુજબ]
કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં બદલવા માટે અખબારમાં પ્રકાશિત કરવાની જાહેરાત કેન્દ્રીય સરકાર સમક્ષ, ઉત્તર-પશ્ચિમ પ્રદેશ
કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13 ની પેટા-કલમ (4) અને કંપનીઝ (ઈનકોર્પોરેશન) રૂલ્સ, 2014 ના નિયમ 30 ના પેટા-નિયમ (5) ના ખંડ (A) ની બાબતમાં
અને
મેસર્સ ચાંદે વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ
(CIN: U45309GJ2021PTC121809) ની બાબતમાં જેની રજિસ્ટર્ડ ઓફિસ ૨૪, જય હિન્દ સોસાયટી, ટેલિફોન એક્સચેન્જ પાસે, અંજાર, અંજાર, કચ્છ, ગુજરાત, ભારત 370110 પર આવેલી છે, અરજદાર
જાહેર જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે કંપની શુક્રવાર, 10 ઓક્ટોબર, 2025 ના રોજ યોજાયેલી અસાધારણ સામાન્ય સભામાં પસાર કરાયેલા વિશેષ ઠરાવ મુજબ કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફારની પુષ્ટિ મેળવવા માટે કંપનીઝ એક્ટ 2013 ની કલમ 13 હેઠળ કેન્દ્રીય સરકારને અરજી કરવાનું વિચારી રહી છે, જેથી કંપની તેની રજિસ્ટર્ડ ઓફિસ 'ગુજરાત રાજ્ય' થી બદલીને 'મહારાષ્ટ્ર રાજ્ય' માં લઈ જઈ શકે.
કોઈપણ વ્યક્તિ કે જેમના હિતો પ્રસ્તાવિત ફેરફારથી પ્રભાવિત થવાની શક્યતા હોય, તેઓ કાં તો MCA પોર્ટલ (www.mca.gov.in) પર ઈન્વેસ્ટર કમ્પ્લેઈન્ટ ફોર્મ ભરીને અથવા પ્રાદેશિક નિયામકને ROC ભવન, રૂપલ પાર્કની સામે, અંકુર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ, ગુજરાત 380013 GJ IN ના સરનામે તેમના હિતનું સ્વરૂપ અને વિરોધના કારણો દર્શાવતા સોગંદનામા દ્વારા સમર્થિત વાંધાઓ આ નોટિસના પ્રકાશનની તારીખથી ચૌદ દિવસની અંદર રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા પહોંચાડી શકે છે અથવા મોકલી શકે છે, જેની એક નકલ અરજદાર કંપનીને નીચે જણાવેલ સરનામે તેની રજિસ્ટર્ડ ઓફિસમાં આપવાની રહેશે:
**રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું:** ૨૪, જય હિન્દ સોસાયટી, ટેલિફોન એક્સચેન્જ પાસે, અંજાર, અંજાર, કચ્છ, ગુજરાત, ભારત, 370110.

અરજદાર વતી અને તેમના માટે
**ચાંદે વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ**
**સહી/-**
**મનન મહેન્દ્ર ચાંદે**
**ડાયરેક્ટર**
**DIN: 05359855**
તારીખ: 25/03/2026
સ્થળ: કચ્છ

# ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ: ભારતના ઓલિમ્પિક સપના તરફ એક મજબૂત પગલું

ભારતની રમતગમતની સફર અદ્ભુત વિવિધતાથી ભરેલી છે. ઉત્તરપૂર્વના પર્વતોથી લઈને મધ્ય ભારતના જંગલો સુધી, આપણા દેશના દરેક ખૂણામાં પ્રતિભા અસ્તિત્વ ધરાવે છે. ખેલો ઈન્ડિયા કાર્યક્રમ શરૂ થયાને 8 વર્ષ થયા છે અને આટલા ટૂંકા સમયમાં તે એક રાષ્ટ્રીય ચળવળમાં વિકસ્યું છે. યુવા રમતો, યુનિવર્સિટી રમતો, બીચ ગેમ્સ અને વિન્ટર ગેમ્સ જેવા વિવિધ પરિમાણો દ્વારા ખેલો ઈન્ડિયાએ દેશભરના યુવા ખેલાડીઓની વિવિધ પ્રતિભાઓને સફળતાપૂર્વક ઓળખી અને સંવર્ધન કર્યું છે.ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ (KITG) નો સમાવેશ આ યાત્રામાં બીજું એક મહત્વપૂર્ણ પગલું છે. તેની પ્રથમ આવૃત્તિ 25 માર્ચથી 3 એપ્રિલ દરમિયાન છત્તીસગઢમાં યોજાશે, જેમાં 31 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આશરે 3,000 ખેલાડીઓ ભાગ લેશે. આ રમતોમાં 7 મેડલ રમતો હશે - એથ્લેટિક્સ, ફૂટબોલ, હોકી, વેઈટલિફ્ટિંગ, આર્ચરી, સ્વિમિંગ અને કુસ્તીનું આયોજન કરવામાં આવશે. આ રમતો બસ્તર ક્ષેત્રના આદિવાસી પ્રભુત્વ ધરાવતા જિલ્લાઓમાં યોજાશે, જે પ્રાચીન દંડકારણ્ય ક્ષેત્રનો ભાગ છે, તેમજ સુરગુજા ક્ષેત્ર, રાયગઢ અને માનપુર જેવા વિસ્તારોમાં પણ યોજાશે. આ ફક્ત બીજી રમતગમત સ્પર્ધાની શરૂઆત નથી, પરંતુ આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ભારતના રમતગમત ઈકોસિસ્ટમને વિસ્તૃત કરવાના અને દરેક રમતવીરને તકો પૂરી પાડવાના સંકલ્પનો એક ભાગ છે - તે પછી કોઈ પણ ભૌગોલિક કે સામાજિક પૃષ્ઠભૂમિનેથી આવતા હોય. સરળ શબ્દોમાં કહીએ તો, આ હાંસિયામાં ધકેલાઈ ગયેલા રમતવીરોને મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરવાનો પ્રયાસ છે. આદિવાસી વિસ્તારોના ખેલાડીઓએ લાંબા સમયથી રાષ્ટ્રને ગૌરવાન્વિત કર્યા છે. રાજસ્થાનના સુપ્રસિદ્ધ તીરંદાજ લિંબા રામથી લઈને ઝારખંડની તીરંદાજી સ્ટાર દીપિકા કુમારી અને અસંખ્ય હોકી ખેલાડીઓથી લઈને ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનુ સુધી, તેમની સિદ્ધિઓ લાખો લોકોને પ્રેરણા આપે છે. આ ઉદાહરણો આ પ્રદેશોમાં રહેલી અપાર સંભાવનાઓને ઉજાગર કરે છે.ઘણા આદિવાસી વિસ્તારોએ ઐતિહાસિક રીતે સામાજિક અને આર્થિક પડકારોનો સામનો કર્યો છે. આ વિસ્તારોમાં યુવાનો માટે ઓળખ અને વિકાસની તકો મર્યાદિત રહી છે. તેથી, આ વિસ્તારોમાં રમતગમત સ્પર્ધાઓનું આયોજન યુવા ઊર્જાને સકારાત્મક અને રાષ્ટ્ર નિર્માણના પ્રયાસોમાં ફેરવવાનું કામ કરે છે. આ અનિશ્ચિતતાને તકમાં અને એકલતાને સમાવેશમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ છે.હકિકતમાં, આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું વિઝન - 'રમશે ભારત તો ખીલશે ભારત' - આજે સાકાર થઈ રહ્યું છે. રમતગમત એક શક્તિશાળી માધ્યમ અને સમાન તકનું સાધન બની ગયું છે, જે વંચિત સમુદાયોના ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની છાપ છોડવાની મંજૂરી આપે છે. ખેલો ઈન્ડિયાનો આદિવાસી વિસ્તારોમાં વિસ્તરણ આ વિઝનનું સ્વાભાવિક વિસ્તરણ છે અને તે માન્યતાને મજબૂત બનાવે છે કે રમતગમત રાષ્ટ્ર નિર્માણનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ સ્થાનિક રમતગમત ઈકોસિસ્ટમ પર પણ લાંબા ગાળાની અસર કરશે. તે આદિવાસી વિસ્તારોમાં રમતગમતના માળખાને વિકસિત અને અપગ્રેડ કરશે, તેમજ સ્થાનિક કોચ, ટ્રેનર્સ અને સહાયક સ્ટાફ માટે રોજગારીની તકો ઊભી કરશે. શાળાઓ અને સમુદાય સંસ્થાઓને રમતગમતને રોજિંદા જીવનમાં એકીકૃત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, જેનાથી પાયાના સ્તરે ટકાઉ અને સમાવિષ્ટ રમતગમત સંસ્કૃતિનો વિકાસ થશે.આ ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સ ફક્ત એક વખતની ઈવેન્ટ નથી, પરંતુ વાર્ષિક ખેલો ઈન્ડિયા કેલેન્ડરમાં તેને કાયમી સ્થાન આપવામાં આવશે.

**ડૉ. મનસુખ માંડવિયા**
**યુવા બાબતો અને રમતગમત તેમજ શ્રમ અને રોજગાર મંત્રી, કેન્દ્ર સરકાર**

## સિટી એક્સપ્રેસ

WEDNESDAY 25 MARCH-2026
AHMEDABAD

### સરકારના આશ્વાસન બાદ પેટ્રોલ પંપ પર સ્થિતિ સામાન્ય

અમદાવાદ | રાજ્યમાં એક અફવા ઉડી કે પેટ્રોલ પંપ બંધ થઈ જશે, બસ પછી શું?. ગાંડરિયા પ્રવાહની જેમ પેટ્રોલ પંપ પર વાહન ચાલકોના થપ્પેથપ્પા થવા લાગ્યા. કુકર,બરણી, દૂધનું કેન, ડોલ, બેરલ, કેરબા, ડોલચુ લોકોના હાથમાં જે આવ્યું એ લઈ દોડ્યા અને સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ પંપ પર પેનિક્ની સ્થિતિ સર્જાઈ.સ્થિતિ તો એવી સર્જાઈ કે નોટબંધી અને કોરોનાની યાદો તાજી થઈ ગઈ. અફરાતફરી સર્જાતા રાજ્ય સરકાર પણ એક્ટિવ થઈ અને લોકોને આશ્વાસન આપ્યું કે પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો છે પણ સરકારના આશ્વાસન બાદ પણ લોકોએ ગાંડપણ ચાલું રાખ્યું.

### અમદાવાદની 900 સોસાયટીને PNGના નેટવર્કમાં સમાવાશે

ગાંધીનગર | રાજ્ય સરકારના નિર્ણય અનુસાર, આગામી 3 મહિનામાં અમદાવાદની 900 સોસાયટીઓને PNG (પાઈપ નેચરલ ગેસ) નેટવર્ક હેઠળ આવરી લેવામાં આવશે, જેનાથી હજારો પરિવારોને રાંધણ ગેસની સીધી સુવિધા મળશે. આ સાથે જ ઔદ્યોગિક અને વ્યાપારિક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે કોમર્શિયલ LPGની ફાળવણી 10 ટકાથી વધારીને 25 ટકા કરવાનો નિર્ણય કરાયો છે.. પેટ્રોલ અને ડીઝલના વિતરણ પર કોઈ પણ પ્રકારની બાધ નથી, તેથી નાગરીકોને ખોટી ભ્રામક અફવાઓ પર ધ્યાન નહી આપવા તેમજ પેટ્રોલપંપની બહાર લાઈન નહીં લગાડવા સરકારની વિનંતી છે.



### ખાનગી વિધેયકો તથા પર્યાવરણ સંરક્ષણ અને 'Mission LiFE' જેવા મુદ્દાઓ પર ચર્ચા

# પેટ્રોલ-ડીઝલની તંગી મુદ્દે વિધાનસભામાં હોબાળો:વિપક્ષે તાત્કાલિક ચર્ચાની માગ કરતા ઉગ્ર વિવાદ, સંઘવીએ કહ્યું-પેટ્રોલ-ડીઝલનું નહીં આ UCCનું દુ:ખ છે



(એજન્સી) ગાંધીનગર | તા.24

બેઠકની શરૂઆત પ્રશ્નોત્તરી કાળથી થઈ હતી. પ્રશ્નકાળ બાદ કોંગ્રેસના અમિત ચાવડા દ્વારા રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની તંગીનો મુદ્દો ઉઠાવતા ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો. ચાવડાએ આ મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની માંગણી કરતા સભ્યો વચ્ચે ઉગ્ર વાદ-વિવાદ થયો.

ગુજરાત સમાન નાગરિક સંહિતા (UCC) બિલ અંગે નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત માટે આજે ઐતિહાસિક દિવસ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા (UCC) બિલ રજૂ કરવા જઈ રહ્યા છે, જે રાજ્યમાં સોનેરી દિવસ તરીકે યાદ રાખવામાં આવશે. દેશને આઝાદી મળ્યા પછી પણ વ્યક્તિગત કાયદાઓ સમાજ અને ધર્મના આધારે અલગ-અલગ રહ્યા હતા, જેના કારણે સૌથી વધુ નુકસાન બહેનો અને દીકરીઓને સહન કરવું પડ્યું હતું.

હવે UCC દ્વારા લગ્ન, વારસાગત અને અન્ય નાગરિક મુદ્દાઓમાં બધા માટે સમાન નિયમો લાગુ થશે. તેમણે ઉમેર્યું કે, મહિલાઓ આ દિવસની વર્ષોથી રાહ જોઈ રહી હતી અને આજે તેઓ મુખ્યમંત્રીને અભિનંદન પાઠવી રહી છે. UCC કોઈ એક ધર્મ માટે નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે સમાન ન્યાય આપતું કાયદારૂપ છે. વડાપ્રધાનના વિઝન મુજબ UCC અમલમાં મૂકનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય બનશે. સાથે જ સંઘવીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તમામ પક્ષોના ધારાસભ્યો પોતાના વિસ્તારની મહિલાઓના હિત અને અધિકારોને ધ્યાનમાં રાખીને આ બિલને સમર્થન આપશે.

18 માર્ચે કેબિનેટમાં ચર્ચાયેલા UCCના ડ્રાફ્ટમાં વ્યક્તિગત કાયદાઓને વધુ પારદર્શક અને સમાન બનાવવા મહત્વપૂર્ણ જોગવાઈઓ સામેલ કરવામાં આવી છે. નવી વ્યવસ્થામાં રાજ્યમાં થતા દરેક લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. જોકે, નોંધણી ન હોવા છતાં લગ્ન અમાન્ય ગણાશે નહીં, પરંતુ નોંધણી ન કરાવનારને રૂ.10-25 હજાર દંડનો સામનો કરવો પડી શકે છે. UCCના અમલ પહેલા થયેલા લગ્ન માટે પણ નોંધણીની ચોક્કસ પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. સમાન વારસા હકમાં બિન-વસીયતીના મૃત્યુના કિસ્સામાં મિલકતની વહેંચણી માતા-પિતા(એક હિસ્સો), પત્ની/પતિ, બાળકો વચ્ચે સરખા ભાગે થશે. જ્યારે વારસાઈમાં વસિયત કરી ના હોય તો સંપત્તિમાં માતા-પિતા, બાળકો, પત્ની દરેકને સમાન હિસ્સો રહેશે.

વિધાનસભામાં UCC મુદ્દે ગરમાગરમી વચ્ચે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે દલીલો જોવા મળી, જેમાં અર્જુન મોઢવાડીયાએ કોંગ્રેસ પર ચર્ચાથી ભાગવાના આક્ષેપ કર્યા અને સભ્યોને બહાર જવા સુધીની ટિપ્પણી કરી. બીજી તરફ, કોંગ્રેસના અમિત ચાવડાએ રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ માટે લાઈનો લાગતી હોવાનો મુદ્દો ઉઠાવી સરકાર પર અંધાધૂંધી ફેલાવાનો આરોપ મૂક્યો હતો. જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસ પર ખોટી માહિતી ફેલાવી લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે ગૃહમાં ભારે હોબાળો મચતા સત્ર તંગ બન્યું હતું.

ગુજરાત વિધાનસભામાં પ્રશ્નકાળ બાદ કોંગ્રેસના અમિત ચાવડા દ્વારા રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની તંગીનો મુદ્દો ઉઠાવતા ગૃહમાં ભારે હોબાળો મચ્યો હતો.અમિત ચાવડાએ આ મુદ્દા પર તાત્કાલિક ચર્ચાની માંગણી કરતા સભ્યો વચ્ચે ઉગ્ર વાદ-વિવાદ થયો. આ દરમિયાન અધ્યક્ષ શંકર ચૌધરી એ વિધાનસભાના નિયમોનો ઉલ્લેખ કરીને સ્પષ્ટતા કરી હતી કે આ મુદ્દે ચર્ચા આવતીકાલે લેવામાં આવશે.

### બગીચામાં ઈલેક્ટ્રિક ઓફિસની પાછળ બેસીને નશાનો કારોબાર કરતા હતા; છ પૈકી ત્રણની ધરપકડ

# એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે ગાંજાનું નેટવર્ક ઝડપ્યું : ત્રણની ધરપકડ

ગાંધીનગર | પાટનગરના સેક્ટર-24 વિસ્તારમાં આવેલા નગરપાલિકાના બગીચામાં ઈલેક્ટ્રિક ઓફિસની પાછળ બેસીને નશાનો કારોબાર કરતા શખ્સો પર એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ ત્રાટકી હતી. 133 ગ્રામ ગાંજા, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ 22,880ના મુદ્દામાલ સાથે છ પૈકી ત્રણ ઈસમોને ઝડપી લઇ નશાના કારોબારનો પર્દાફાશ કર્યો હતો.

સમગ્ર ઘટનાની વિગત મુજબ, ANTFને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, સ્થાનિક પોલીસની ગાઢ નિંદ્રામાં સેક્ટર-24માં બાપા સીતારામ આશ્રમની મઢુલી સામેના બગીચામાં કેટલાક ઈસમો ગાંજાની પડીકીઓનું વેચાણ અને સેવન કરી રહ્યા છે. બાતમીના આધારે ANTF ની ટીમ દ્વારા રાત્રિના સમયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કાફલાએ બગીચામાં ઈલેક્ટ્રિક રૂમની પાછળના ભાગને કોર્ડન કરી તપાસ કરતા ત્યાં ચાર ઈસમો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા.

પોલીસને જોતા જ આરોપીઓ પૈકી પ્રકાશ ઉર્ફે પકો બાબુજી રાણા અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો. જ્યારે મનીષ નરશીભાઈ વાઘેલા, રોનક ઉર્ફે અક્કો શંકરભાઈ રાવળ અને એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર હાથમાં આવી ગયા હતા. બાદમાં FSL અધિકારીને સ્થળ પર બોલાવી પકડાયેલા વનસ્પતિજન્ય પદાર્થનું પુથ્થકરણ કરાવતા ગાંજો હોવાનું સામે આવ્યું હતું.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે,આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, તેઓ વડનગરના પ્રકાશ સુરેશભાઈ ઠાકોર અને ભાવેશ રમેશભાઈ સોલંકી પાસેથી આ જથ્થો લાવીને છૂટક વેચાણ કરતા હતા. આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ વોન્ટેડ આરોપીઓની શોધખોળ ચાલુ છે. આરોપીઓ પાસેથી 133 ગ્રામ ગાંજો, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ 22,880નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો અગાઉ ગિફ્ટ સિટીના વૈભવી ફ્લેટમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે લાખો રૂપિયાના ગાંજાના જથ્થા સાથે એક યુવકની ધરપકડ કરતા ચકચાર મચી ગઇ હતી. એવામાં LCBએ પણ સેક્ટર 4માંથી થરાદના યુવકને ચરસના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો.

ત્યારે હવે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે પણ સેક્ટર 24માં ધમધમતા ગાંજાના કારોબારનો પર્દાફાશ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા છે. ટુંકા ગાળામાં SOG, LCB અને ANTF દ્વારા ટૂંકા ગાળામાં જ શહેરમાંથી ગાંજો અને ચરસનો જથ્થો ઝડપી પાડવામાં આવતા પાટનગરમાં ઊંડતા પંજાબની માફક માદક પદાર્થો છૂટથી વેચાતા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.






થોડા દિવસો અગાઉ ગિફ્ટ સિટીના વૈભવી ફ્લેટમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે લાખો રૂપિયાના ગાંજાના જથ્થા સાથે એક યુવકની ધરપકડ કરતા ચકચાર મચી ગઇ હતી. એવામાં LCBએ પણ સેક્ટર 4માંથી થરાદના યુવકને ચરસના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. ત્યારે હવે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે પણ સેક્ટર 24માં ધમધમતા ગાંજાના કારોબારનો પર્દાફાશ કરી ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા છે.
ટુંકા ગાળામાં SOG, LCB અને ANTF દ્વારા ટૂંકા ગાળામાં જ શહેરમાંથી ગાંજો અને ચરસનો જથ્થો ઝડપી પાડવામાં આવતા પાટનગરમાં ઊંડતા પંજાબની માફક માદક પદાર્થો છૂટથી વેચાતા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

# અમદાવાદમાં ઊંઘમાં જ યુવકની હત્યા કરાઇ...

### અજાણ્યા શખસે બહેનની સામે જ હથિયારના ઘા માર્યા, પથારી લોહીલુહાણ...



(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના વાસણા વિસ્તારમાં 25 વર્ષના યુવકની હત્યાનો બનાવ બન્યો છે. 23 માર્ચે યુવક સૂતો હતો, ત્યારે રાતના અઢી વાગ્યે અજાણ્યા શખસે તીક્ષ્ણ હથિયાર મારી હત્યા કરી છે. યુવકની બહેનની સામે હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ ઘટના અંગેની મળતી માહિતી મુજબ, વાસણા વિસ્તારમાં ભરવાડ વાસમાં 25 વર્ષીય હિતેશ મેઘવાલ પરિવાર સાથે રહે છે.

હિતેશ 23 માર્ચના રાતના સમયે ઘરની બહાર ખુલ્લામાં સૂતો હતો. હિતેશના બાજુના પલંગમાં તેની બહેન જ્યોતિ સૂતી હતી. 23 માર્ચની રાતના બે વાગ્યાની આસપાસ હિતેશ સૂતો હતો, ત્યારે અજાણ્યો વ્યક્તિ હિતેશને તીક્ષ્ણ હથિયાર વડે મારમારી રહ્યો હતો. હિતેશના અવાજથી જ્યોતિ જાગી ગઈ હતી, ત્યારે આરોપી જ્યોતિની સામે હિતેશને મારી રહ્યો હતો.

આ જોઈને જ્યોતિએ કહ્યું કે, કેમ મારા ભાઈને મારે છે? ત્યારે આરોપી ત્યાંથી નાસી ગયો હતો. જ્યોતિએ હિતેશને જોતા શરીરમાંથી ખૂબ લોહી નીકળી રહ્યું હતું, જેથી જ્યોતિએ બૂમો પાડતા આસપાસના લોકો અને પરિવારના સભ્યોને ભેગા થયા હતા. હિતેશને હોસ્પિટલ લઈ જવા 108ને ફોન કર્યો હતો અને 108ના ડોક્ટરે હિતેશ તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા વાસણા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે સમગ્ર મામલે હત્યાનો ગુનો નોધી તપાસ હાથ ધરી છે. વાસણા પોલીસ સ્ટેશનના પીઆઇ આર. એન. પટેલે જણાવ્યું હતું કે, બનાવ બાબતે ગુનો નોંધવામાં આવ્યો છે. પરિવારના નિવેદનના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

# નાણાકીય લેતીદેતીમાં ફાયરિંગ : ગાંધીનગરના હાર્દ સમાન ગ-2 સર્કલ પાસે જાહેરમાં ફાયરિંગ

(એજન્સી) ગાંધીનગર | તા.24

પાટનગર ગાંધીનગરમાં વ્યસ્ત ગણાતા ગ-2 સર્કલ પાસે જાહેરમાં બે રાઉન્ડ ફાયરિંગ થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક વિગતો મુજબ આ ઘટના પાછળ અંગત અદાવત અને ખાસ કરીને નાણાકીય લેતીદેતી કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. આ હિંસક અથડામણમાં એક વ્યક્તિને પેટના ભાગે ગોળી વાગતા તેને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સમગ્ર વિવાદ પૈસાની ઉઘરાણીને લઈને શરૂ થયો હતો. આ ઘટનામાં એક પત્રકારને ઈજાગ્રસ્ત વ્યક્તિ પાસેથી અમુક રકમ લેવાની નીકળતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ નાણાં વસૂલવા માટે પત્રકાર પોતાની સાથે ઉનાવા ગામના એક શખસને લઈને ગ-2 સર્કલ પાસે પહોંચ્યા હતા.

જ્યાં બંને પક્ષો વચ્ચે સામસામે શાબ્દિક બોલાચાલી થઈ હતી અને મામલો ઉગ્ર બન્યો હતો. ઉશ્કેરાટમાં આવીને પત્રકાર પક્ષ તરફથી રિવોલ્વર કે પિસ્તોલ જેવા હથિયાર વડે બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી એક ગોળી સામે પક્ષની વ્યક્તિના પેટમાં વાગી હતી, જેના કારણે તે લોહીલુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ જિલ્લા પોલીસ વડા , ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુના વાળી જગ્યાને કોર્ડન કરી પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી છે. ત્યારે પાટનગરના જાહેર માર્ગ પર દિવસે-દહાડે થયેલા આ ગોળીબારથી સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# પોલીસે જુગારના રંગમાં ભંગ પાડ્યો

### :ભાઈજીપુરા પાસે ધમધમતા જુગારધામનો પર્દાફાશ, પાંચ જુગારી 90 હજારની મત્તા સાથે ઝડપાયા

ગાંધીનગર | ગાંધીનગર ઈન્ફોસિટી પોલીસની સર્વેલન્સ ટીમે ચોક્કસ બાતમીના આધારે ભાઈજીપુરાથી પીડીપીયુ તરફ જતા માર્ગ પર આવેલા લવકુશ રેસીડેન્સી પાસેની ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગારધામ પર ત્રાટકી પાંચ જુગારીઓને 90 હજારથી વધુની મત્તા સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે આ દરોડા દરમ્યાન ત્રણ જુગારીઓ પોલીસને હાથતાળી આપીને અંધારાનો લાભ લઈ નાસી જવામાં સફળ રહ્યા છે.

ગાંધીનગરના ભાઈજીપુરાથી ગિફ્ટ સિટી સુધીના આઈકોનિક રોડ પર તાજેતરમાં જ પોલીસે બાઈકર્સ ગેંગ પર ઘોષ બોલાવી દઈ નબીરાઓને કાયદાના પાઠ ભણાવ્યા હતા. ત્યારે અત્રેનો વિસ્તાર એજ્યુકેશન હબ હોવાથી ઈન્ફોસિટી પીઆઈ વી. આર ખેરે સ્ટાફને સઘન પેટ્રોલિંગ હાથ ધરી દારુ જુગાર અને ખાસ કરીને નાર્કોટિક્સ પ્રવૃતિઓ પર નજર રાખવા સૂચનાઓ આપવામાં આવેલી છે. જે અન્વયે ઈન્ફોસિટી પોલીસ ચોકીના સ્ટાફને ખાનગી રાહે બાતમી મળી હતી કે લવ-કુશ રેસીડેન્સીની બાજુમાં આવેલા કાચા છાપરાઓની પાછળ કેટલાક શખસો એકત્રિત થઈને ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જ જુગારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી.

જોકે, પોલીસે ભાગવાનો પ્રયાસ કરી રહેલા શખ્સો પૈકી રાજકુમાર રામાભાઈ સલાટ, ટોપજીભાઈ જવાનજી સલાટ, ગુપ્તાજી જગરૂભાઈ સલાટ, મુલતાન જાદુજી મદારી અને સાયર નાગજીભાઈ મદારીને કોર્ડન કરીને પકડી પાડ્યા હતા.

# અમદાવાદમાં નાગરિકો AMC ઓફિસો ખાતે લગાવેલી મતદાર યાદીમાં પોતાનું નામ તપાસી શકશે

(એજન્સી) અમદાવાદ | તા.24

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજે 23 માર્ચના રોજ નવી મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. અમદાવાદમાં પણ નવી મતદાર યાદી જાહેર કરવામાં આવી છે ત્યારે નાગરિકો મતદાર યાદીમાં પોતાનું નામ જોઈ શકે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ તથા અલગ-અલગ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસો ખાતે મતદાર યાદીમાં પોતાનું નામ .

અમદાવાદ મહાનગરપાલિકાના ઈલે. વોર્ડ નં. 1થી 48ની વોર્ડવાર / ભાગવાર મૂળ મતદારયાદીઓ તૈયાર કરવામાં આવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મસ્ટર સ્ટેશન / સબ-ઝોનલ કચેરી / વોર્ડ ઓફિસ, ઝોનલ કચેરીઓ, મ્યુનિસિપલ કંટ્રોલરૂમ તથા મહાનગરપાલિકાના ઈલેક્શન વિભાગમાં વોર્ડ મુજબ જાહેર જનતાની જાણ માટે પ્રાથમિક પ્રસિધ્ધિ કરવામાં આવી છે. પ્રસિધ્ધ થયેલી મતદારયાદીમાં મતદારોએ પોતાનું નામ ચકાસી લેવા વિનંતી કરવામાં આવી છે.

# અમદાવાદ કોર્પોરેશનની ચૂંટણી માટે AAPના 52 ઉમેદવાર જાહેર કરાયા




(એજન્સી) અમદાવાદ | તા.24

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત થાય તે પેહલા જ આમ આદમી પાર્ટીએ ચૂંટણીને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટી દ્વારા પ્રદેશ સંગઠનના નેતાઓ સાથેની બેઠક બાદ ચૂંટણી જાહેર થાય તે પહેલા જ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. તમામ બેઠક પર ઉમેદવાર ઉતારવાની જાહેરાત બાદ આમ આદમી પાર્ટીએ 460થી વધુ ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર કર્યું છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા અને મહાનગરપાલિકાની બેઠકો પર ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. બાપ બેટાની રાજનીતિ વચ્ચે સામાન્ય લોકોને જ ટિકિટ આપી હોવાનો પ્રદેશ પ્રમુખે દાવો કર્યો છે.

અમદાવાદ મહાનગરપાલિકાની 48 વોર્ડની કુલ 192 પૈકી 52 બેઠક પર ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. તો ધોળકા નગરપાલિકાના 4 ઉમેદવાર તો અમદાવાદ જિલ્લા પંચાયતની 10 બેઠક અને અમદાવાદ તાલુકા પંચાયતની 9 બેઠક પર ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતું કે, સામાન્ય લોકો માટે આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. આમ આદમી પાર્ટીએ આમ જનતાને તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ઉમેદવારી માટે ટિકિટ આપી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે મને ગર્વ થાય છે, અમે સ્વપ્ન જોયું હતું કે બહુ થયું બાપ-બેટાની રાજનીતિ, હવે સામાન્ય લોકોની રાજનીતિની શરૂઆત કરી છે. આજે આમ આદમી પાર્ટીએ તાલુકા, જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું પહેલું લિસ્ટ જાહેર કર્યું છે. પ્રથમ લિસ્ટમાં 460થી વધુ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લિસ્ટ પ્રદેશ નેતૃત્વ, સ્ક્રીનિંગ કમિટી અને કેન્દ્રીય નેતૃત્વની સહમતિથી જાહેર કરવામાં આવ્યું છે.

વધુમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતુ કે, અત્યાર સુધી ભાજપના સાંસદ હોય તો તેમનો દીકરો ધારાસભ્ય બનવા માંગે, તેમનો દીકરો જિલ્લા પંચાયત અથવા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ટિકિટ મેળવે, આમ સામાન્ય કાર્યકર્તાને ક્યારેય તક મળતી નહોતી. અથવા તો કરોડપતિઓ હોય કે નેતાઓના દીકરાઓને જ તક મળતી હતી.

હવે ગુજરાતમાં ચૂંટણી લડવા માટે આમ આદમી પાર્ટી તકો આપી રહી છે. 460થી વધુ એવા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જે સામાજિક રીતે સક્રિય છે અને ખરેખર સામાન્ય લોકો છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...